Thursday 06, August 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૭૭ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

વાપી, નવસારી, વલસાડ, ઉમરગામ, બીલિમોરાથી અમદાવાદ સહિત

## મનપા - પાલિકા વિસ્તારોમાં ભરાયેલા પાણીના નિકાલ માટે ડ્રોન સર્વે કરાશે

### તાજેતરમાં રાજયમાં ભારે વરસાદ અને જળબંબાકાર બાદ ટાયર-૧ અને ટાયર-૨ ના તમામ મનપા-પાલિકા વિસ્તારોમાં બારીકાઈથી તપાસ કરાવાશે : જે વિસ્તારમાં પાણી જવાના માર્ગોમાં અવરોધ હશે તેવા દબાણ હટાવાશે

(અમારા પ્રતિનિધિ દ્વારા)

**અમદાવાદ, તા. ૦૫ :** રાજ્યમાં ચોમાસા દરમિયાન પડી રહેલા ભારે વરસાદને કારણે મહાનગરપાલિકા અને નગરપાલિકા કક્ષાના ટાયર-૧ અને ટાયર-૨ શહેરોમાં સર્જાતી પૂર જેવી સ્થિતિ અને પાણી ભરાવાની ગંભીર સમસ્યાના કાયમી નિરાકરણ માટે રાજ્ય સરકારે અત્યંત કડક અને દૂરગામી પગલાં લેવાનો નિર્ધાર કર્યો છે. સત્તાવાર સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર, આગામી સમયમાં સમગ્ર રાજ્યભરમાં હાઈટેક ડ્રોન ટેક્નોલોજીના માધ્યમથી વ્યાપક સર્વે હાથ ધરવામાં આવશે, જેથી કુદરતી પાણીના પ્રવાહને રોકતા દબાણોને ઓળખીને કડક કાર્યવાહી કરી શકાય.

ચોમાસાની ઋતુમાં શહેરી વિસ્તારોમાં પાણી ભરાવાની મુખ્ય સમસ્યા ભૂતકાળમાં અસ્તિત્વમાં રહેલા કુદરતી જળમાર્ગો પર થયેલા ગેરકાયદે બાંધકામો અને દબાણોને આભારી છે. રાજયના સત્તાવાર સૂત્રોના જણાવ્યા મુજબ, અગાઉ જે સ્થળોએ કાસ, ખાડી, વોકળા, નાના વહેણો અને તળાવો કુદરતી રીતે અસ્તિત્વમાં હતા, ત્યાં સમય જતાં મોટાપાયે બાંધકામો થઈ ગયા છે અથવા માર્ગો રૂંધાઈ ગયા છે. પરિણામે પાણીના નિકાલના તમામ રસ્તાઓ બંધ થઈ જતા શહેરોમાં પાણી ભરાવાની વિકટ પરિસ્થિતિ નિર્માણ પામે છે.

આ ગંભીર સમસ્યાને ડામવા માટે રાજ્ય સરકાર દ્વારા ટાયર-૧ અને ટાયર-૨ શહેરોમાં ખાસ ડ્રોન સર્વેની યોજના ઘડવામાં આવી છે. ડ્રોન સર્વેના માધ્યમથી તમામ ખાડી, કાંસ, નાની નદીઓ અને વોકળાના અસલ નકશા અને વર્તમાન સ્થિતિ વચ્ચેની વિસંગતતાઓ સ્પષ્ટપણે ચકાસવામાં આવશે. જે વિસ્તારોમાં પાણી જવાના માર્ગો અથવા વહેણને અવરોધતા ગેરકાયદે બાંધકામો કે દબાણો કરવામાં આવ્યા છે, તેની ચોક્કસ માહિતી મેળવીને ત્વરિત અને સઘન ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

તંત્ર દ્વારા આ પ્રક્રિયા દરમિયાન એ વાતની પણ વિશેષ તકેદારી રાખવામાં આવશે કે પાણીનો પ્રવાહ અવિરત અને અવરોધમુક્ત રીતે ચાલુ રહે. આ અભિયાન અંતર્ગત જે વિસ્તારોમાંથી ગેરકાયદે દબાણો હટાવવામાં આવશે અને જો ત્યાં કોઈ અસરગ્રસ્તો કે ગરીબ પરિવારો હશે, તો તેમને પુનર્વસન માટે વૈકલ્પિક જગ્યા કે વ્યવસ્થા પૂરી પાડવાની દિશામાં પણ સત્તાવાળાઓ દ્વારા વિચારણા કરવામાં આવી રહી છે, જેથી માનવતાવાદી અભિગમ જળવાઈ રહે અને વિકાસની સાથે કાયદો પણ સચવાય.

આ સમગ્ર સર્વે અને દબાણ હટાવવાની કામગીરી પૂર્ણ થયા બાદ રાજ્યના શહેરોમાં વરસાદી પાણીના નિકાલની ક્ષમતામાં મોટો સુધારો થશે અને નાગરિકોને વારંવાર પાણી ભરાવાની સમસ્યામાંથી કાયમી મુક્તિ મળશે તેવી અપેક્ષા છે.



## પારડી હાઈવે પર ચાલતી સ્કોર્પિયોમાં આગ

અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પર પારડીની પારનદી નજીક એક ચાલુ સ્કોર્પિયો કારમાં અચાનક આગ ફાટી નીકળી હતી. આગ લાગતા જ કાર ચાલકે સમયસૂચકતા વાપરી કાર ઉભી રાખી દીધી હતી અને બહાર નીકળી ગયો હતો, જેના કારણે તેનો આબાદ બચાવ થયો હતો. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી. હાઈવે પર કાર સળગવાની ઘટનાને પગલે થોડો સમય ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. ઘટનાની જાણ થતા જ વલસાડ નગર પાલિકાની ફાયર ફાઈટરની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને આગ પર કાબુ મેળવ્યો હતો.

## ચીંચવાડા પંચાયત બિલ્ડરના શરણે!

### ગૌચરણની જમીનમાં ૪૦ ફૂટનો રસ્તો પહોળો કરી દીધા પછી કાર્યવાહી કરવાની જગ્યાએ વીજપોલ પર નોટીસો ચોંટાડી ઈતિ સિદ્ધમ કરી દેવાયું?



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૫ :** વલસાડ તાલુકાના પારનેરા પારડી-ચીંચવાડા જૂથ ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલ ગૌચરણની જમીન માંથી દોઢ મહિના અગાઉ જેસીબી અને ડમ્પર જેવા ભારે વાહનો વડે માટીનું ખોદકામ કરી રસ્તો બનાવવાની કામગીરી કરવામાં આવી હતી. જોકે પોલીસ ફરિયાદ કે વાહનો કરવાને બદલે માત્ર પંચાયત વીજ થાંભલા પર નોટિસ ચોંટાડી સંતોષ માન્યો હતો વલસાડ તાલુકાના પારનેરા પારડી-ચીંચવાડા જૂથ ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલ ગૌચરણની જમીન પર બિલ્ડર શાહમૃગ નીતિ અપનાવી ગેરકાયદેસર કબ્જો જમાવી રહ્યા હોવાનો સનસનાટીભર્યો મામલો પ્રકાશમાં આવ્યો છે. પારનેરા પારડી ચીંચવાડા ગામના સર્વે નંબર ૩૧૦ અને ૩૧૧ વાળી ગૌચરણ હેડ હેઠળ ચાલતી કુલ ક્ષેત્રફળ ૦૧-૬૯-૦૭ જમીનમાંથી એક ખાનગી બિલ્ડરને આર્થિક ફાયદો કરાવવા માટે ૪૦ ફૂટ જેટલો વિશાળ રસ્તો ગેરકાયદેસર રીતે ખોદકામ કરીને પહોળો કરી દેવામાં આવ્યો છે. આ ગૌચરણની જમીનમાંથી આશરે દોઢ મહિના અગાઉ જેસીબી અને ડમ્પર જેવા ભારે વાહનો વડે માટીનું ખોદકામ કરી રસ્તો બનાવવાની કામગીરી કરવામાં આવી હતી. ગ્રામજનો દ્વારા આ અંગે સરપંચને મૌખિક રજૂઆત કરાતા સ્થળ તપાસ દરમિયાન આ ગેરકાયદે કામગીરી સામે આવી હતી. પંચાયત દ્વારા તારીખ ૦૪/૦૭/૨૦૨૬ અને ૧૫/૦૭/૨૦૨૬ ના રોજ નોટિસ આપી ખુલાસો મંગાયો હતો, પરંતુ કોઈ આધાર-પુરાવા રજૂ ન કરાતા અંતે તા. ૨૦/૦૭/૨૦૨૬ ના રોજ અંતિમ જાહેર નોટિસ આપવામાં આવી હતી. પંચાયત દ્વારા ત્રણ-ત્રણ વાર નોટિસ આપવા છતાં અને ગૌચરણમાં ખુલ્લેઆમ જેસીબી-ડમ્પર ફેરવી જમીન છીનવવાનો પ્રયાસ થયો હોવા છતાં, પંચાયતે કામગીરી કરનાર ઈસમ, તેના જેસીબી કે ડમ્પરના માલિક સામે કોઈ જ પોલીસ ફરિયાદ નોંધાવી નથી. તેના બદલે માત્ર સુમસાન જગ્યાએ આવેલા વીજ થાંભલા પર નોટિસ ચોંટાડીને પંચાયત પોતાની જવાબદારીમાંથી છટકવાનો પ્રયાસ કરતી હોય તેમ જણાઈ રહ્યું છે. ગૌચરણની જમીનની આખરી માલિકી વલસાડ જિલ્લા કલેક્ટર હસ્તક આવતી હોય છે. આ ત્રીજી અને અંતિમ નોટિસની મુદત પૂર્ણ થતાં તલાટી દ્વારા વલસાડ તાલુકા વિકાસ અધિકારી ને અહેવાલ સોંપવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે વલસાડ જિલ્લા કલેક્ટર અને તંત્ર ગૌચરણની જમીન પર અતિક્રમણ કરનાર બિલ્ડર સામે કડક કાયદાકીય કાર્યવાહી કરીને દાખલો બેસાડશે, કે પછી ગ્રામ્ય વિસ્તારોમાં બિલ્ડરો પોતાની મરજી મુજબ ગૌચરણ, વન વિભાગ અને સરકારી ખરાબાની જમીનો પચાવી પાડતા રહેશે. હાલ માં સમગ્ર વલસાડ પંથકમાં ચર્ચાનો વિષય બન્યો છે.

## નાનાપોંઢામાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીની તૈયારી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ, તા.૦૫** આગામી ૯મી ઓગસ્ટ ૨૦૨૬ના વિશ્વ આદિવાસી દિવસની ભવ્ય અને ગૌરવપૂર્ણ ઉજવણીને સફળ બનાવવા માટે સમસ્ત આદિવાસી સમાજ દ્વારા આયોજન બેઠક કપરાડા ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. બેઠકમાં ઉજવણીના આયોજન, માર્ગદર્શન તેમજ વિવિધ જવાબદારીઓના વિભાજન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

આ પ્રસંગે ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે નાનાપોઢામાં બિરસા મુંડાની પ્રતિમાની પૂજા અર્ચના સાથે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવે છે. ઉમરગામથી અંબાજી સુધી એક કરોડથી વધુ આદિવાસી વસતિ ધરાવતા આ વિસ્તાર માટે વિશ્વ આદિવાસી દિવસ એકતા અને ગૌરવનું પ્રતીક છે. દિનેશભાઈ ખાંડવીએ વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીના ઈતિહાસ, મહત્વ તથા કાર્યક્રમોની રૂપરેખા અંગે માહિતી આપી હતી.

આ આયોજન બેઠકમાં નાનાપોઢા અને કપરાડા તાલુકાના અનેક રાજકીય અને સામાજીક આદિવાસી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં અને કિંમતી સૂચનો અને સહભાગિતાથી વિશ્વ આદિવાસી દિવસ-૨૦૨૬ની ભવ્ય અને સફળ ઉજવણી માટે સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

## ફણસામાં બ્લેકટ્રેપ ખનન પ્રોજેક્ટની સુનાવણી બાદ સુચનો સરકારને મોકલાશે





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૫ :** ફણસા ગામ ખાતે પ્રસ્તાવિત બ્લેક ટ્રેપ ખનન પ્રોજેક્ટ અંગે આજે જાહેર સુનાવણી યોજાઈ હતી. સુનાવણીમાં સ્થાનિક ધારાસભ્ય, ગ્રામજનો, વિવિધ ગામોના આગેવાનો, સામાજિક કાર્યકરો તેમજ મોટી સંખ્યામાં નાગરિકોએ હાજરી આપી હતી. જાહેર સુનાવણી દરમિયાન લોકો દ્વારા ખનન પ્રોજેક્ટને લઈને અનેક પ્રશ્નો અને ચિંતાઓ રજૂ કરવામાં આવી હતી.સુનાવણીમાં ઉપસ્થિત ગ્રામજનોએ મુખ્યત્વે પ્રદૂષણમાં વધારો, ખાણકામ માટે ભારે વાહનોની અવરજવરથી ગામના રસ્તાઓને થનાર નુકસાન, ભૂગર્ભ જળનું સ્તર નીચે જવાની સંભાવના, ખેતી અને પર્યાવરણ પર થનારી અસર, ધૂળની સમસ્યા, અવાજ પ્રદૂષણ તેમજ સ્થાનિક લોકોના આરોગ્ય અને જીવન પર પડનારી અસરો જેવા મુદ્દાઓ ઉઠાવ્યા હતા. ગ્રામજનોએ જણાવ્યું હતું કે વિકાસની સાથે પર્યાવરણ અને લોકોના હિતનું પણ સમાન રીતે રક્ષણ થવું જોઈએ.

સુનાવણી દરમિયાન સંબંધિત કંપનીના પ્રતિનિધિઓએ લોકો દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નોના જવાબ રજૂ કર્યા હતા અને પ્રોજેક્ટ અંતર્ગત પર્યાવરણના નિયમોનું પાલન, પ્રદૂષણ નિયંત્રણ તથા જરૂરી સુરક્ષા પગલાં લેવામાં આવશે તેવી ખાતરી આપી હતી. અધિકારીઓએ સ્પષ્ટ કર્યું હતું કે જાહેર સુનાવણી દરમિયાન રજૂ થયેલા તમામ વાંધા, સૂચનો અને પ્રશ્નોની સત્તાવાર નોંધ (મિનિટ્સ) તૈયાર કરવામાં આવશે. આ નોંધ સાથે કંપનીના જવાબો અને સમગ્ર કાર્યવાહીનો વિગતવાર અહેવાલ રાજય સરકાર અને સંબંધિત વિભાગને મોકલવામાં આવશે.

અધિકારીઓના જણાવ્યા મુજબ સરકાર જાહેર સુનાવણીનો સંપૂર્ણ અહેવાલ, લોકોના વાંધા-સૂચનો, કંપની દ્વારા આપવામાં આવેલા જવાબો તેમજ સંબંધિત વિભાગોના અભિપ્રાયોનો અભ્યાસ કર્યા બાદ જ બ્લેક ટ્રેપ ખનન પ્રોજેક્ટ અંગે અંતિમ નિર્ણય અને મંજૂરી આપશે. જાહેર સુનાવણી દરમિયાન સમગ્ર કાર્યવાહી શાંતિપૂર્ણ વાતાવરણમાં પૂર્ણ થઈ હતી અને મોટી સંખ્યામાં ઉપસ્થિત લોકોએ પોતાના અભિપ્રાયો ખુલ્લેઆમ રજૂ કરીને પર્યાવરણ અને સ્થાનિક હિતોને પ્રાથમિકતા આપવા માંગણી કરી હતી.

## ધરમપુરમાં ખેર ચોરીની તપાસ કરતા અધિકારીને કચડી મારવાનો પ્રયાસ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૦૫ :** ધરમપુર તાલુકાના હનમતમાળ રેન્જમાં ખેરના ઝાડ કાપવાના ગુનાની તપાસ દરમિયાન આરોપીએ મહિલા ફોરેસ્ટર પર કાર ચઢાવી દેવાનો પ્રયાસ કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદ મુજબ, હનમતમાળ રેન્જમાં ફરજ બજાવતા રાઉન્ડ ફોરેસ્ટર રેણુકાબેન કાળુભાઈ ભોયાએ મામાભાચા ગામે સરકારી જંગલમાંથી ખેરના ઝાડ કાપવાના ગુનાની તપાસ દરમિયાન દિલીપભાઈ બેંડુભાઈ રાવણ વિરુદ્ધ ભારતીય વન અધિનિયમ હેઠળ ગુનો નોંધ્યો હતો. આ ગુનાની અદાવત રાખી આરોપી તા. ૪ ઓગસ્ટની રાત્રે ફોરેસ્ટ ઓફિસના કેમ્પસમાં આવ્યો હતો. આરોપીએ રેણુકાબેન તથા તેમની સાથે હાજર ફોરેસ્ટર લતાબેન આહીર તરફ પોતાની મારુતિ બ્રેઝા (નં. GJ-15-CQ-2676) પૂરઝડપે હંકારી બંનેને કચડી નાખવાનો પ્રયાસ કર્યો હોવા અંગે કરાયેલ ફરિયાદમાં ઉલ્લેખ સાથે બંને સમયસર ગેટના પિલર પાસે ખસી જતા બચી ગયા હતા. ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે આરોપીએ ગાળાગાળી કરી, અહીં નોકરી કેવી રીતે કરશો તે જોઈ લઈશ, ઉડાવી દઈશ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઘટનાની જાણ થતા અન્ય ફોરેસ્ટ કર્મચારીઓ તથા આર.એફ.ઓ. પણ સ્થળે દોડી આવ્યા હતા.

૧૧૨ પર પોલીસને જાણ કરવામાં આવી હતી, પરંતુ પોલીસ પહોંચે તે પહેલાં આરોપી કાર લઈને ફરાર થઈ ગયો હતો. ધરમપુર પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## વાપીમાં શાકભાજીના ભાવો આસમાને

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૫ :** વાપીના હોલસેલ વાઈબ્રન્ટ શાકભાજી માર્કેટ, સરદાર વેજીટેબલ માર્કેટ તેમજ વાપી ટાઉન બજારમાં છેલ્લા કેટલાક દિવસોથી શાકભાજીના ભાવમાં ત્રણથી ચાર ગણો વધારો નોંધાતા ગૃહિણીઓનું માસિક બજેટ ખોરવાઈ ગયું છે. દક્ષિણ ગુજરાત,મહારાષ્ટ્ર, અને વલસાડ જિલ્લો તથા વાપી પંથકમાં ભારે વરસાદને કારણે શાકભાજીના પાકને વ્યાપક નુકસાન પહોંચ્યું છે. સાથે જ મહારાષ્ટ્ર અને ગુજરાતના વિવિધ વિસ્તારોમાંથી વાપીમાં આવતી શાકભાજીની આવકમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે. આ પરિસ્થિતિના કારણે વાપીના નેશનલ હાઈવે નં. ૪૮ પર આવેલા વાઈબ્રન્ટ શાકભાજી માર્કેટ, સરદાર વેજીટેબલ માર્કેટ તેમજ વાપી ટાઉન બજારમાં અનેક પ્રકારના શાકભાજીની અછત સર્જાઈ છે. પરિણામે ટામેટા, લીલા શાક, કોથમીર, ભીંડા, રીંગણ, કારેલા સહિત અનેક શાકભાજીના ભાવમાં અચાનક ઉછાળો આવ્યો છે.

ભાવવધારાની સીધી અસર સામાન્ય અને મધ્યમવર્ગીય પરિવારો પર જોવા મળી રહી છે. રોજિંદા ઉપયોગમાં આવતા શાકભાજીના વધેલા ભાવને કારણે ગૃહિણીઓને ઘરખર્ચનું આયોજન કરવામાં મુશ્કેલી પડી રહી છે.

વાપી વાઈબ્રન્ટ શાકભાજી માર્કેટના પ્રમુખ મુકેશ તિવારીના જણાવ્યા મુજબ વરસાદની સ્થિતિ સામાન્ય બનશે જોકે આ અંગે કેટલાક વેપારીઓના જણાવ્યા મુજબ દર વર્ષે વરસાદની સિઝનમાં ભારે વરસાદ તેમજ ખરાબ રસ્તા અને ટ્રાન્સપોર્ટિંગના અભાવે શાકભાજીના ભાવો વધતા હોવાનું જણાવ્યું છે.

ગુજરાત હાઈકોર્ટના પરિપત્ર સામે

## આજે પણ જિલ્લામાં વકીલો કોર્ટ કાર્યવાહીથી અળગા રહેશે




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, પારડી, વલસાડ, તા. ૦૫ :** ગુજરાત હાઈકોર્ટના નવા પરિપત્ર સામે વલસાડ, પારડી, વાપી, ઉમરગામ જેવા સ્થળોએ બાર એસોસિએશનોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું અને વકીલોએ એક દિવસ કોર્ટના કામકાજથી અળગા રહી નોંધાવ્યો રોષ ઠાલવી જો ગુજરાત હાઈકોર્ટ આ પરિપત્ર પરત નહીં ખેંચે તો આગામી દિવસોમાં ગાંધી ચિંધ્યા માર્ગે વધુ ઉગ્ર વિરોધ કાર્યક્રમો હાથ ધરવામાં આવશે અને જરૂર પડે તો અનિશ્ચિત મુદત સુધી કોર્ટના કામકાજથી અળગા રહેવાનો નિર્ણય પણ લેવામાં આવશે એવી ચીમકી ઉચ્ચારી હતી. ગુજરાત હાઈકોર્ટ દ્વારા કોર્ટમાં રજૂ થતાં દસ્તાવેજોના ફોન્ટ, પેપર સાઈઝ સહિતની નવી માર્ગદર્શિકા અમલમાં મૂકતા સમગ્ર રાજ્યના વકીલોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. આ મુદ્દે પારડી બાર એસોસિએશનની વિશેષ બેઠક મળી હતી, જેમાં સર્વાનુમતે ઠરાવો પસાર કરી હાઈકોર્ટના પરિપત્રનો સખત વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. હવે આજે પણ સમગ્ર રાજયમાં એડવોકેટો ગુજરાત હાઈકોર્ટના નવા પરિપત્રના વિરોધમાં પોતાનું પ્રદર્શન જારી રાખી કોર્ટના કામકાજની અળગા રહેશેનું જાણાવ મળી રહ્યું છે.

વલસાડથી પ્રાપ્ત માહિતી પ્રમાણે વલસાડમાં પણ વલસાડ વકીલ મંડળના પ્રમુખ અમિતકુમાર ગુપ્તાની આગેવાનીમાં ૩ જેટલા વલસાડ વકીલ મંડળો દ્વારા ગુજરાત હાઈકોર્ટના નવા પરિપત્ર સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું.

વકીલ મંડળની રજૂઆત છે કે વલસાડ જેવા જિલ્લાની ટ્રાયલ કોર્ટમાં ઘણીવાર એવી પરિસ્થિતિ ઊભી થાય છે જ્યાં તાત્કાલિક હાજરી માફીની અરજી કે સ્ટે અરજી હાથે લખીને આપવી પડે છે. જો આ બધી જ અરજીઓ ફરજિયાત ટાઈપ કરાવવા જઈએ તો કોર્ટનો બહુમૂલ્ય સમય બગડે છે, વકીલોને હાલાકી પડે છે અને અસીલોને આર્થિક ભારણ પણ સહન કરવું પડે છે.

વાપીમાં પણ બાર એસોસિએશન દ્વારા ઠરાવ પસાર કરી વાપી સિવિલ કોર્ટ પરિસરમાં પ્રેક્ટિસ કરતા વકીલોએ કોર્ટના કામકાજથી અળગા રહી વિરોધ નોંધાવ્યો હતો. વાપી બાર એસોસિએશનના પ્રમુખ સતીશભાઈ પટેલ, ઉપપ્રમુખ સચિનભાઈ કક્કડ, સેક્રેટરી અલ્પેશ પટેલ, જોઈન્ટ સેક્રેટરી મેહુલભાઈ દવે સહિત સભ્યોની બેઠક મળી હતી. બેઠકમાં સર્વાનુમતે ઠરાવ પસાર કરી ગુજરાત હાઈકોર્ટના નોટિફિકેશનનો સખત વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો. અને ઠરાવ કરી જણાવાયું હતું કે આ નિયમો સમગ્ર ગુજરાતના વકીલો તેમજ અસીલોના હિતમાં નથી પારડીમાં યોજાયેલા આ પ્રદર્શનમાં વકીલ મંડળના પ્રમુખ ભરતભાઈ પટેલ, સેક્રેટરી હિતેશભાઈ પટેલ સાથે પારડીના વકીલ ભાઈ-બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને પસાર કરાયેલા ઠરાવોની નકલો પારડીના ત્રણેય ન્યાયાધીશો તેમજ વલસાડ જિલ્લાના જિલ્લા અને સેશન્સ જજને મોકલવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. પારડી બાર એસોસિએશને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના હોદ્દેદારોને પણ વકીલોની લાગણીને ગુજરાત હાઈકોર્ટ સમક્ષ યોગ્ય રજૂઆત કરી વહેલી તકે વ્યવહારુ ઉકેલ લાવવાની અપીલ કરી છે.






Thursday 06, August 2026

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES


## બીલીમોરાના કિન્નર સમાજે ઉંડાચના પૂરપીડિતોને રાશન કિટો વહેંચી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૦૫ :** ગણદેવી તાલુકામાં ગત સપ્તાહે પડેલા અતિભારે વરસાદને કારણે સદીનું સૌથી ભયાવહ અને વિનાશક પૂર આવ્યું હતું. પૂરના લીધે જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું હતું, ઘરોમાં પાણી ભરાઈ જવાને કારણે અનેક પરિવારો બેઘર બન્યા હતા અને ખાવા-પીવાની ચીજવસ્તુઓની ભારે અછત સર્જાઈ હતી. આવી કુદરતી આપદા અને મુશ્કેલીની ઘડીમાં બીલીમોરા વિસ્તારના મૌસી (કિન્નર) સમાજે આગળ આવીને માનવતાની મિસાલ કાયમ કરી છે.

પૂર પીડિત પરિવારોની આંતરડી ઠારવા માટે ગુરુજી સુમન કુંવરના આશીર્વાદ સાથે વૈશાલી કુંવર (વિશુ માસી) તથા તેમના સાથીઓએ માનવીય અનુકંપા દાખવી હતી. પૂર બાદની સ્થિતિને ધ્યાનમાં રાખીને ઉંડાચ ગામે મદદનો હાથ લંબાવ્યો હતો. બીલીમોરાના મૌસીઓ દ્વારા ઉંડાચ ગામના રાઘવ ફળીયા અને વાસણીયા ફળીયાના પૂરપીડિત પરિવારોને ૭૦ જેટલી રાશન કિટોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

જેમાં લોટ, ચોખા, દાળ, તેલ, સાબુ અને વિવિધ મસાલા જેવી દૈનિક વપરાશની અત્યંત આવશ્યક ચીજવસ્તુઓ પૂરી પાડવામાં આવી હતી.જે સમયે લોકો કુદરતી હોનારતથી હબકી ગયા હતા, તેવા સમયે મૌસી (કિન્નર) સમાજે સામે ચાલીને પીડિતોના આંસુ લૂછવાનું અને તેમના મુખ પર સ્મિત લાવવાનું ઉમદા કાર્ય કર્યું છે. ઉંડાચ ગામના રાઘવ ફળીયા અને વાસણીયા ફળીયાના રહીશોએ આ માનવીય સહાય બદલ વૈશાલી કુંવર (વિશુ માસી) અને સમગ્ર કિન્નર સમાજનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. સમાજમાં જ્યારે પણ આવી સ્થિતિ સર્જાય છે ત્યારે મૌસી સમાજનો આ પ્રેમ અને કરુણાસભર અભિગમ ખરેખર વંદનીય અને પ્રેરણાદાયી છે.

### સુરત શ્રી સહસફણા પાર્શ્વનાથ પબ્લિક ટ્રસ્ટના સહયોગથી

## વાંસદામાં પૂરગ્રસ્તોને રાહત કીટનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા. ૦૫ :** તાજેતરમાં દક્ષિણ ગુજરાતમાં પડેલા ભારે વરસાદને કારણે વાંસદા સહિત ભીલાડ, નવસારી, સોનગઢ અને આસપાસના વિસ્તારોમાં પૂર જેવી ગંભીર પરિસ્થિતિ સર્જાઈ હતી. પાણીના પ્રચંડ પ્રવાહમાં અનેક પરિવારોની ઘરવખરી, કપડાં, અનાજ સહિતની જીવનજરૂરી ચીજવસ્તુઓ તણાઈ ગઈ હતી તેમજ પશુધનને પણ ભારે નુકસાન પહોંચ્યું હતું.

આ માનવતાભરી પરિસ્થિતિને ધ્યાનમાં રાખી સુરત શ્રી સહસફણા પાર્શ્વનાથ પબ્લિક ટ્રસ્ટ – શ્રી મહાવીર અન્નક્ષેત્ર દ્વારા વાંસદા તાલુકાના પૂરગ્રસ્ત પરિવારો માટે ભોજનની વ્યવસ્થા, અનાજ કીટ તથા કપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યમાં જાયન્ટ ગ્રુપ ઓફ ચોપાટી, મુંબઈ તેમજ સુરતના અનેક શ્રેષ્ઠીજનોનો પણ મહત્વપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો.

રાહત વિતરણ કાર્યક્રમ દરમિયાન વાંસદા તાલુકા પંચાયતના પ્રમુખ કૌશિકભાઈ પટેલ, ઉપપ્રમુખ અજયભાઈ ગામીત, નવસારી જિલ્લા યુવા મોરચાના ઉપપ્રમુખ કમલભાઈ સોલંકી, યુવા મોરચાના પ્રમુખ કિરણભાઈ પટેલ, ભાજપના સક્રિય કાર્યકર દિલીપભાઈ તેમજ ટ્રસ્ટના હોદ્દેદારો અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલા આ સેવાકીય કાર્યને સ્થાનિક લોકોએ હૃદયપૂર્વક આવકારી ટ્રસ્ટ તથા સહયોગી દાતાશ્રીઓ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો.

## જલાલપોરના પૂરગ્રસ્ત ગામોની કલેકટરે મુલાકાત લીધી

### શાળા, આંગણવાડી, આરોગ્ય કેન્દ્ર અને સાયકલોન શેલ્ટરની મુલાકાત લઈ વિકાસકાર્યોની સમીક્ષા કરી






(દમણગંગા ટાઈમ્સ)

**નવસારી, તા. ૦૫ :** નવસારી જિલ્લા કલેક્ટર શ્રી મનીષ ગુરવાનીએ જલાલપોર તાલુકાના કનેરા અને કૃષ્ણપુર ગામની આકસ્મિક મુલાકાત લઈ વિવિધ સરકારી સેવાઓ અને વિકાસલક્ષી કામગીરીની સ્થળ પર સમીક્ષા કરી હતી. મુલાકાત દરમિયાન તેમણે ગ્રામ પંચાયત, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, આંગણવાડી કેન્દ્ર તેમજ -ાથમિક શાળાની મુલાકાત લઈ જરૂરી માહિતી મેળવી સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી.

જલાલપોર તાલુકાના કનેરા ગામની પ્રાથમિક શાળા જર્જરિત હાલતમાં હોય વિદ્યાર્થીઓ હાલમાં વાડી પ્રાથમિક શાળામાં અભ્યાસ માટે જાય છે. આ અંગે જિલ્લા કલેક્ટરશ્રીએ નવી શાળાની દરખાસ્તની હાલની સ્થિતિ અંગે સસંબંધિત અધિકારી પાસેથી માહિતી મેળવી અને પ્રક્રિયા ઝડપથી આગળ વધે તે માટે જરૂરી સૂચનો આપ્યા હતા.

આંગણવાડી કેન્દ્રની મુલાકાત દરમિયાન કલેક્ટરશ્રીએ કુપોષિત બાળકો અંગે વિગતવાર માહિતી મેળવી હતી. બાળકોને આપવામાં આવતા પોષણયુક્ત આહાર, આરોગ્ય સેવાઓ તેમજ તેમની વિવિધ જરૂરિયાતો અંગે આંગણવાડી કાર્યકર પાસેથી માહિતી મેળવી બાળકોના સર્વાંગી વિકાસ માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

મુલાકાત દરમિયાન કનેરા ગામમાં વીજ કરંટ લાગવાથી એક વ્યક્તિના થયેલા દુ:ખદ અવસાનની માહિતી મળતાં જિલ્લા કલેક્ટરએ તાત્કાલિક પીડિત પરિવારને મળવાપાત્ર સહાય અંગે વિગતો મેળવી હતી. તેમણે વીજ વિભાગના અધિકારી સાથે ટેલિફોનિક વાતચીત કરી સહાયની કાર્યવાહી અંગે માહિતી મેળવી હતી.

વીજ વિભાગ દ્વારા આગામી બે દિવસમાં સહાયની રકમ ચૂકવવામાં આવશે તેવી ખાતરી આપવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન જલાલપોરના મામલતદાર મૃણાલ ઈસરાની, ગામના સરપંચશ્રી, વિવિધ વિભાગોના અધિકારીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ખેરગામમાં સીસીટીવી કેમેરા કાર્યરત થયા

(દમણગંગ ટાઈમ્સ )

**ખેરગામ, તા. ૦૫ :** ખેરગામ તાલુકા મથકેથી બે રાજ્ય ધોરી માર્ગ- ૭૦૧ વલસાડ ખેરગામ પીપલખેડ અને ચીખલી ખેરગામ ધરમપુર ૧૮૧ ક્રમાંકિત પસાર થાય છે જેમાં ચીખલી પાણીખડક ખેરગામ ધરમપુર વચ્ચે સતત આંતરરાજ્ય વાહન વ્યવહાર ચોવીસે કલાક ધમધમે છે. જેથી વાહનોના અકસ્માત કે ગેરકાયદેસર પ્રવૃત્તિવાળા વાહનો ને પકડવા માટે ત્રણ સ્થળે ક્લોઝ સર્કિટ ટીવી કેમેરા ખેરગામ પોલીસ સ્ટેશન દ્વારા લગાવવામાં આવ્યા છે.



વલસાડથી ખેરગામ આવતા મોરલી હોટલ પાસે,ગામની હદ શરૂ થાય તે પછી લગાવવામાં આવ્યા છે. બીજા પેલાડી ભૈરવીમા અને ત્રીજા ખેરગામ પોસ્ટ ઓફિસની સામે બે- બે કેમેરા બેસાડવામાં આવ્યા છે. જેમાં એક કેમેરો ખૂબ જ મોંઘો અને વાહનોના નંબર પ્લેટ-ચાલકને પણ ઓળખી શકાય તે રીતે હાઈ ડેફિનેશનવાળો- છબી ઝડપે છે. બીજો કેમેરો થોડો સસ્તો છે પરંતુ તે પણ ગુના ઉકેલવામાં સહાયભૂત થાય તેવા છે. હાલ આ કેમેરામાં જે કંઈ રેર્કોડિંગ થાય તે એક માસ સુધી સાચવી શકાય તેવું છે અને તેના માટેનું યુનિટ પણ બેસાડ્યું છે જે ખેરગામ પોલીસ દ્વારા દેખભાળ હેઠળ રહેશે. બાદમાં ખેરગામ પોલીસ સ્ટેશન સાથે સીધું જોડાણ થતાં પો. સ્ટેશનમાં બેઠાં બેઠાં ત્રણે પોઈન્ટ રસ્તાની હલચલ નિહાળી શકાશે. જેથી વાહન ચાલકો વાહન વ્યવહારના નીતિ નિયમોનું સઘન ચુસ્ત પાલન કરે તે દરેક ચાલકો માટે જરૂરી છે. નવસારી જિલ્લા પોલીસ વડા દ્વારા સમગ્ર નવસારી જિલ્લાના તાલુકા મથકે મહત્વના ગામ શહેરમાં સીસીટીવી કેમેરા લગાવ્યા બાદ છેલ્લે ખેરગામમા લગાવવામાં આવ્યા છે.




ગડતમા અંબિકા નદીના કિનારે, પુલ પાસે, વન વિભાગના અધિકારીઓ અંકિતાબેન અને કિશોરભાઈએ મહામહેનતે જાપાનીશ પધ્ધતિથી એક હેક્ટર જમીનમા ૯૩ પ્રકારના હજારો છોડો, વૃક્ષો ઉછેર્યા હતાં. એનાથી અંબિકા નદીનો કિનારો હરિયાળો બની પક્ષીઓના કલરવથી ગુંજતો થયો હતો. સાથે આ નજારો માણવા માટે બનેલી વનચેતનાકુટિર પાસે બાળકોનું ક્રિડાગણ પણ બન્યું હતું પરંતુ તાજેતરમાં અંબિકા નદીમાં આવેલી વિનાશક રેલમાં આ બધુ એક જ ઝાટકે ધવાઈ ગયું કે ભોયભેગું થઈ ગયું છે.

## નવસારી જિલ્લામાં પૂરગ્રસ્ત વેપારીઓ અને એકમો માટે સહાય યોજના શરુ

### નવસારી જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના માર્ગદર્શન હેઠળ વિવિધ સ્તરે સહાય સમિતિઓ અને અપીલ સમિતિની રચના કરાઈ

**નવસારી, તા. ૦૫ :** નવસારી જિલ્લામાં જુલાઈ-૨૦૨૬ દરમિયાન ભારે વરસાદ, પૂર અને અતિવૃષ્ટિના કારણે અસરગ્રસ્ત થયેલા નાના, લઘુ અને મધ્યમ વર્ગના વેપાર, વાણિજ્ય તથા સેવાકીય એકમોને આર્થિક તેમજ પુનઃવસન સહાય આપવા માટે રાજ્ય સરકાર દ્વારા વિશેષ સહાય પેકેજ જાહેર કરવામાં આવ્યું છે.

આ યોજનાના ઝડપી અને પારદર્શક અમલીકરણ માટે જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના માર્ગદર્શન હેઠળ વિવિધ સ્તરે સહાય સમિતિઓની રચના કરવામાં આવી છે. જેમાં નવસારી મહાનગરપાલિકા વિસ્તાર માટે સંબંધિત ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નરની અધ્યક્ષતામાં, નગરપાલિકા વિસ્તાર માટે સંબંધિત નગરપાલિકાના ચીફ ઓફિસરની અધ્યક્ષતામાં, ગ્રામ્ય વિસ્તાર માટે પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં સહાય સમિતિઓ રચવામાં આવી છે. જ્યારે સહાય સંબંધિત તકરાર અથવા અપીલોના નિકાલ માટે જિલ્લા કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં અપીલ સમિતિ કાર્યરત રહેશે. રાજ્ય સરકારના સહાય પેકેજ હેઠળ લારી/ રેકડી ધારકોને રૂ. ૭,૫૦૦, નાની કેબિન(૪૦ ચોરસ ફુટ સુધીની) ધારકોને રૂ. ૨૫,૦૦૦, મોટી કેબિન(૪૦ ચોરસ ફુટ થી વધુ) ધારકોને રૂ. ૫૦,૦૦૦ તથા પાકી દુકાન (છેલ્લા ત્રિમાસીકનું GST રિટર્ન ભરેલ હોય તેવા) દુકાન ધારક વેપારીઓને રૂ. ૧,૦૦,૦૦૦ સુધીની રોકડ સહાય આપવામાં આવશે.

આ ઉપરાંત, GST રિટર્ન ભરતા પાકી દુકાનના વેપારીઓને તેમના છેલ્લા ભરેલા ત્રિમાસિક GST Return ટર્નઓવર મુજબ (૧) .રૂ. ૨૦ લાખ,(છેલ્લાં ત્રિમાસિક GST Return મુજબ ટર્નઓવર ૭.૫ લાખ સુધી હોય). (૨).૨૫ લાખ (છેલ્લાં ત્રિમાસિક GST Return મુજબ ટર્નઓવર ૭.૫ લાખ થી ૧૫ લાખ સુધી હોય).(૩).રૂ.૩૦ લાખ( (છેલ્લાં ત્રિમાસિક GST Return મુજબ ટર્નઓવર ૧૫ લાખ થી વધુ હોય).સુધીની લોન પર ૩ વર્ષ માટે ૭ ટકા વ્યાજ સહાય આપવામાં આવશે. જેમાં વધુમાં વધુ અનુક્રમે રૂ. ૫ લાખ, રૂ. ૮ લાખ અને રૂ. ૧૦ લાખ સુધીની વ્યાજ સહાયનો લાભ મળશે. ( ઉક્ત વ્યાજ સહાય લીધેલ લોન ઉપર જ મળશે , સી.સી કે ઓ .ડી ઉપર મળવાપાત્ર થશે નંહી )માત્ર ઉકત વ્યાજ સહાય અરજી અંગે ની કાર્યવાહી બેંક પાસે થી લોન મેળવી જીલ્લા ઉધોગ કેન્દ્ર, નવસારી ને કરવાની રહેશે.

સરકારના ઠરાવમાં નિર્ધારિત પાત્રતા મુજબ સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલા પ્રત્યક્ષ સર્વે, ફોટોગ્રાફી, વિડિયોગ્રાફી અને અન્ય જરૂરી પુરાવાઓના આધારે સહાય મંજૂર કરવામાં આવશે. અસરગ્રસ્ત વેપારીઓએ જરૂરી પુરાવાઓ સાથેની અરજી નવસારી મહાનગરપાલિકા, સંબંધિત નગરપાલિકા, મામલતદાર અથવા તાલુકા મામલતદાર કચેરી ખાતે રજૂ કરવાની રહેશે.

## વઘઈમાં મહિલાઓ માટે સ્વરોજગાર મેળો યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ડાંગ, તા. ૦૫ :** મહિલા અને બાળ વિકાસ વિભાગ ગુજરાત સરકાર તથા ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી. ગાંધીનગરના સંયુક્ત ઉમક્રમે નારી વદંન ઉત્સવ નિમિત્તે મહિલા સ્વાવલંબન દિવસ જિલ્લા કક્ષાની ઉજવણી અંતર્ગત મહિલાઓ માટે સ્વરોજગાર મેળો, સાહસીક મહિલાઓનું સન્માન તેમજ શ્રમજીવી મહિલાઓનાં અધિકારો અને કલ્યાણકારી યોજનાઓની જાણકારી અંગે વઘઈ દૂધ શીત કેન્દ્ર, વસુધારા ડેરી હોલ વઘઈ ખાતે ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ રાજેશભાઈ ગામીતના અધ્યક્ષ સ્થાને જાગૃતતા સેમિનાર યોજાયો હતો.



આજની નારી સામાજિક, આર્થિક, માનસિક અને શારીરિક રીતે સક્ષમ બને અને સમાજમાં ગૌરવભેર આગળ વધે તે માટે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં અનેકવિધ યોજનાઓ અમલમાં મુકાય છે.

જેનો લાભ લેવા માટે મહિલાઓએ જાગૃત રહેવુ જરૂરી છે તેમ જણાવી જિલ્લા જણાવી જિલ્લા પંચાયત પ્રમુખએ સરકારની મહિલાઓ લક્ષી યોજાઓની વિગતે માહિતી આપી હતી.

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વ્હાલી દીકરી યોજના, મહિલા સ્વાવલંબન યોજના, દીકરી વધામણાં કીટ, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાનાં લાભાર્થીઓને સહાય વિતરણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે વઘઈ તાલુકા પંચાયત પ્રમુખ શકુંતલાબેન પાડવી, જિલ્લા વિકાસ અધિકારી કુલદીપસિંહ ઝાલા, અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડો. હિમાંશુ ગામીત, સહિતના અધિકારી/કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

## રાનવેરી કલ્લા પ્રા. આ. કેન્દ્રમાં દવા છંટકાવ કરાઈ

(દમણગંગા ટાઈમ્સ)

**વાંસદા, તા. ૦૫ :** પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રાનવેરી કલ્લા દ્વારા ભારે વરસાદ બાદ સંભવિત રોગચાળાને અટકાવવા માટે સઘન આરોગ્ય કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આ કામગીરી જિલ્લા વિકાસ અધિકારી, નવસારી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, નવસારી, આર.સી.એચ. અધિકારી, નવસારી, જિલ્લા રોગચાળા અધિકારી, નવસારી તેમજ તાલુકા હેલ્થ ઓફિસર, ચિખલીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. આ અભિયાન અંતર્ગત પ્રા.આ. કેન્દ્ર રાનવેરી કલ્લાના કાર્યક્ષેત્રમાં આવેલા રાનવેરી



કલ્લા, રેઠવાણિયા, ઉઢવળ, વાંઝણા અને રાનવેરી ખુર્દ ગામોમાં ડૉ. હિમાંશુ બી. પટેલ (મેડિકલ ઓફિસર)ના નેતૃત્વ હેઠળ આરોગ્ય સ્ટાફ અને આશા બહેનોએ સંયુક્ત રીતે ક્લોરીનેશન, એન્ટી-લાર્વા કામગીરી, મેડિકલ કેમ્પ, જંતુનાશક દવાનો છંટકાવ તેમજ રોગચાળા અંગે લોકજાગૃતિ સહિતની વિવિધ કામગીરી હાથ ધરી હતી. રોગચાળો ફેલાતો અટકાવવા અને ગ્રામજનોના આરોગ્યનું રક્ષણ થાય તે હેતુથી હાથ ધરાયેલા આ અભિયાનમાં આરોગ્ય કર્મચારીઓ અને આશા બહેનોએ ભારે જહેમત ઉઠાવી કામગીરીને સફળ બનાવી હતી.

## ચીખલીમાં તાલુકા ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ )

**નવસારી, તા. ૦૫ :** લોકાભિમુખ વહીવટના ભાગરૂપે તથા લોકોની ફરિયાદોનો સ્થાનિક કક્ષાએ ત્વરિત અને અસરકારક નિકાલ થઈ શકે તે હેતુસર દર માસના ચોથા મંગળવારે તાલુકા કક્ષાએ ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજવામાં આવે છે.

જે અંતર્ગત ઑગસ્ટ-૨૦૨૬ માસનો તાલુકા ફરિયાદ નિવારણ કાર્યક્રમ મામલતદાર કચેરી, ચીખલી ખાતે તા. ૨૫/૦૮/૨૦૨૬ના ચોથા મંગળવારના રોજ સવારે ૧૧ કલાકે યોજાશે. ફરિયાદ નિવારણ ઑગસ્ટ ૨૦૨૬ લખી, ફરિયાદનો વિષય તેમજ સંબંધિત કયા ખાતાના અધિકારી દ્વારા ફરિયાદનો નિકાલ થવાનો છે તેની વિગતો સ્પષ્ટ રીતે દર્શાવી મામલતદાર, ચીખલીના સરનામે ૧૦/૦૮/૨૦૨૬ સુધીમાં ટપાલ દ્વારા અથવા રૂબરૂ રજૂ કરે.

અરજીઓના આધારે રજૂ થયેલી ફરિયાદો અંગે સંબંધિત વિભાગો દ્વારા યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવશે, તેમ મામલતદાર, ચીખલી દ્વારા જણાવવામાં આવ્યું છે.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૦૭-૦૮-૨૦૨૬, **વાર :** ગુરૂવાર **તિથિ :** અષાઢ, આઠમ, **સૂર્યોદય :** ૦૬ : ૧૬ **સૂર્યાસ્ત** ૦૭ :૧૪, **ચંદ્રોદય** - ૧૨:૧૩ **ચંદ્રાસ્ત** - ૦૧:૦૯ **ચંદ્ર રાશિ :** મેષ, **નક્ષત્ર** - ભરણી

### આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** આજે તમે નવું કાર્ય શરૂ કરી શકો છો. વેપારમાં વૃદ્ધિ અને અચાનક ધનલાભની સંભાવના છે. પરિવારમાં સુખ-શાંતિ રહેશે અને તમને કોઈ અટકેલા નાણાં પાછા મળી શકે છે.

**વૃષભ (બ, વ, ઉ) :** આ રાશિના જાતકો માટે આજનો દિવસ સારો રહેશે. નોકરીમાં સાનુકૂળ વાતાવરણ મળશે. વિદ્યાર્થીઓ માટે સમય સારો છે. પોતાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું અને બિનજરૂરી ખર્ચ ટાળવો.

**મિથુન (ક, ઘ, ચ) :** વેપારમાં નવી તકો મળશે. આજે કોઈ અજાણ્યા પર વિશ્વાસ ન કરવો. સામાજિક માન-સન્માન વધશે. સ્વાસ્થ્ય સામાન્ય રહેશે.

**કર્ક (ડ, હ) :** આજે તમારા અટકેલા કામ પૂરા થશે. માનસિક શાંતિનો અનુભવ કરશો. નોકરી કરતા લોકો માટે પ્રગતિના રસ્તા ખુલશે. પારિવારિક જીવનમાં ખુશીઓ આવશે.

**સિંહ (મ, ટ) :** તમારી આર્થિક સ્થિતિ મજબૂત બનશે. વેપારમાં અણધાર્યો લાભ થવાની સંભાવના છે. કાર્યસ્થળ પર તમારી જવાબદારીઓ વધી શકે છે.

**કન્યા (પ, ઠ, ણ) :** આજે તમને ધાર્યું પરિણામ મળશે. આવકના સાધનો મજબૂત બનશે. પરિવારમાં કોઈ સમસ્યાનો ઉકેલ આવી શકે છે. સ્વાસ્થ્ય પ્રત્યે સભાન રહેવું.

**તુલા (ર, ત) :** વેપારમાં લાભ અને પ્રગતિની તકો મળશે. આકસ્મિક આર્થિક લાભ થવાની સંભાવના છે. વાહન કે મિલકત ખરીદીના યોગ બની રહ્યા છે.

**વૃશ્ચિક (ન, ય) :** આજનો દિવસ તમારા માટે મિશ્ર ફળદ્રુપ રહેશે. કાર્યક્ષેત્રે મહેનતનું યોગ્ય ફળ મળશે. ઉચ્ચ શિક્ષણની તૈયારી કરતા વિદ્યાર્થીઓને સારા સમાચાર મળી શકે છે.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** આજે તમારા આત્મવિશ્વાસમાં વધારો થશે. આર્થિક રીતે તમે સુરક્ષિત રહેશો. પરિવાર સાથે સારો સમય વિતાવી શકશો. સ્વાસ્થ્ય સારું રહેશે.

**મકર (ખ, જ) :** આજે તમને ધાર્યા પરિણામો મળશે. અચાનક કોઈ સારા સમાચાર મળવાથી મન પ્રસન્ન રહેશે. નોકરીમાં પ્રશંસા મળશે. વેપારમાં સારો નફો થશે.

**કુંભ (ગ, સ, શ, ષ) :** વેપારમાં જૂના ગ્રાહકોનો સહયોગ મળશે. નોકરીમાં જવાબદારીઓ વધી શકે છે. ખર્ચ વધી શકે છે, તેથી બચત પર ધ્યાન આપવું.

**મીન (દ, ચ, થ, ઝ) :** આજે મન શાંત રહેશે. આર્થિક લાભની તકો મળશે. પરિવારનો સંપૂર્ણ સહયોગ મળશે. વિદ્યાર્થીઓ માટે દિવસ અનુકૂળ છે.

## દમણ રેડિયો

**102.3 FM**

ગુરૂવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે** : ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૬૪૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | | | | 6 | | | | 4 |
| 5 | | 7 | | | | 2 | | 1 |
| | | | 3 | | 2 | | | |
| 7 | | 4 | 8 | | 9 | 6 | | 3 |
| | | 1 | | | | 9 | | |
| 3 | | 5 | 1 | | 6 | 4 | | 7 |
| | | | 2 | | 5 | | | |
| 4 | | 9 | | | | 7 | | 8 |
| 8 | | | | 9 | | | | 5 |

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૪૫નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 9 | 3 | 1 | 6 | 2 | 5 | 4 | 8 |
| 5 | 1 | 8 | 9 | 4 | 7 | 2 | 6 | 3 |
| 2 | 6 | 4 | 3 | 8 | 5 | 1 | 9 | 7 |
| 6 | 2 | 9 | 8 | 3 | 1 | 7 | 5 | 4 |
| 3 | 5 | 1 | 7 | 2 | 4 | 9 | 8 | 6 |
| 8 | 4 | 7 | 6 | 5 | 9 | 3 | 2 | 1 |
| 1 | 3 | 2 | 4 | 9 | 6 | 8 | 7 | 5 |
| 4 | 8 | 5 | 2 | 7 | 3 | 6 | 1 | 9 |
| 9 | 7 | 6 | 5 | 1 | 8 | 4 | 3 | 2 |

દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

# સ્થાનિક સમાચારો

● વલસાડ ● પારડી ● ધરમપુર ● કપરાડા ●વાપી ● ઉમરગામ ●દમણ ● સેલવાસ

# કપરાડામાં ખાડાઓનું સામ્રાજય : વાહન ચાલકો માટે માથાનો દુ:ખાવો બન્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા. ૦૫ :** કપરાડા તાલુકાના મથકમાંથી પસાર થતો નાશિક હાઈવે નં.૮૪૮ ચોમાસામાં વરસાદના કારણે ખાડાઓનું સામ્રાજ્ય જોવા મળ્યું છે. એટલા બધા મસ મોટા ખાડાઓ પડ્યા છે કે, વાહન ચાલકોને વાહન કેવી રીતે ચલાવવું તે પણ સમજાતું નથી. કપરાડા - નાશિક હાઈવે પરથી ૨૪ કલાક મસમોટા વાહનોની અવર અવર જવર થઈ હોય છે. આ ઉપરાંત તાલુકા મથકે પ્રતિદિન અસંખ્ય લોકો કચેરીઓના કામ માટે આવે છે. આ ઊપરાંત સામુહિક આરોગ્ય કેન્દ્રમાં મોટી સંખ્યામાં દર્દીઓ આવતા હોય છે. સાથે આ તાલુકા મથકમાં બે હાઈસ્કુલ, પ્રાથમિક શાળા, આશ્રમશાળા ઉપરાંત, બેંકો આવેલી હોય છે. વિધાર્થીઓ ઉપરાંતના તાલુકા મથકે વિવિધ કામો માટે આવતા લોકો માટે રસ્તાઓ પરથી પસાર થવું માથાનો દુ:ખાવો થઈ રહ્યો છે. હાલે આ રસ્તા પર ખાડાઓની કમી નથી. ખાડાઓની ભરમાર વચ્ચે અવરજવર કરતા લોકો નાનામોટા અકસ્માતોનો ભોગ બની રહ્યા હોવાનું જાણવા મળે છે.રસ્તાઓ પર ડામર નામશેષ થઈ ગયો છે. જે હાઇવે ઓથોરિટીની બેદરકારીની પોલ ખોલી નાખી છે. કપરાડા તાલુકા મથક થી દિનબારી નિવાસી શાળા સુધી ના અંદાજે બે કી.મી. રસ્તા એટલા હદે બિસ્માર થયો છે કે વાહન ચાલકો, રસ્તાઓ પર થી ચાલવું જોખમી બન્યું છે.

ઉલ્લેખનીય છે. કપરાડા તાલુકામાં વર્ષોથી રસ્તાઓ માટે સરકાર દ્વારા કરોડો રૂપિયાના રસ્તાઓનું નવીનીકરણ થાય છે. પરંતુ રસ્તાઓમાં કોન્ટ્રાક્ટરો દ્વારા આચરતો ભ્ષ્ટાચાર કારણે રસ્તાઓ માત્રને માત્ર એક ચોમાસામાં બિસ્માર થઈ જાય છે. જે અંગે તંત્ર પણ વધુ વરસાદનું કારણ બતાવી બચાવવૃતિ હંમેશા માટે જોવા મળી હોવાનું જાણવા મળે છે. જે ને લઈ કપરાડા તાલુકા ના સ્થાનિક જાગૃત નાગરિકો દ્વારા હાઈવે ઓથોરિટી દ્વારા તાત્કાલિક ખાડાઓની મરામત કરવા આવે તેવી માંગ કરી છે. ત્યારે તંત્ર સક્રિયતા દાખવશે કે પછી હંમેશાની જેમ જ નિષ્ક્રિય રહશે જે જોવા જ રહ્યું. પરંતુ આગામી દિવસોમાં રસ્તાઓના ખાડાઓ મરામત ન થાય તો જાગૃત નાગરિકો હાઈવે ઓથોરિટી સામે વિરોધ પ્રદશન કરે તેવી શક્યતા જોવા મળી રહી છે.

# વલસાડની જમનાબાઈ સાર્વ. હાઈ.માં ૭૫૦ દફતરનું વિતરણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૫ :** તાજેતરમાં આવેલી પૂરની હોનારતને કારણે અનેક પરિવારો પ્રભાવિત થયા છે, જેમાં ખાસ કરીને વિદ્યાર્થીઓના શિક્ષણ પર માઠી અસર પડી છે. પૂરના કારણે અનેક બાળકોના પુસ્તકો અને દફતર પલળી ગયા હોવાથી કે તણાઈ ગયા હોવાથી તેઓ મુશ્કેલીમાં મુકાયા હતાં. આ કપરા સમયમાં વિદ્યાર્થીઓને મદદરૂપ થવાના ઉમદા હેતુથી ગોકુલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા એક પ્રશંસનીય પહેલ કરવામાં આવી છે.

જમનાબાઈ સાર્વજનિક હાઈસ્કૂલ માં પૂરગ્રસ્ત બાળકો માટે સ્કૂલ દફતર વિતરણનો વિશેષ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત ગોકુલ ગ્રુપ તરફથી આશરે ૭૫૦ જેટલા પૂરગ્રસ્ત વિદ્યાર્થીઓને વિના મૂલ્યે સ્કૂલ બેગ (દફતર) આપવામાં આવ્યા હતા.

આ વિતરણ કાર્યક્રમમાં ગોકુલ ચેરીટેબલ ટ્રસ્ટના હોદ્દેદારો, શાળાના આચાર્ય, શિક્ષકગણ અને સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં. ગોકુલ ગ્રુપની આ સેવાકીય પ્રવૃત્તિ અને સામાજિક જવાબદારીને શાળા પરિવાર તેમજ વિદ્યાર્થીઓના વાલીઓ દ્વારા ખુબ બિરદાવવામાં આવી હતી. ટ્રસ્ટ દ્વારા આપામાં આવેલી આ સમયસરની શૈક્ષણિક સહાયથી બાળકોના ચહેરા પર સ્મિત જોવા મળ્યું હતુ અને તેઓ હવે ફરીથી નવા ઉત્સાહ સાથે પોતાના અભ્યાસ તરફ આગળ વધી શકશે. સમાજના અન્ય વર્ગો માટે પણ ગોકુલ ગ્રુપનું આ સેવાકાર્ય એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

### વલસાડ એલસીબી પોલીસ મહેન્દ્ર ગઢવી દ્વારા

# પારડીમાં બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૫ :** પારડી તાલુકામાં તાજેતરમાં થયેલી અતિવૃષ્ટિ અને પૂરના કારણે લોકોના જનજીવન પર માઠી અસર પડી છે. પરિયા ગામના તડી ફળિયા અને ભૂમિહીન ફળિયા જેવા વિસ્તારોમાં પૂરના પાણી ભરાઈ જવાથી અંદાજે ૧૧૦થી વધુ ઘરો પાણીમાં ગરકાવ થઈ ગયા હતાં. પૂરના પાણીમાં ઘરવખરીની સાથે સાથે બાળકોના શાળાના ચોપડા, બેગ અને ભણવાની સામગ્રી પલળીને નષ્ટ થઈ ગઈ હતી. આ કપરી પરિસ્થિતિમાં અસરગ્રસ્ત બાળકોના ભણતર પર બ્રેક ન વાગે તે માટે વલસાડ LCB પોલીસ મહેન્દ્ર ગઢવી આગળ આવ્યા છે. અગાઉ મર્ડર જેવા જટિલ ગુનાનો સફળ ઉકેલ લાવવા બદલ ગૃહમંત્રી દ્વારા સન્માનિત થયેલા મહેન્દ્ર ગઢવીએ માનવતા દાખવીને ૫૦ જેટલા જરૂરિયાતમંદ બાળકોને નવી નોટબુક, પેન્સિલ, રબર, કંપાસ અને બેગ સહિતની શૈક્ષણિક કીટનું વિતરણ કર્યું છે. આ સરાહનીય કાર્યમાં રોહિણા માર્કેટના પ્રમુખ દિનેશભાઇ પટેલ, પરીયા ગામના માજી સરપંચ દીક્ષાંત પટેલ તથા તાલુકા પંચાયત સભ્ય નયન દેસાઈએ સક્રિય યોગદાન આપ્યું હતું. તમામ શૈક્ષણિક સામગ્રી મળી જતાં બાળકોના ચહેરા પર ખુશીની લહેર જોવા મળી હતી. ગ્રામજનોએ પોલીસ વિભાગની આ સરાહનીય કામગીરી અને સંવેદનશીલતા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

# કાજણરણછોડમાં રાહત સામગ્રી પહોંચાડી






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ, તા. ૦૫ :** તાજેતરમાં પડેલા ભારે વરસાદ અને વિનાશક પૂરના કારણે વલસાડ જિલ્લાના અનેક ગામોમાં ભારે તારાજી સર્જાઈ હતી. ખાસ કરીને ઝૂંપડાંમાં રહેતા ગરીબ અને આદિવાસી પરિવારોને સૌથી વધુ નુકસાન વેઠવું પડ્યું હતું. તેમના ઘરોમાં પાણી ઘૂસી જતાં ઘરવખરી, અનાજ, કપડાં અને દૈનિક ઉપયોગની ચીજવસ્તુઓ પાણીમાં તણાઈ જતાં અનેક પરિવારો નિરાધાર બન્યા હતા. આવી વિકટ પરિસ્થિતિમાં રાજ રેસીડેન્સી-૨ના રહીશોએ માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. પ્રેસિડેન્ટ મનીષભાઈ મેહતા અને સેક્રેટરી પ્રદીપભાઈ પંચાલના માર્ગદર્શન હેઠળ વિશેષ રાહત ટીમની રચના કરવામાં આવી હતી. દિવ્યકાંત (દીપક) દેસાઈ, રંજનબેન પંચાલ, પિન્કીબેન શર્મા સહિતની ટીમ અને સોસાયટીના રહીશોના સહયોગથી અનાજની કિટ, સાદડી, કપડાં તેમજ હાઈજિન કિટ તૈયાર કરવામાં આવી હતી. હાઈજિન કિટમાં ટૂથપેસ્ટ, ટૂથબ્રશ, નાહવાનો સાબુ, કપડાં ધોવાનો સાબુ, કોપરેલ, શેમ્પૂ અને મહિલાઓ માટે સેનેટરી પેડ જેવી આવશ્યક ચીજવસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ટીમ વલસાડ જિલ્લાના અંતરિયાળ કાજણરણછોડ ગામે પહોંચી હતી, જ્યાં જરૂરિયાતમંદ પરિવારોને રાહત સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગ્રામજનોએ જણાવ્યું હતું કે પૂરના સમયે ગામમાં એટલું પાણી ભરાઈ ગયું હતું કે વીજળીના થાંભલા પણ પાણીમાં ડૂબી ગયા હતા. ગામના સરપંચે જણાવ્યું હતું કે આટલા દૂરના વિસ્તારમાં રાહત સામગ્રી લઈને પહોંચનારી રાજ રેસીડેન્સી-૨ની ટીમ બીજી સંસ્થા હતી, જે ગ્રામજનો માટે આશીર્વાદ સમાન સાબિત થઈ. રાહત સામગ્રી મળતાં ગ્રામજનોના ચહેરા પર ખુશી જોવા મળી હતી. તેમણે તમામ દાતાઓ અને કાર્યકરોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. કુદરતી આપત્તિના સમયમાં સમાજના સહયોગથી કરવામાં આવેલી આ સેવા માત્ર રાહત પૂરતી મર્યાદિત ન રહી, પરંતુ માનવતા, સામાજિક જવાબદારી અને પરસ્પર સહકારનું જીવંત ઉદાહરણ બની રહી હતી.

### ઉદવાડા લાયન્સ કલબ સંજીવની દ્વારા

# ટુકવાડામાં ધાબળા તથા ચટાઈનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૫ :** લાયન્સ કલબ ઉદવાડા સંજીવનીના તાજેતરમાં જ પ્રસ્થાપિત થયેલા યુવા પ્રેસિડેન્ટ લીઓ લાયન વિકાસ જયસ્વાલ, સેક્રેટરી લા. કિરીટ શાહ તથા ટ્રેઝરર લા. જગજીવન પટેલ દ્વારા ૧ જુલાઈ ડોક્ટરસ ડેના દિવસે ડોક્ટર્સના સન્માન સાથે શરુ કર્યા બાદ વલસાડ ખાતે આયોજીત સપ્ત સેવા સંગમ અને ઉડાન ટેલેન્ટ શો પણ યોગદાન આપી કરી હતી. તો આપણા વિસ્તારમાં તાજેતરમાં ભારે વરસાદના કારણે ગામડાંઓમાં ગરીબ માણસોને થયેલ નુકસાનને ધ્યાનમાં લઈને ઝડપથી નિર્ણય લઈ ટુકવાડાના સામાજીક કાર્યકર નિલેશ દેસાઈની સાથે રહી ટુકવાડાના અસરગ્રસ્ત એવા ૧૦૦ પરીવારને ધાબળા તથા ચટાઈનુ વિતરણ રુબરુ જઈ હાથોહાથ કર્યુ હતું. તમામ અસરગ્રસ્તોને આ પુરથી ભારે નુક્સાન થયું હતું. ઘરવખરી પણ તણાઈ જતાં તમામ વ્યથિત પરીવારોને આ રાહત પહોંચાડી સહાય કરી હતી. નિલેશ દેસાઈએ આ ઉમદા કાર્ય માટે ત્રણે લાયન પદાધિકારીઓનો આભાર વ્યક્ત કરી ૨૦,૦૦૦/- રુપિયાના આ સેવા કાર્યની સરાહના કરી હતી.

# રેટલાવની શાંતાબા ઈંગ્લિશ મીડિ. સ્કુલમાં ગુરુ પૂર્ણિમા ઉજવાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૫ :** પારડી તાલુકાના રેટલાવ ગામમાં આવેલ શાંતાબા ઇંગ્લિશ મીડીયમ સ્કૂલ માં ગુરુ પૂર્ણિમાનો પાવન પર્વ નર્સરીથી ધોરણ ૮ સુધીના બાળકોએ ખુબ જ શ્રદ્ધા અને ઉત્સાહ સાથે ઉજવણી કરી.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રજવલન અને મહષિ વેદ વ્યાસજીના ચિત્ર પર પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી વિદ્યાર્થીઓએ પ્રાર્થના, નૃત્ય અને સ્પીચ દ્વારા ગુરુના જીવનમાં રહેલા અવિસ્મરણીય યોગદાનને ભાવપૂર્વક રજુ કર્યા હતા શાળાના ટ્રસ્ટી કિશોરભાઈ ગાંધી એ જીવનના સર્વ પ્રથમ ગુરુ જે માતા-પિતા છે, તેમના ચરણ સ્પર્શ કરીને આશીર્વાદ લઇ પોતાના દિવસની શરૂઆત કરવાની પેરણા આપી હતી. આ પ્રસંગે શાળાના પ્રિન્સીપાલ આકાંક્ષા ગાંધીએ વિદ્યાર્થીઓને જ્ઞાન સાથે સારા સંસ્કાર, શિસ્ત, સત્યનિષ્ઠા અને માનવતાના મૂલ્યો જીવન માં ક્યારેય પણ ન ભૂલી અને હંમેશા આદર કરી સંકલ્પ લેવા અનુરોધ કર્યો હતો. શાળાના શિક્ષકો એ બાળકોને ગુરુજનોનો આદર કરવો, નિયમિત અભ્યાસ કરવો, સારા નાગરિક બની સમાજની સેવા કરવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

# પારડી પોલીસ દ્વારા રાશન કીટનું વિતરણ કરાયું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૦૫ :** પારડી પોલીસ સ્ટેશનમાં પી.આઈ વાય બી ગોહિલ અને એમની ટીમ સાથે પોલીસ કર્મચારી સાથે ખભે ખભો મિલાવી ફરજ બજાવતા એસ.આર.ડી, જી.આર.ડી. તથા હોમગાર્ડના સભ્યોએ તા.૨૨ તથા ૨૩ના રોજ આવેલ વરસાદી પુરના લીધે પોલીસ સ્ટેશન વિસ્તારમાં નેશનલ હાઈવે તથા અંતરિયાળ વિસ્તારમાં પાણી ભરવાના કારણે બંધ હોય જ્યાં ટ્રાફિકનો પ્રશ્ન તથા પૂરમાં ફસાયેલ લોકોની મદદમાં કરવામાં સાથે ઊભા રહીને ખૂબ જ કઠિન પરિસ્થિતિમાં ફરજ બજાવેલ હોય અને ખૂબ જ ખંતપૂર્વક લોકોને મદદ કરેલ છે. જેથી એસઆરડી તથા જીઆઇડી સભ્ય તથા હોમગાર્ડના સભ્યોએ ખુબજ સારૂ કામ કર્યું જેથી તેઓને પ્રોત્સાહિત કરવા સારું આજરોજ પારડી પોલીસ સ્ટેશનમાં રોલકોલ રાખવામાં આવેલ તેમજ તેઓને સન્માનિત કરવામાં તેમજ તેઓને પ્રોત્સાહિત કરવા સારું સામાજિક અગ્રણિઓના સહયોગ થી રાશન કીટનું વિતરણ કરવામાં આવેલ છે.

# વલસાડ જિલ્લામાં કલા મહાકુંભ માટે રજીસ્ટ્રેશનની તારીખ લંબાવાઈ

(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૦૫ :** ગુજરાત સરકારશ્રીના રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર દ્વારા પ્રેરિત કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ ગાંધીનગરના દ્વારા આયોજિત તથા વલસાડ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી દ્વારા પ્રેરિત તેમજ જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી વલસાડ દ્વારા સંચાલિત કલા મહાકુંભ - ૨૦૨૬-૨૭ યોજાનાર છે. જેમાં ૬થી ૬૦ વર્ષ ઉપર સુધીના તમામ વયજુથના કલાકારો ભાગ લઈ શકશે. વયજુથમાં (૪) વિભાગ રહેશે. જેમાં (૧) ૬થી ૧૪ વર્ષ, (૨)૧૫થી ૨૦ વર્ષ, (૩) ૨૧ થી ૫૯ વર્ષ અને (૪) ૬૦ વર્ષથી ઉપરના વયજૂથ છે. આ કલા મહાકુંભમાં તાલુકા કક્ષા/ ઝોન કક્ષા, જિલ્લા કક્ષા/મહાનગરપાલિકા કક્ષા, પ્રદેશ કક્ષા, રાજ્ય કક્ષા, સ્પર્ધાના સ્તર રહેશે. ઈચ્છુક ઉમેદવારોએ નિયત નમૂનાનું ફોર્મ, આધાર કાર્ડની નકલ તથા બેંક પાસબુકની નકલ સાથે રાખી તા.૩૦-૦૮-૨૦૨૬ સુધી કચેરીના કામકાજના દિવસો દરમિયાન તથા કચેરી સમય દરમિયાન જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ૧૦૬ જૂની ટેલીફોન એક્સચેન્જ ઓફીસ, પહેલો માળ, પોસ્ટ ઓફિસની પાછળ, હાલર રોડ, વલસાડ-૩૯૬૦૦૧ ખાતે જમા કરાવવાના રહેશે. તથા ૩૦-૦૮-૨૦૨૫ પછી આવનાર ફોર્મ તથા અધુરી વિગતવાળા ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ એવુ જિલ્લા યુવા વિકાસ અધિકારી એમ.એમ.જોશીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# કરાયામાં પ્રાકૃતિક ખેતી તાલીમ યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૫ :** વલસાડ જિલ્લાના નાનાપોંઢા તાલુકાના કરાયા ગામમાં આત્મા પ્રોજેક્ટ દ્વારા પ્રાકૃતિક ખેતીની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન GPKVB (ગુજરાત પ્રાકૃતિક વિકાસ બોર્ડ)ના માસ્ટર ટ્રેનર -વ- રિસોર્સ પર્સન ધર્મેશભાઈ પટેલ, BTM (બ્લોક ટેકનોલોજી મેનેજર) અંકુરભાઈ પ્રજાપતિ, ATM આસિસ્ટન્ટ ટેકનોલોજી મેનેજર જયશ્રી ટંડેલ દ્વારા માહિતી આપવામાં આવી હતી.

આ તાલીમ કાર્યક્રમમાં તજજ્ઞોએ જણાવ્યું કે, પ્રાકૃતિક કૃષિથી જળ, જમીન અને પર્યાવરણની રક્ષા થાય છે. જમીનની ફળદ્રુપતા વધે છે. દેશી ગાયનું જતન સંવર્ધન થાય છે. કૃષિ ખર્ચ ઘટતા અને પ્રાકૃતિક કૃષિના ઉત્પાદનોના ભાવ પ્રમાણમાં વધારે મળતા ખેડૂતોની આર્થિક સ્થિતિ પણ મજબૂત થાય છે. ખાસ કરીને ગ્રામીણ અર્થતંત્રને તેનાથી વધુ પ્રોત્સાહન મળે છે, જેના થકી ગરીબી અને બેરોજગારી જેવી પાયાની સમસ્યાઓનું પણ નિવારણ થાય છે. એક દેશી ગાયના છાણ અને ગૌમુત્રથી ૩૦ એકર જમીનમાં પ્રાકૃતિક કૃષિ કરી શકાય છે જેમાં ઉપયોગી દેશી ગાયના ગોબર અને ગૌમૂત્ર સાથે બેસન, ગોળ અને માટીના મિશ્રણથી બનતા જીવામૃત અને ઘન જીવામૃત પ્રમાણમાં ઓછા ખર્ચાળ હોય છે. તેની વિરુદ્ધ રાસાયણિક ખાતરો અને ઝેરી જંતુનાશકોને કારણે ખેતરમાં લાભકારી જીવોનો ક્ષય થાય છે, જ્યારે જીવામૃત, ઘનજીવામૃત અને આચ્છાદનથી અળસિયા જેવા લાભકારી જીવોની વૃદ્ધિ થાય છે જે કૃષિ પાકને પોષણ આપે છે.

આ ઉપરાંત વાતાવરણમાંથી નાઈટ્રોજનને જમીનમાં સ્થાપિત કરે છે. આમ, પ્રાકૃતિક કૃષિનો સ્વીકાર એ ટકાઉ વિકાસ માટે પણ ખૂબ અનિવાર્ય બની જાય છે તેથી તેના પ્રચાર અને પ્રસાર માટે લોકોમાં તેના ફાયદાઓ અંગે જાગૃતતા ફેલાવવા અને ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના વિકલ્પોને અપનાવવા જરૂરી માહિતી આપી હતી. આ ઉપરાંત ખેડૂતોને કિસાન સારથી એપ ડાઉનલોડ કરાવી એની ઉપયોગિતા વિશે માર્ગદર્શન આપ્યું હતું.

# ભદેલીજગાલાલામાં વલસાડ રંગ અવધૂત પરિવાર દ્વારા ઘરવખરીની કીટ આપાઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૫ :** તાજેતરમાં આવેલ મહાવિનાશકારી રેલના કારણે ભારે તારાજી સર્જાઈ છે, ત્યારે માનવ સેવા એ જ પ્રભુ સેવાના મંત્રને સાર્થક કરતા વલસાડ રંગ અવધૂત પરિવાર દ્વારા પ્રશંસનીય રાહત કાર્ય કરવામાં આવ્યું છે. રેલના પૂરમાં હોનારતનો ભોગ બનેલા વલસાડના ભદેલી જગાલાલા ગામના અસરગ્રસ્ત રહીશોને વલસાડ રંગ પરિવાર દ્વારા ગાદલા, તકીયા, ચાદર અને ચારસા જેવી જરૂરિયાતની વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પૂજ્ય શ્રી રંગ અવધૂત બાપજીના સેવા મિશનને આગળ ધપાવતા આ પરિવારે કપરી પરિસ્થિતિમાં મુકાયેલા પૂરપીડિતોને સીધી મદદ પહોંચાડીને તેમની મુશ્કેલીમાં ભાગીદાર બનવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

લસાડ રંગ અવધૂત પરિવાર માત્ર આ આપત્તિ પૂરતો સીમિત નથી, પરંતુ વર્ષોથી માનવ સેવામાં કાર્યરત છે. વસ્ત્રદાન દર વર્ષે ધરમપુરના અત્યંત અંતરિયાળ અને ઊંડાણપૂર્વકના ગ્રામ્ય વિસ્તારોમાં જરૂરિયાતમંદોને કપડાંનું વિતરણ કરવામાં આવે છે. ભૂતકાળમાં ધરમપુરના અંતરિયાળ વિસ્તારોમાં ફ્રી મેડિકલ કેમ્પ યોજીને લોકોને આરોગ્યલક્ષી સેવાઓ પણ પૂરી પાડવામાં આવી છે.

મુશ્કેલીના સમયમાં તાત્કાલિક ધોરણે જરૂરી મદદ પહોંચાડવા બદલ ભદેલી જગાલાલાના રેલ પ્રભાવિત લોકોએ વલસાડ રંગ પરિવારની આ ઉમદા કામગીરીને હૃદયપૂર્વક બિરદાવી હતી અને તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

### વલસાડ જિલ્લા ભાજપ પ્રદેશ મહિલા મોરચાના ઉપપ્રમુખની આગેવાનીમાં

# નારગોલમાં પુર અસરગ્રસ્ત પરિવારોને રાહત સામગ્રીનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૫ :** વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના નારગોલ ગામના સાપરિયા ફળિયા અને મીતના વાળ વિસ્તારમાં પૂરથી અસરગ્રસ્ત પરિવારોને પ્રદેશ ભાજપ મહિલા મોરચાના ઉપપ્રમુખ ગીતાબેન પટેલની આગેવાનીમાં જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગત ૨૩મીના રોજ સમગ્ર દક્ષિણ ગુજરાત તેમજ વલસાડ જિલ્લામાં ભારે વરસાદને લઈ તેમજ ઉમરગામ તાલુકામાં માત્ર એક જ દિવસમાં ૪૦ ઇંચથી વધુ વરસાદ વરસતા સમગ્ર વિસ્તાર જળબંબાકાર બન્યો હતો અને અનેક ગામોમાં રહેતા પરિવારના ઘરમાં પાણી ભરાયા ના બનાવ બન્યા હતાં. જેને લઇ આ અસરગ્રસ્ત પરિવારને મદદ માટે પ્રદેશ ભાજપ મહિલા મોરચાના ઉપપ્રમુખ ગીતાબેન પટેલની આગેવાનીમાં વલસાડ જિલ્લા તેમજ ઉમરગામ તાલુકા ભાજપ મહિલા મોરચાના હોદ્દેદારો દ્વારા રાહત સામગ્રી વિતરણ કરવામાં આવી હતી જેમા વલસાડ જિલ્લા ભાજપ મહિલા મોરચાના મહામંત્રી મનિષાબેન પ્રીતમનાની, ઉમરગામ તાલુકા મહિલા મોરચાના ઉપપ્રમુખ કલ્પનાબેન મિસ્ત્રી, દક્ષેશ પટેલ, ઓમ બોરામાને, અમિત પટેલ, મયંક પંચાલ તથા રહીનીશ તિવારી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં.

આ પ્રસંગે બંને ફળિયાના પૂરગ્રસ્ત પરિવારોને કપડાં, ફ્રૂટ પેકેટ તેમજ તાજા ફળોનું વિતરણ કરી રાહત પહોંચાડવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન અસરગ્રસ્ત પરિવારોને જરૂરી સહાય પહોંચાડવા માટે સૌએ સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

# રાબડામાં વિદ્યાર્થીઓને યુનિફોર્મ તથા નોટબુકનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૦૫ :** વલસાડ તાલુકાના રાબડા ગામે આવેલા માં વિશ્વંભરી તીર્થયાત્રા ધામના સંસ્થાપક શ્રી મહાપાત્રાજીની પાવન પ્રેરણાથી, માં વિશ્વંભરી ધામ ચેરીટેબલ ટ્રસ્ટ અને માં આદર્શ ગામ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટઁ દ્વારા રાબડા ગામની સાર્વજનિક માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે યુનિફોર્મ, નોટબુકો તેમજ ભોજન માટે થાળી-વાટકાના સેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પાવન પ્રસંગે તીર્થધામના સ્થાપક શ્રી મહાપાત્રજી સ્વયં ઉપસ્થિત રહ્યા હતાં અને વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે આશીર્વાદ પાઠવ્યા હતાં.

સમાજ સુધારણા અને લોક કલ્યાણને વરેલી આ સંસ્થાઓ દ્વારા પ્રતિવર્ષ ગામની પ્રાથમિક અને માધ્યમિક શાળાના સેંકડો વિદ્યાર્થીઓને શૈક્ષણિક સામગ્રી પૂરી પાડીને શિક્ષણનો માર્ગ સરળ બનાવવામાં આવે છે. આ સેવાયજ્ઞનું વિશેષ મહત્વ તો એ છે કે, કપરાડા અને ધરમપુર જેવા આર્થિક રીતે પછાત અને અંતરિયાળ વિસ્તારોમાંથી અભ્યાસ અર્થે આવતા વિદ્યાર્થીઓને આ આર્થિક બોજમાંથી રાહત મળતા તેઓના ચહેરા પર અનેરો આનંદ અને સંતોષની લાગણી છવાઈ ગઈ હતી.

આ પ્રેરણાદાયી કાર્યક્રમને સફળ બનાવવા બંને સંસ્થાઓના ટ્રસ્ટીઓ-કિશોરભાઈ ભલાણી, ચેતનભાઈ પટેલ, કિરીટભાઈ ડેડાણીયા અને રમેશભાઈ ડોબરિયા ઉપસ્થિત રહ્યાં હતાં. આ ઉપરાંત, સાર્વજનિક માધ્યમિક શાળાના આચાર્યશ્રી મિતેશભાઈ પટેલ તથા રાબડા ગામના અગ્રણીઓ સર્વશ્રી ભદ્રેશભાઈ પટેલ, શૈલેષભાઈ પટેલ અને સુમનભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં અને બંને સંસ્થાઓની આ ઉમદા કામગીરીને હૃદયપૂર્વક બિરદાવી હતી.

# ચર્ચાનો ચોતરો

નોંધ: દમણગંગા ટાઈમ્સમાં દર ગુરુવારે ચર્ચાનો ચોતરો વિભાગમાં વાચકો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. લખાણની સંપૂર્ણ જવાબદારી ચર્ચાપત્રીની છે, તંત્રી કે સંપાદક વાચકોના અભિપ્રાય કે મંતવ્યો સાથે સંમત છે તેમ માની લેવું નહિ. -સંપાદક

## ખુશ રહેવું એ એક કળા છે

**કિંજલ પંડ્યા**
**પારડી**



જીવનમાં સુખ શોધવું અને ખુશ રહેવું એ બંને વચ્ચે ખૂબ જ મોટો તફાવત છે. સુખ અવારનવાર બહારની વસ્તુઓ, નવી પરિસ્થિતિઓ કે કોઈ વ્યક્તિ પર આધારિત હોય છે, જ્યારે સાચો આનંદ આપણી અંદરથી પ્રગટતી એક સહજ સ્થિતિ છે. એટલા માટે જ કહેવાય છે કે ખુશ રહેવું એ કોઈ અચાનક બનતી ઘટના નથી, પરંતુ એક કેળવેલી કળા છે અને દુનિયાને જોવાની એક સુંદર દ્રષ્ટિ છે.

આજના આધુનિક અને દોડધામભર્યા જમાનામાં માણસ ભૌતિક સમૃદ્ધિ પાછળ સતત દોડી રહ્યો છે, પણ એની પાસે મનની શાંતિ અને સાચા હાસ્યની ઊણપ વર્તાય છે. આપણે અવારનવાર ખુશ રહેવા માટે શરતો મૂકી દઈએ છીએ, સારી નોકરી મળશે તો જ ખુશ થઈશે કે મોટું ઘર બનશે તો જ આનંદ મળશે. પરંતુ આવી શરતો પર આધારિત ખુશી ક્યારેય કાયમી નથી હોતી. સાચી કળા તો એમાં છે કે પરિસ્થિતિ ગમે તેવી હોય, આપણે આજની ક્ષણને જીવતાં શીખવું જોઈએ. જે વ્યક્તિ પાસે આવી સકારાત્મક દ્રષ્ટિ છે, તે સવારના કુમળા તડકામાં, ચાની ચુસકીમાં કે કોઈ બાળકની નિર્દોષ મુસ્કુરાહટ જેવી નાની-નાની બાબતોમાં પણ પૂરો આનંદ શોધી લે છે.

એક જૂની કહેવત છે કે, દ્રષ્ટિ બદલાય તો સૃષ્ટિ બદલાય છે. જીવનમાં તકલીફો અને પડકારો તો દરેકના માર્ગમાં આવવાના જ છે, પણ તેને જોવાનો આપણો અભિગમ જ આપણી સાચી ખુશી નક્કી કરે છે. જો આપણે મન પર નકારાત્મકતા, બીજા સાથેની સરખામણી અને અહંકારનો ભાર રાખીએ, તો આપણું હૃદય ક્યારેય હળવું થઈ શકતું નથી. આ નકામો ભાર મનમાંથી કાઢી નાખવો એ જ ખુશ રહેવાની પહેલી શરત છે. સકારાત્મક વિચારસરણી ધરાવતો માણસ મુશ્કેલીમાંથી પણ કંઈક નવું શીખવાનો અવસર શોધી લે છે, જ્યારે નકારાત્મક મન દરેક સારા સમયમાં પણ કોઈ ને કોઈ ખામી જ શોધતું રહે છે.

આ આનંદની કળા મેળવવા માટે મુખ્યત્વે ત્રણ બાબતો ખૂબ મહત્વની છે પહેલી, ભૂતકાળના અફસોસ અને ભવિષ્યની ચિંતાઓ છોડીને વર્તમાનમાં જીવવું. બીજી, જીવનમાં આવતા અણધાર્યા ફેરફારો અને અપૂર્ણતાઓને સહજતાથી સ્વીકારવી. અને ત્રીજી, પોતાનો આનંદ બીજા સાથે વહેંચવો, કારણ કે સાચો આનંદ હંમેશા બીજાના ચહેરા પર સ્મિત લાવવાથી બમણો થતો હોય છે.

આખરે, ખુશ રહેવું એ બહારના સંજોગો પર નહીં, પરંતુ આપણા પોતાના આંતરિક નિર્ણય પર આધાર રાખે છે. આથમતો સૂરજ આપણને રોજ એ જ શીખવે છે કે રાત ગમે તેટલી ઘેરી હોય, સવારનો નવો ઉજાસ ચોક્કસ આવવાનો જ છે. પરિસ્થિતિ ગમે ત્યારે બદલાઈ શકે છે. જો આપણે ખુશ રહેવાની આ સાચી દ્રષ્ટિ કેળવી લઈએ, તો જીવનનો દરેક દિવસ એક ઉત્સવ બની જાય છે અને આપણે સાચા અર્થમાં મોજમાં જીવી શકીએ છીએ.

## મા- બાપની પડખે હંમેશા અડીખમ ઉભી રહે છે તે- દીકરી

**અશરફ ચુડાસમા**
**ભીલાડ**



આપણે સમાજમાં દીકરો અને દીકરીના ભેદ પાડ્યા છે. આ ભેદ પ્રમાણમાં પહેલાં કરતા ઓછા થયા છે. પણ સાવ નથી એમ તો ન કહેવાય. પુત્ર વંશ રાખનાર ગણાય છે. પિતાને અગ્નિદાહ આપનાર ગણાય છે. જૂની રંગભૂમિ પર એક એવું પણ ગીત ગવાતું હતું કે, દીકરો જન્મે તો સાકર વેચાય છે અને દીકરીઓ સાપના ભારા મનાય છે. એક નારીવાદી બહેન કહેતાં હતાં કે, આપણાં પાઠ્યપુસ્તકોમાં આવા ચિત્રો છપાય છે કે, ભાઈ વાંચે છે અને બહેન ઝાડું કાઢે છે. રોજિંદા કામ સાથે પણ આપણેને સંડોવીએ છીએ. ઘરમાં મહેમાન આવે ત્યારે પાણી લાવવાનું કામ સ્ત્રીનું જ ગણાય. પુરુષ ઉભો થઈને પાણીનો પ્યાલો પણ નથી આપતો. આપણે ત્યાં એક કહેવત છે કે, લોચાપોચા માડીના ને મોટા થાય એટલે લાડીના. હવે તો એવો જમાનો આવ્યો છે-ખાસ કરીને શહેરમાં વહુ નહીં પણ સાસુ એડજસ્ટ થાય છે. ગોઠવાય છે. લાચારીથી નહીં પણ સમજણથી ગોઠવાય એનો મહિમા છે. એક બહેને બહુ સરસ વાત કરતાં કહેલું કે, ઘરમાં વહુ આવે એટલે કંઈક અંશે ઘર ખુલ્લું થાય છે. છુપાવવા જેવું કશું હોતું; નથી પણ દરેક ઘરને કશુંક અંગત પણ હોય છે. દીકરા માટે એમ કહેવાય છે કે ઘડપણની લાકડી છે. ખરેખર તો ઘડપણમાં કામ આવશે એ વિચારથી સંતાનોને ઉછેરાય જ નહીં. સંતાનો એ આપણા ઘડપણ માટેના પગલુછણિયા ન હોય. આપણે જો આપણા સંતાનોને સચ્ચાઈથી અને પ્રેમપૂર્વક ઉછેરીએ અને ઉછેરતા ઉછેરતા આપણે પણ વિકાસ પામીએ તો એ કદી અધમ નહીં પાકે. કેટલાકને વિપરીત અને વિચિત્ર અનુભવ પણ થાય છે કે ઘડપણ માટે જે લાકડી હોય એ દીકરો લાકડીનો સહારો આપવાને બદલે લાકડી ઉગામે પણ છે. મા-બાપને પડખે જેટલી દીકરી રહે છે એટલું કોઈ રહેતું નથી. એવો સાંસારિક અનુભવ છે. હું એમ માનું છું કે ભેદભાવ વિના જો તમે સંતાનોનો તો કશું અવડું ન થાય અને અવળું થાય તો પણ દુઃખ ન અનુભવવું જોઈએ. કારણ કે, દુઃખ આપણી અપેક્ષામાંથી જન્મે છે. વસિયતનામા વસ્યતના મામા દીકરીનો પણ વસિયતનામામાં દીકરીનેનો પણ પુરો હક હોવો જોઈએ અને અગ્નિદાહ આપવાનો અધિકાર દીકરીને પણ હોવો જોઈએ.

શિક્ષા, ગુણ, સંસ્કાર રોપી દો
પછી દીકરા સમ સક્ષમ છે દીકરી.
સહારો આપો જો વિશ્વાસનો તો
પવિત્ર ગંગાજળ છે દીકરી.
પ્રકૃતિના સદગુણ જો સીંચો તો
પ્રકૃતિસમ નિશ્ચલ છે દીકરી.
બેટી બચાઓ બેટી પઢાઓ, આપણી આવતીકાલ છે દીકરી.

## વહી ગઈ જિંદગીની કમાણી

**અશોક જોશી,**
**બીલીમોરા**



જ્યારે ૧૯૬૮ પછીના સૌથી ભયાનક પૂરે સપનાઓનો માળો વિખેરી નાખ્યો

હવામાન વિભાગની આગાહી તો હતી, પણ ૧૯૬૮ પછી ૫૫ વર્ષે આવેલા રૌદ્ર પૂરે જે તબાહી મચાવી એનો અંદાજો કોઈને નહોતો. રાતોરાત નદીઓ ગાંડીતૂર બની અને ગણતરી ના સમયમાં તો ઘરોમાં દરિયો ભરાઈ ગયો. આ માત્ર પાણી નહોતું, પણ લોકોની આખી જિંદગીની મહેનત અને લોહી પાણી એક કરીને બનાવેલા સપનાઓને તાણી જનારો કાળ હતો. દરેક ઘરની પાછળ કાળજું કંપાવી નાખે તેવી એક દર્દનાક કહાની છે. ઘરનો સભ્ય ગણાતી ગાડીઓ આજે કાદવમાં કૂંપાઈ ગઈ છે અને લક્ષ્મી-ગૌરી જેવા નામથી વ્હાલથી બોલાવાતા મૂંગા પશુઓ પાણીના વહેણમાં વહી ગયા. તબેલાઓ આજે ખાલીખમ અને વેરાન ભામે છે. તો બીજી તરફ, ઉમરગામથી વલસાડ સુધી રાત-દિવસ જાગીને સીંચેલા ઝીંગાના કરોડોના તળાવો એક જ રાતમાં એક થઈ ગયા. જે મહેનતથી બાળકની જેમ ઝીંગા ઉછેર્યા હતા, એ આંખ સામે તણાઈ જતાં ખેડૂતો આજે દેવાના ઊંડા ખાડામાં ધકેલાઈ ગયા છે. મધ્યમવર્ગીય પરિવારો માટે તો આ પૂર આભ તૂટી પડવા સમાન હતું. હજુ જેના ઈએમઆઈ ભરવાના બાકી છે એવા ફ્રિજ, વોશિંગ મશીન અને લેપટોપ કાદવવાળા પાણીમાં તરતા દેખાયા. હપ્તા હજુ ચાલુ રહેશે, પણ સામાન ગાયબ થઈ ગયો!

બીલીમોરા,ચીખલી, વાંસદા,ગણદેવી અને નવસારીના બજારોમાં અસલી દર્દ તો પૂર ઓસર્યા પછી શરૂ થયું.

દુકાનોના શટર ખુલતા જ અંદર કાદવ, સડેલો માલ અને વર્ષો જૂના દસ્તાવેજો તથા યાદગાર આલ્બમોનો રબ્બો જોઈને વેપારીઓની આંખોમાંથી શ્રાવણ-ભાદરવો વહી નીકળ્યો હતો.ભાઠા અને ઊંડાચ ગામમાં સૌથી ભયાનક તારાજી ના દ્રશ્યો સામે આવ્યા હતા. ઘરવખરી અદ્રશ્ય જ થઈ ગઈ હતી.

આ પૂરમાં માત્ર ઘરો કે સામાન નથી તણાયો,પણ લોકોના સપના, ભવિષ્યની આશાઓ અને આખી જિંદગીની એકત્ર કરેલી મુડી તણાઈ ગઈ છે. કુદરતના આ કોપ સામે આજે માણસ લાચાર બનીને પોતાના વિખેરાયેલા સંસારના અવશેષો શોધી રહ્યો છે.

## મેઘ તાંડવના રોદ્ર સ્વરૂપથી તબાહી!

**ચંદ્રકાંત પ્રભાકર**
**મગોદ ડુંગરી**



ગત તા ૨૨ મી જુલાઈએ દક્ષિણ ગુજરાતમાં મેઘ તાંડવ રોદ્ર સ્વરૂપ ધારણ કરતા વલસાડ તથા ઉપરવાસના ધરમપુર તાલુકામાં અતિભારે ધોધમાર વરસાદ પડવાને કારણે ઔરંગા નદીમાં પૂર આવતા નીચાણવાળા ઔરંગા નદીને અડીને આવેલા અનેક ગામડાઓ પાણીમાં ગરકાવ થયા સાથે વલસાડ શહેરને જોડતા તમામ માર્ગો ડૂબી જતા વાહનોની અવરજવર જોખમી બની હતી. વલસાડ શહેરને અડીને આવેલા કૈલાસરોડ, કાશ્મીર નગર, તરીયાવાડ, લીલાપોર, ભદેલી, હિંગરાજના ઘરોમાં તથા છીપવાડ દાણાબજાર પાણીમાં ગરકાવ થતા લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. શહેરના તમામ માર્ગો પર નદી વહેતી હોય તેવી પરિસ્થિતિ સર્જવા પામી હતી. આપણા વલસાડ જિલ્લામાં ૧૯૬૮ પછીનું આ સૌથી વિનાશક પૂર હતું. રાત્રે આવેલું આ પૂર લોકોને અંદાજો ન હતો. જુના વડવાઓના કહેવા મુજબ ૧૯૬૮ મા આવું પૂર અમે જોયું હતું આજે આ ભયાનક વિનાશક પૂર આવ્યાને આજે ૫૯ વર્ષ વીતી ગયા પછી ફરી એજ પૂરની પરિસ્થિતિ જોવા મળી છે. હવામાન વિભાગે આગાહી તો કરી હતી. પણ કોઈને આ સ્થિતિનો અંદાજો ના રહ્યો હતો કે આ મેઘ તાંડવનું રૂદ્ર સ્વરૂપ આખી જિંદગીની કમાણી તાણી જશે. આ મુશધાર વરસાદથી રાતોરાત નદીઓ ગાંડી થઇ અને સવાર સુધીમાં તો ઘરો પાણીમાં ગરકાવ થઇ ગયા હતા. લોકોની નજર સમક્ષ જિંદગી તણાતી જોઈ. આ દેમાર પડેલા વરસાદના પ્રચંડ પ્રવાહમાં મૂગા જીવો ઘરવખરીના સામાન, મોંઘા ફર્નિચર, કાર ટુ વ્હીલર, બાળકોના પાઠ્યપુસ્તક અને અગત્યના ડોક્યુમેન્ટ, કોઈનો ફ્રિજ તો કોઈનું વોશિંગમશીન, લેફટોપ અને લાખ રૂપિયાના ફર્નિચર જે જિંદગીની કમાઈના એક એક રૂપિયા જોડીને બનાવ્યા હશે એ બધુ જ એક ઝાટકે પાણીમાં વહી ગયુ.

વલસાડના ઐતિહાસિક દાણાબજાર છીપવાડ જ્યા દરરોજ કરોડો રૂપિયાનું અનાજ, કઠોર, મરીમસાલા અને કૃષિ ઉત્પાદનનો વેપાર થાય છે. એક વેપારી માટે એની દુકાન એજ એનું બીજું ઘર માને છે. સવારથી રાત સુધી ત્યાં જ એનો જીવ હોય છે પૂરમા અનાજથી ભરેલા ગોડાઉન પાણીમાં ડૂબેલા હતાહજારો બોરીમાં ભરેલું અનાજ સઘળું પાણીમાં પલળી ગયુ. વેપારીઓની વર્ષોની મહેનત એક ઝાટકે પાણીમાં વહી ગઈ. અસલી દર્દ તો પૂર ઓસર્યા પછી શરુ થાય છે જયારે વેપારી પોતાની દુકાને જઈ જુએ છે તો અંદર કાદવ સાથે રફે દફે થયેલું અનાજ, તૂટેલું ફર્નિચર જુએ ત્યારે ભલભલાનું હૃદય કંપી ઉઠે છે. કાદવમાં ખુપેલી ગાડીઓ અને એ ગાડી ફક્ત લોઢું નથી એ બાપે દીકરા માટે જોયેલું સપનું છે. ખેતીની જમીનો, ઉભા પાકને નુકશાન, પૂરના પાણીમાં ઘસડાઈ જતા એ મૂંગા જીવોએ તડફડતા કેટલી બૂમો પાડી હશે...? માલિકે પશુધનને બચાવવા કેટલી જહેમત ઉઠાવવા પડી હશે. સમગ્ર તાલુકાઓની પૂર તબાહીની તસ્વીરો સામે આવી છે ત્યારે ખૂબજ અગત્યના ડોક્યુમેન્ટ આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ, લાયસન્સ અને પહેરવાના કપડાં બધુ જ પુરમાં હોમાઈ ગયુ પાણીમાં પલળીને કાદવ થઇ ગયુ.

વલસાડ જિલ્લામાં આવેલા વિનાશકારી પુરે મકાનો અને ખેતીઓને નહિ બલ્કે સમગ્ર ગુજરાતના ગૌરવ ગણાતા ઝીંગા ઉદ્યોગને ઘૂંટણીએ લાવી દીધા છે. વલસાડ જિલ્લાની પટ્ટી પરના માછીમારોની આવડતને ઉજાગર રાખી સમગ્ર ગુજરાતમાં મત્સ્યઉદ્યોગ ક્ષેત્રે ઉતરોઉત્તર વિકાસના પંથે દોર્યું છે. દેશ - વિદેશ સુધી વિવિધ પ્રકારની માછલીઓ પહોંચાડવાનું કામ કાંઠા વિસ્તારના દરિયાઈ પટ્ટી પરના માછીમારોનો અમૂલ્ય ફાળો છે. દેમાર વરસાદના પાણીના પ્રચંડ પ્રવાહથી ઝીંગાના ફાર્મ તળાવો પાણીથી છલકાય જતા તથા પાણીના વહેણથી તળાવના પારો તૂટી જતા તમામ ઝીંગા પાણી સાથે વહી જતા ઝીંગા ઉદ્યોગ સાથે જોડાયેલા તમામ પરિવારના સપના પાણીમાં વહી ગયા છે. ઝીંગા ઉદ્યોગને મોટું નુકશાન થયું છે. પ્રાપ્ત વિગત મુજબ સ્થાનિકોના કહેવા મુજબ ૧૫૦ કરોડનો વિનાશકારી ફટકો પડ્યો હોવાનું જાણવા મળ્યું છે સાથે કાંઠા વિસ્તારના મીઠા ઉદ્યોગને મેઘ તાંડવના કહેરથી લાખો ટન ઉત્પાદિત મીઠું પાણીમાં ગરકાવ થતા હજારો અગરિયા પરિવારો સામે રોજીરોટીનો પ્રશ્ન અને જીવનનિવાહ માટે સંકટ ઊભું થયેલ છે. પૂર આવે છે, પાણી ઉતરી જાય છે પરંતુ પાણી ઉતરી ગયા પછી જે તબાહીના દ્રશ્યો સામે આવ્યા તે વધુ ભયાનક હોય છે. દરેક વખતે લોકોની તનતોડ મહેનત, સપના અને કરોડોની સંપતિ આવા વિનાશકારી પુરમાં વહી જતી હોય ત્યારે એના ભોગ બનનારને કેટલું સહન કરવાનું આવે છે. હૃદયને કંપાવી નાંખે તેવી આ ઘટના છે.

## ‘વિચારોનું સામ્રાજ્ય : વ્યક્તિત્વના ઘડતરનો પાયો’

**લાયન કિરીટ શાહ**
**વાપી**



માનવજીવન એક એવી અનોખી સફર છે, જેમાં દરેક ક્ષણે વિચારોનું વિશેષ સ્થાન હોય છે. જીવનમાં બનતી દરેક ઘટના, લેવાતા દરેક નિર્ણય અને પ્રાપ્ત થતી દરેક સફળતા કે નિષ્ફળતા પાછળ આપણા વિચારો જવાબદાર હોય છે. તેથી જ કહેવાય છે કે મનુષ્ય જેવો વિચાર કરે છે, તેવો જ બની જાય છે. આપણા વિચારો જ આપણા વ્યક્તિત્વનું ઘડતર કરે છે અને જીવનને યોગ્ય દિશા આપે છે.

વિચારો એ મનની શક્તિ છે. સકારાત્મક વિચારો મનુષ્યમાં આત્મવિશ્વાસ, હિંમત અને આશાવાદ જગાવે છે, જ્યારે નકારાત્મક વિચારો ભય, નિરાશા અને અસફળતાની લાગણી જન્માવે છે. જો આપણે સારા વિચારોને જીવનમાં સ્થાન આપીએ તો આપણા વર્તનમાં સૌજન્ય, સહનશીલતા અને કરુણાનો વિકાસ થાય છે. આવી વ્યક્તિ સમાજમાં સન્માન મેળવે છે અને પોતાના કાર્યો દ્વારા બીજાઓને પણ પ્રેરણા આપે છે.

વિચારશીલ મનુષ્ય ક્યારેય ઉતાવળમાં નિર્ણય લેતો નથી. તે દરેક પરિસ્થિતિનું શાંતિથી મૂલ્યાંકન કરે છે, પરિણામો વિશે વિચાર કરે છે અને પછી યોગ્ય પગલું ભરે છે. તેની વિચારસરણી તર્ક, અનુભવ અને મૂલ્યો પર આધારિત હોય છે. આવા લોકો જીવનમાં આવતી મુશ્કેલીઓને પણ વિકાસની તક તરીકે સ્વીકારે છે. તેમની સકારાત્મક દૃષ્ટિ તેમને સતત આગળ વધવાની પ્રેરણા આપે છે

આજના ઝડપી અને સ્પર્ધાત્મક યુગમાં અનેક પ્રકારના વિચારો આપણા મનને ઘેરી લે છે. સોશિયલ મીડિયા, આસપાસનું વાતાવરણ અને વિવિધ અનુભવો આપણા વિચારોને અસર કરે છે. તેથી જરૂરી છે કે આપણે સારા પુસ્તકો વાંચીએ, મહાન વ્યક્તિઓના જીવનમાંથી પ્રેરણા લઈએ, સારા લોકોનો સંગ કરીએ અને પોતાના મનને હંમેશાં સકારાત્મક દિશામાં વાળવાનો પ્રયત્ન કરીએ. શુદ્ધ અને સર્જનાત્મક વિચારસરણી જીવનને સુખમય અને અર્થપૂર્ણ બનાવે છે.

વિચારોનું મહત્ત્વ માત્ર વ્યક્તિગત જીવન પૂરતું મર્યાદિત નથી. પરિવાર, સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં પણ સારા વિચારોની મહત્વપૂર્ણ ભૂમિકા છે. જે સમાજમાં સકારાત્મક વિચારસરણી ધરાવતા લોકો વધુ હોય છે ત્યાં પ્રેમ, એકતા, શાંતિ અને પ્રગતિનું વાતાવરણ સર્જાય છે. મહાન વૈજ્ઞાનિકો, સમાજસુધારકો અને નેતાઓએ પણ પોતાના ઉત્તમ વિચારોના બળે ઈતિહાસ રચ્યો છે. અંતમાં કહી શકાય કે જીવનની દરેક રમત વિચારોની રમત છે. આપણા વિચારો જ આપણા વ્યક્તિત્વનું નિર્માણ કરે છે અને આપણા ભવિષ્યનો માર્ગ નક્કી કરે છે. તેથી આપણે હંમેશાં સારા, ઉન્નત અને રચનાત્મક વિચારો અપનાવવાનો સંકલ્પ કરવો જોઈએ. જ્યારે વિચાર શુદ્ધ બને છે, ત્યારે વર્તન સુંદર બને છે; વર્તન સુંદર બને ત્યારે વ્યક્તિત્વ ઉજ્જવળ બને છે; અને ઉજ્જવળ વ્યક્તિત્વ જ સફળ, સુખી અને અર્થપૂર્ણ જીવનનો સાચો આધાર બને છે.

**દમણગંગા ટાઈમ્સમાં દર ગુરૂવારે ચર્ચાનો ચોતરો વિભાગમાં વાચકો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. લખાણની સંપૂર્ણ જવાબદારી ચર્ચાપત્રીની છે, તંત્રી કે સંપાદક વાચકોના અભિપ્રાય કે મંતવ્યો સાથે સંમત છે તેમ માની લેવું નહિ.**
**-વ્યવસ્થાપક**

## વાહન પ્રદૂષણથી મોત

**ડો. જે. એમ. નાયક**
**નવસારી**



૨૧ મી સદીમાં વાહનો હવે જાણે દરેક માટે અનિવાર્ય બની ગયા છે પરંતુ એ જ વાહનોના પ્રદૂષણ થકી લોકો અસ્થમાનો ભોગ બને છે. એટલું જ નહીં વાહનોના પ્રદૂષણથી અનેક માણસો મોતને પણ ભેટે છે. ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઓન ક્લીન ટ્રાન્સપોર્ટેશનના એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે વાહન પ્રદૂષણને પરિણામે ભારતમાં દર છ મિનિટે એક વ્યક્તિ મૃત્યુ પામે છે. એટલું જ નહીં અસંખ્ય લોકો અસ્થમાનો ભોગ પણ બને છે. વિશ્વમાં આપણો દેશ ભારત વાહન પ્રદૂષણથી થતા અવસાનની બાબતમાં બીજા નંબરે આવે છે કે જે ખૂબ જ ચિંતા પ્રેરે એવી બાબત છે. વાહનોમાંથી નીકળતો ઝેરી ધુમાડો એ લોકોના આરોગ્ય માટે ખૂબ જ નુકસાનકારક પુરવાર થાય છે. પેટ્રોલ અને ડીઝલથી ચાલતા વાહનોથી થતા પ્રદૂષણને પરિણામે લોકો અકાળે મોતને ભેટે છે. જો વાહન પ્રદૂષણની સામે કોઈ પગલા લેવામાં નહીં આવશે તો અસંખ્ય લોકો મોતને ભેટશે. દરેક વાહનોનું પી.યુ.સી. ફરજિયાત હોવા છતાં ઘણા વાહન માલિકો પોતાના વાહનોનું પી.યુ.સી. કરાવતા નથી. આપણા દેશમાં વર્ષો વર્ષ વાહનોની સંખ્યા તો વધતી જ જાય છે. આ સંજોગોમાં વાહન પ્રદૂષણના મોતથી બચવું હોય તો લોકોએ હવે ઈ - વાહનો તરફ ઝડપથી વળવું પડશે. એક અંદાજ એવો છે કે ભારતમાં રોડ પર પરિવહન સંબંધિત પ્રદૂષણથી ૯૦,૦૦૦ જેટલા લોકોના મોત દર વર્ષે થાય છે. આ ખૂબ જ ચિંતાપ્રેરક બાબત છે. સરકાર સવેળા જાગીને આ દિશામાં ઝડપથી પગલાં લે એ ખૂબ જ જરૂરી છે.

## મહેનત અને સમજદારી જીવનને સફળ બનાવે છે

**- પ્રવીણચંદ્ર ચુનીલાલ દેસાઈ,**
**વટાર**



જન્મ અને મરણ ઉદય અને અસ્ત ખીલવું અને કરમાવુ. આ સૃષ્ટિનો ક્રમ છે. થોડુ મોડુ કે વહેલું સૌએ આ સૃષ્ટિમાંથી જવાનું જ છે. વિદાય લેવાની જ છે. જન્મ અને મરણ વચ્ચેનો સમયગાળો એ જ જીવન છે. એ જીવનને કેવી રીતે સફળ બનાવવું એ માનવીના હાથમાં છે. સફળતાના કોઈ શોર્ટકટ હોતો નથી. જીવનમાં સફળ અને સુખી થવું હોય તો આ બે વાતથી હંમેશા દુર રહે એક મારે કોઈની જરુર નથી એવો અહમ અને બે. બધાને મારી જરુર એવો વહેમ કર્યાનું અભિમાન નહી. અને કદરની અપેક્ષા નહી એ જ સાચો પ્રણાલી છે. જીવનમાં આપણને ઘણુ બધુ મળે છે પણ આપણે ગણતરી નહી મળ્યાની જ કરીએ છીએ.

સારા સંસ્કાર કોઈ મોલમાં નહી પણ ઘરના સારા મોલમાં જ મળે છે. સંસ્કાર એ સારા જીવનની ધરી છે. આપણો માનવ ધર્મ કે શાસ્ત્રો માનવ જીવનની દીવા દાંડી છે. આપણા લીધે કોઈનો આત્મા દુભાઈ નહી નીતિ સારી રાખો લોકોનું સારુ ઈચ્છો જીવનમાં અહદ સુધી બનો જયારે તકલીફના સમયમાં હોય ત્યારે ભગવાનને પછી પહેલાં તમને યાદ કરે. ધર્મ તો માત્ર રસ્તો બતાવે, પણ સારા કર્મો મુકામ પર પહોચાડે.

જીવનમાં અહમ, વહેમ અને ગેરસમજ છોડજો. સંબંધો છોડીને ચાલવાથી કોઈ ખુશ રહ્યુ નથી. માનવીના જીવનના કાર્યોનું ઈશ્વરના રડારમાં ચાલતું રહેતુ હોય છે. એ માનવીએ ભુલવુ નહીં જોઈએ. મનુષ્યનો અંતર આત્માનો અવાજ શરીરી સુપ્રિમ કોર્ટ છે. એટલે કોઈ કામ માટે ભીતરનો અવાજ ના પાડે તો તે કામ છોડી દેવું.

નહીં તો પસ્તાવાનો વારો આવે છે. પણ અફસોસ એ વાતનો હોય છે કે માણસ પાપું કામ કરે છે ત્યારે ડાબે જમણે જોઈ લેતા હોય છે પરંતુ ઉપર જોવાનું ભુલી જાય છે એટલે જ સુખ દુઃખ કર્મને આધિન છે. રજ સરખી મલિનતા પણ ઈશ્વર સ્વીકારતો નથી એટલે તો તે પુષ્પોને ઝાંકળથી ધુએ છે.

રોગના ડરથી માણસ ખાવનું બંધ કરી દે છે. પણ પાપના ડરથી પાપ કરવાનું બંધ નથી કરતો. છે ને આશ્ચર્યની વાત. પોતાની ઓળખાણ બતાવવામાં સમય બરબાદ ન કરો. મહેનત કરો સમય ખુદ તમારી ઓળખાણ બીજાને કરાવશે.

જિંદગી કાર્ડિયોગ્રામ જેવી છે. ક્યારેક સીધી લીટીમાં નથી ચાલતી. સમય બતાવી શકે છે કે તમારી પાસે કેટલો પૈસો છે પણ પૈસો નથી બતાવી શકતો કે તમારી પાસે કેટલો સમય છે. માનવી ગમે તેટલો મોટો હોય તેની કદર સંસ્કાર અને ગુણોથી થાય છે.

માનવીને જયારે જે તે પ્રસંગે ભાવુક બની જાય છે ત્યારે તેના હૃદયને લાગણીનો પરસેવો વળે છે ત્યારે તે આસુ રૂપે બહાર આવે છે દૃષ્ટી એવી જો ગુણવાન બનાવજો કે કોઈના દોષ દેખાય નહી. ઈજ્જત પૈસાથી વધે છે એ ભ્રમ છે પણ યાદ રાખજો ઈજ્જત પૈસાની છે તમારી નહી.

સર્વજન હિતાય સર્વજન સુખાયની ભાવના સાથે સેવાકીય પ્રવૃત્તિ રો. વડીલોના સંસ્કારને વારસાને દીપાવો. ઈશ્વરની ખુશી એમાં જ છે. પોતાના વિચારોથી બંધાયેલા રહેજો. પણ મા-બાપના સંસ્કારોથી બંધાયેલા રહેજો. સ્વાર્થ અને અપેક્ષા સંબંધને સુકવી રાખે છે.

સારા માણસ ખરાબ સમયમાં પણ સારા હોય છે. જે માણસ વાસ્તવિકતા અને અપેક્ષા વચ્ચે સુમેળ સાધીને ચાલે છે કે જીવે છે તે કયારેય દુઃખી થતો નથી. છેલ્લા શ્વાસ સુધી પ્રયત્નો કરતા રો સફળતા મળે કે અનુભવ બંને વસ્તુ કિંમતી છે. શરુર અને સમાજને પતન તરફ લઈ જનારા વ્યસનો અને એનાથી થતી આડ અસરો ગંભીર પરીણામ આપવા સમ થઈ જાય છે.

## શીલપાલનમાં કટ્ટર બનો

**હર્ષદ દેસાઈ**
**વટાર**



માનવ જીવનનું સૌથી મોટુ સૌદર્ય હોય તે બ્રહ્મચર્ય છે. બ્રહ્મચર્ય એટલે ઉત્સાહ, સારા કામોમાં અદમ્ય ઉત્સાહ આપનાર આનંદ, અપૂર્વ ચિત્ત. પ્રસન્નતા આ ગુણો વિના જીવન કોઈપણ ક્ષેત્રમાં કોઈ પણ સફળતા મળી શકે નહી પણ આ છે ભાવ- બ્રહ્મચર્ય. આ આનંદ ઉત્સાહ અને પ્રસન્નતાને તેજ પમીશ કે જેના શરીરમા બધી રીતે વધુમાં વધુ વીર્યની રક્ષા થઈ હોય. સંગ્રહ પામેલું. ઘટ બનેલું તે વીર્ય ઓજ અને તેજરૂપ બની રદયમાં અને ચામડીમાં એક રસ બની જાય છે.જે લોકો વિજાતીય, સજાતીય અને સ્વજાતીય રીતે વીર્યનો નાશ કરે તે લોકોના જીવનના સત્કાર્યો કરવામાં ઉત્સાહ ખુબ ઓછો રહે છે. બિલકુલ હોતો નથી. આવા લોકો આ દેશ કે આ દેશની ધર્મ સંસ્કૃતિ આ દેશની પ્રજા રક્ષા કે સેવા કરવામાં કાયર કે સાવ નિષ્ફળ નીવડે છે.. આ વાત જો બિલકુલ બરાબર હોય તો વીર્ય નાશ એ કોઈ પણ સંયોગમા યોગ્ય ન ગણાય. છતાં જેને વાસના ખુબ સતાવતી હોય તે માણસ જેની તેની સાથે જેવા તેવા વૃત્તિઓ ભરેલા ગંદી રીતે રસમોના અકાર્યો કરીને વધુ પડતો વીર્ય નાશ કરી ન બેસે તે માટે નો સંસ્કૃતિના સંરક્ષકોએ લગ્નજીવનમાં સંમત્તિ આપી છે. એ જીવનને સ્વીકારીને તે જીવ એક જ વિજાતીય પતિ કે પત્ની સારી રહે. અને પોતાની વાસનાને શાંત કરીને વધુમાં વધુ શીલ પોતાના જીવન સંગાથી સાથે પાળે અને બાકીના તમામ સ્ત્રી પુરુષો સાથે સંપૂર્ણપણે શીલ પાળે. પુરુષ કરતા સ્ત્રીએ તો વિશેષતઃ શીલ પાલન ચુસ્ત પણે કરવાનું છે. કેમ કે, તે માતા બનવાની છે. તેણે ઉત્તમ કોટીના જે સંતાનોની ભેટ જગતને આપવાની છે. તેમને નવ માસ પેટમાં રાખીને તેમનું આખુય શારીરક અને સંસ્કારિત ઘડતર કરવાનું છે. આથી જ તેના શરીરમાં અનેક પરપુરુષોનું તત્વ કદી સંક્રાંત થવુ ન જોઈએ. પુરુષ દાયક છે. તો સ્ત્રી ગ્રાહક છે. જો તેના દેહમાં તે વિવિધ તત્વોનું મિશ્રણ થયુ તો તેની પ્રજા એકાદ ભ્રષ્ટ અને વર્ણસંકર બની જવાની. જે વાત તેના પોતાનાથી કુટુંબથી માંડી આખી ભારતીય પ્રજા અને ભારત દેશ માટે અત્યંત ગંભીર છે. કયારેક દેશમાં એક જ સેતાન પાકે તો આખો દેશ બરબાદ થઇ જાય.

કામ કામ ને મારે છે તે ઉક્તિ એકદમ સાચી છે. પુષ્કળ શારીરિક શ્રમ વાસનાઓને શાંત કરી દે એ વાત પણ તદ્દન સાચી છે. આથી જ શંકરાચાર્યજીએ કહ્યું છે કે ભાઈ, તને સ્વપ્નેય સ્ત્રીના વસ્ત્રનો રાતો દેખાય જાય તો બીજે દિ કાંતો ઉપવાસ કર દેજે અથવા ઘંટી દળવા બેસી જજે.

શીલવાનો અને બ્રહ્મચારીઓથી તો આ દેશ એકવાર ઉભરાતો હતો. વધુમાં વધુ દિવસોનું શીલ પાળવાને કારણે એવા શીલવાનો જે સંતાનો પ્રાપ્ત કરતા તે બધા અસામાન્ય કોટીના મહામાનવો બનતા.આથી જ માતાઓને કહેવાતું છે. જનની જેણ જે બુદ્ધ જન, કાં દાતા કાં શુર નહીં તો રહેજે વાંઝણી, મત ગુમાવજે નુર.

જે આ દેશનું અને તેની પ્રજાનું ખરેખરુ ઉત્થાન કરવું હોય કે તેના અભ્યુદય કાળ લાવવો હોય તો કોઈ ભગવાન અવતરીને લાવવાના નથી. આપણે જ તે કામ કરવાનું છે. એમાં સૌથી પહેલી વાત શુરવીર અને સંત પુરુષને જન્મ આપતી નારીઓને અત્યંત ઊંચી શીલવતીરૂપ તૈયાર કરવાની છે. એ વિના દેશ દાઝની બધી વાત વાહિયાત છે.

એક જ નારી જીજાબાઈ, એક જ પ્રેરક સ્વામી કોંડદેવ.

પ્રાપ્ત થયુ : એક જ વીર સંતાન શિવાજી

ઈસ્લામનો ઝંઝાવતી પવન એક જ ધડાકે પાછો વળી ગયો. વાસનાના તત્વને કાબુમાં લો. તે માટે ઉત્તેજક નિમિતોથી સદા વેગળા રહો.

# અન્ય સમાચારો

Thursday 06, August 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

## આહવા-નવાપુર માર્ગ પર કાર પલટી સળગી ઊઠી, મુસાફરોનો બચાવ



**સાપુતારા, તા.૦૫ :** ડાંગ જિલ્લાના આહવા-નવાપુર માર્ગ પર આજે વહેલી સવારે એક ગંભીર માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. કોટબા ગામ નજીક આવેલા પવન પુત્ર વે-બ્રિજ પાસે એક કારચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતાં કાર પલટી ખાઈ ગઈ હતી અને જોતજોતામાં કારમાં ભીષણ આગ ફાટી નીકળી હતી.આ સવારના સમયે બનેલી ઘટનામાં સદનસીબે મોટી જાનહાનિ ટળી હતી અને કારમાં સવાર તમામ મુસાફરોનો આબાદ બચાવ થયો હતો. મળતી વિગતો અનુસાર, MH 23 BH 9623 નંબર ધરાવતી કાર નવાપુર તરફ જઈ રહી હતી. તે દરમિયાન વહેલી સવારે ચાલકને અચાનક ઊંઘની ઝપકી આવી ગઈ હતી. વાહન પરનો કાબૂ છૂટી જતાં કાર માર્ગ પરથી નીચે ઉતરીને ધડાકાભેર પલટી ખાઈ ગઈ હતી. અકસ્માત સર્જાયાના ઘડીકના સમયમાં જ કારમાં અચાનક આગ લાગી ગઈ હતી. આગે એટલું રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું કે જોતજોતામાં આખી કાર આગની લપેટમાં આવીને સંપૂર્ણપણે ભસ્મીભૂત થઈ ગઈ હતી. કારના મોટા ભાગના ભાગો બળીને ખાખ થઈ ગયા હતાં. જોકે, અકસ્માત સર્જાતાં જ સમયસૂચકતા વાપરીને મુસાફરો બહાર નીકળી જવામાં સફળ રહ્યા હતા. આ ભયાનક બનાવમાં સદનસીબે કોઈ પ્રાણઘાતક હોનારત સર્જાઈ ન હતી, પરંતુ કેટલાક મુસાફરોને સામાન્યથી મધ્યમ પ્રકારની ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી. ઈજાગ્રસ્તોને ઘટનાસ્થળે જ પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર અર્થે આહવા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, અકસ્માતનું પ્રાથમિક કારણ કારચાલકને આવેલી ઊંઘની ઝપકી જ હોવાનું સામે આવી રહ્યું છે.ઘટના અંગે સ્થાનિક પોલીસે જરૂરી નોંધ કરી અકસ્માતના આ બનાવ સંદર્ભે વધુ કાનૂની તપાસ હાથ ધરી છે.

## દમણમાં ઈ-ચલણ ન ભરનારાઓને ચેતવણી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૦૫ :** દમણ પોલીસે જિલ્લાના જે વાહનચાલકો તેમના બાકી રહેલા ઈ-ચલણ ચૂકવ્યા નથી તેમના માટે નાની દમણ પોલીસ સ્ટેશન ખાતે ટ્રાફિક જાગૃતિ અને કાઉન્સેલિંગ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. કાર્યક્રમ દરમિયાન વાહનચાલકોને ઓનલાઈન ઈ-ચલણ ચુકવણીની પ્રક્રિયા સમજાવવામાં આવી હતી અને ટ્રાફિક નિયમોનું પાલન કરવા વિનંતી કરવામાં આવી હતી.

પોલીસ અધિકારીઓએ હેલ્મેટ અને સીટ બેલ્ટનો ફરજિયાત ઉપયોગ, નિર્ધારિત ગતિ મર્યાદાનું પાલન, મોબાઈલ ફોનનો ઉપયોગ ન કરવો અને ખોટી દિશામાં વાહન ન ચલાવવું જેવા નિયમો સમજાવ્યા. તેમણે ડ્રાઈવરોને સાયબર છેતરપિંડીથી સાવધ રહેવા અને અધિકૃત પરિવહન ઈ-ચલણ પોર્ટલ દ્વારા જ ઈ-ચલણ ચૂકવવાની સલાહ પણ આપી. પોલીસે તમામ ડ્રાઈવરોને સમયસર ઈ-ચલણ ચૂકવીને સલામત અને શિસ્તબદ્ધ ટ્રાફિક વ્યવસ્થા જાળવવામાં સહયોગ આપવા વિનંતી કરી.

## વલસાડમાં બનાવટી દસ્તાવેજોથી બેંક સાથે છેતરપિંડીમાં યુવકની ધરપકડ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૫ :** અતુલના કચન નગરમાં રહેતા અને રાજકીય તેમજ સામાજિક રીતે વગ ધરાવતા પરિવારના યુવકે બેંક સાથે ૧૫ લાખની મોટો ફ્રોડ આચર્યો હોવાનો સન્સનીખેજ મામલો સામે આવ્યો છે. બનાવટી દસ્તાવેજો ઊભા કરી બેંકનો બોજો દર્શાવ્યા વિના કાર ખરીદી અન્ય વ્યક્તિને વેચી મારવાના કેસમાં વલસાડ પોલીસે આરોપી યશ પટેલની ધરપકડ કરી તેના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

અતુલના કાંચન નગરમાં રહેતા અને ઈલેક્ટ્રિકના ધંધા સાથે સંકળાયેલા પૈસાદાર પરિવારના યુવાન યશ પટેલના પિતા રશ્મિકપટેલ અતુલ ગ્રામ પંચાયતમાં ડેપ્યુટી સરપંચ રહી ચૂક્યા છે. રશ્મિક પટેલ નું થોડા વર્ષો અગાઉ અવસાન થયું છે. જ્યારે માતા વલસાડ તાલુકા પંચાયતના માજી સભ્ય તરીકે સેવા આપી ચૂક્યા છે.

આરોપી યશ પટેલે વલસાડ આર.ટી.ઓ. કચેરીમાં પોતાની કારનું રજીસ્ટ્રેશન GJ-15-CP-3209 કરાવતી વખતે ચાલકીપૂર્વક બેંકનું નામ દાખલ કરાવ્યું ન હતું. ત્યારબાદ બેંકમાં રજૂ કરવા માટે તેણે આર.ટી.ઓ. સ્કેન રિપોર્ટ, ટેક્સ ઈન્વોઈસ અને શો-રૂમ કસ્ટમર રિસિપ્ટની ખોટી ઝેરોક્ષ નકલો તૈયાર કરી હતી. આ બનાવટી દસ્તાવેજો પર બેંકના નામે ખોટી હાયપોથીકેશનની એન્ટ્રી દર્શાવી, તે અસલ હોવાનો સિક્કો મારી સરદાર ભીલાડ વાલા બેંકમાં જમા કરાવી દીધા હતા. જેના આધારે તેણે બેંકમાંથી ૧૫ લાખની લોન પાસ કરાવી લીધી હતી.

લોન લીધા બાદ આરોપીએ હપ્તા ભરવાનું બંધ કરી દીધું હતું. બેંક દ્વારા વારંવાર નોટિસો મોકલવા છતાં અને વાહન ઈન્સ્પેક્શન માટે રજૂ કરવા જણાવવા છતાં આરોપી તરફથી કોઈ જ પ્રતિસાદ મળ્યો ન હતો.શંકા જતાં બેંક સત્તાધીશોએ વલસાડ આર.ટી.ઓ. કચેરીમાં રૂબરૂ તપાસ કરાવી ત્યારે ચોંકાવનારો ખુલાસો થયો હતો કે, આ વાહન પર બેંકનો કોઈ બોજો નોંધાયેલ જ નહોતો. બેંકની મંજૂરી વગર અને લોનની બાકી રકમ ચૂકવ્યા વગર જ આરોપી યશ પટેલે આ કિંમતી કાર અન્ય ત્રાહિત વ્યક્તિને વેચી મારી બેંક સાથે છેતરપિંડી આચરી હતી. પોલીસે ધરપકડ કરી રિમાન્ડની તજવીજ હાથ ધરી છે.

## કાંગવીમાં કેન્સરથી પીડિત મહિલાએ કૂવો પુર્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૦૫ :** ધરમપુર તાલુકાના કાંગવી ગામના નિશાળ ફળિયામાં રહેતી ૩૮ વર્ષીય મંજુલાબેન વિજયભાઈ પટેલે પોતાના ઘરની બાજુમાં આવેલા કૂવામાં ઝંપલાવી જીવન ટૂંકાવ્યાની ઘટના સામે આવી છે.

પોલીસમાં નોંધાયેલી માહિતી મુજબ, મૃતક છેલ્લા એક વર્ષથી અન્નનળીના કેન્સરથી પીડાતા હતાં અને નવસારીની હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી હતી. ગળામાં શ્વાસ લેવામાં તકલીફ થતાં શ્વાસનળી પણ મૂકવામાં આવી હતી. લાંબા સમયથી બીમારીના કારણે તેઓ માનસિક રીતે વ્યથિત રહેતા હોવાનું પરિવારજનોએ જણાવ્યું છે. તા.૪ ઓગસ્ટની મધરાતથી વહેલી સવારે વચ્ચેના સમયે તેમણે પોતાના ઘરની બાજુમાં આવેલા કૂવામાં ઝંપલાવી આપઘાત કર્યો હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. ધરમપુર પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## વલસાડમાં કૈલાશ રોડ પર કાદવથી બાઈક સ્લીપ થતાં ટેક્ટર સાથે અથડાઈ

**વલસાડ, તા. ૫ :** વલસાડ શહેરના કૈલાશ રોડ પર આવેલી સ્મશાનભૂમિ બહાર બિસ્માર રસ્તા અને કાદવ-કીચડના કારણે આજે એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. ખરાબ રસ્તા પરથી પસાર થઈ રહેલી બાઈક અચાનક સ્લીપ થઈ જતાં, પાછળથી આવી રહેલા ટ્રેક્ટર સાથે ધડાકાભેર ભટકાઈ હતી. આ દુર્ઘટનામાં બાઈકચાલકને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

વલસાડ શહેરના કૈલાશ રોડ સ્મશાનભૂમિ નજીકના રસ્તા પર પડેલા કાદવ-કીચડ અને ખાડાઓના કારણે વાહનચાલકો માટે પસાર થવું મુશ્કેલ બની ગયું છે. દરમિયાન, અહીંથી પસાર થઈ રહેલા એક બાઈકચાલકનું વાહન કાદવમાં સ્લીપ થઈ ગયું હતું. બાઈકચાલક નીચે ફેંકાઈ જતાં જ પાછળથી પૂરઝડપે આવી રહેલું ટ્રેક્ટર તેની સાથે ભટકાયું હતું.

અકસ્માતનો ભારે અવાજ થતાં જ આસપાસના સ્થાનિક રહીશો અને રસ્તા પરથી પસાર થતા લોકોના તોળાં ઘટનાસ્થળે ભેગા થઈ ગયા હતા. ગંભીર રીતે ઘવાયેલા બાઈકચાલકને લોહીલુહાણ હાલતમાં તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.બિસ્માર રસ્તા અને કાદવ-કીચડના સામ્રાજ્યને કારણે અવારનવાર નાના-મોટા અકસ્માતો સર્જાઈ રહ્યા હોવાથી સ્થાનિકોમાં નગરપાલિકા અને તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્મશાનભૂમિ જેવા સંવેદનશીલ સ્થળ બહાર જ રસ્તાની આવી દુર્દશા હોવાથી તંત્ર વહેલી તકે આ કાદવ-કીચડનો નિકાલ કરે અને રસ્તાનું સમારકામ હાથ ધરે તેવી લોકમાંગ ઊઠી છે.

## સાપુતારામાં દારૂ કેસનો વોન્ટેડ આરોપી નાશિકથી ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૦૫ :** દક્ષિણ ગુજરાતમાં નાસતા-ફરતા ગુનેગારોને ઝડપી પાડવા માટે શરૂ કરાયેલાનો વોન્ટેડ ઈન સાઉથ ગુજરાત (No Wanted in South Gujarat) અભિયાન અંતર્ગત ડાંગ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ને મોટી સફળતા સાંપડી છે.સાપુતારા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહિબિશનના ગંભીર ગુનામાં છેલ્લા એક વર્ષથી પોલીસને ચકમો આપી નાસતો-ફરતો મુખ્ય આરોપી મહારાષ્ટ્રના નાસિક શહેર ખાતેથી પકડાઈ ગયો છે. ડાંગ-આહવા જિલ્લા પોલીસ અધિક્ષક પૂજા યાદવના સીધા માર્ગદર્શન હેઠળ LCB પી.એસ.આઈ. જે.જી. અનડકટ અને તેમની ટીમે એક ખાસ ઍક્શન પ્લાન ઘડી કાઢ્યો હતો. એલ.સી.બી. ટીમને હ્યુમન સોસ અને ટેકનિકલ માધ્યમોથી ચોક્કસ બાતમી મળી હતી કે સાપુતારા પોલીસ મથકે પ્રોહિબિશન કેસમાં દારૂનો જથ્થો ભરાવી આપનાર વોન્ટેડ આરોપી શુભમ દીવાનજી પાટીલ હાલ મહારાષ્ટ્રના નાસિક ખાતે છુપાયેલો છે. બાતમીના આધારે એલ.સી.બી.ની ટીમ તાત્કાલિક નાસિક રવાના થઈ હતી, જ્યાં સ્થાનિક વિસ્તારમાં રેકી અને સઘન તપાસ બાદ આરોપી શુભમ દીવાનજી પાટીલ (ઉં.વ. ૨૫, રહે. પ્રસાદ નગર, ડીંડોરી રોડ, નાસિક, મહારાષ્ટ્ર)ને સફળતાપૂર્વક ઝડપી લેવામાં આવ્યો હતો. ઝડપાયેલા આરોપીને આગળની કાનૂની કાર્યવાહી માટે સાપુતારા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.ઉલ્લેખનિય છે કે, સાપુતારા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ તથા ભારતીય ન્યાય સંહિતા (BNS)ની વિવિધ કલમો હેઠળ કુલ ૦૪ આરોપીઓ સામે ગુનો નોંધાયો હતો. આ કેસમાં અગાઉ રેડ દરમિયાન બે આરોપીઓ અશોક લેલેન્ડ ગાડીમાં બોગસ/ખોટી નંબર પ્લેટ લગાડીને વિદેશી દારૂની હેરફેરી કરતા રંગેહાથ ઝડપાઈ ગયા હતાં. પોલીસે તે સમયે રૂ. ૪,૮૭,૭૦૫/-ની કિંમતની ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ ૧,૭૮૮ બોટલો તથા વાહન મળી કુલ રૂ. ૭,૯૬,૩૦૫/-નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ રેડ દરમિયાન ખુલાસો થયો હતો કે વિદેશી દારૂનો આ જથ્થો નાસિકના શુભમ પાટીલે ભરાવી આપ્યો હતો, જે ત્યારથી જ ફરાર હતો. ત્યારે હાલ પોલીસે આરોપી શુભમ દીવાનજી પાટીલ (ઉં.વ. ૨૫, રહે. પ્રસાદ નગર, ડીંડોરી રોડ, નાસિક, મહારાષ્ટ્ર)ને સફળતાપૂર્વક ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ખેરગામ બાવળી ફળિયા ખેતરમાંથી મૃત મોર મળ્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૦૫ :** નવસારી જિલ્લાના ખેરગામ તાલુકાના બાવળી ફળિયા ખાતે રહેતા ભીખુભાઈ મણીલાલ આહીરના ખેતરમાં આવેલ કુવામાં રાષ્ટ્રીય પક્ષી મોર મૃત હાલતમાં જોવા મળતા આ અંગેની જાણ ચીખલી વન વિભાગને કરવામાં આવતા ચીખલી વન વિભાગના ખેરગામ બીટના નિકિતાબેન સહિતના સ્ટાફે ઘટના સ્થળે જઇ રાષ્ટ્રીય પક્ષી મોરને કૂવામાંથી બહાર કાઢી તેની પીએમ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

## જેસપોરના યુવાનનું શંકાસ્પદ મોત મામલે ડીએસપીને આવેદન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૫ :** વલસાડના જેસપોર ગામમાં એક યુવકના શંકાસ્પદ મોત મામલે પરિવારે ન્યાય માટે ગામજનો અને પરિવારજનો સાથે આજરોજ વલસાડ જિલ્લા પોલીસ વડાને આવેદનપત્ર પાઠવી યોગ્ય તપાસ કરવાની માંગણી કરી છે.

વલસાડ આવેદન પત્ર તાલુકાના જેસપોર ગામના નિશાળ ફળિયામાં રહેતા ગણપતભાઈ રડકાભાઈ પટેલનો પુત્ર અજયકુમાર ગણપતભાઈ પટેલ ગત તા.૦૯/૦૮/૨૦૨૬ના રોજ રાત્રે ૯:૩૦ કલાકે પોતાના ઘરેથી પોતાની લાલ કલરની એક્ટિવા નંબર GJ-15-BS-6202 લઈને નીકળ્યો હતો. સવારે ૪ વાગ્યે પરિવારજનો જાગ્યા ત્યારે પુત્ર ઘરમાં ન હોવાથી શોધખોળ શરૂ કરી હતી. ગામના સ્વામિનારાયણ મંદિર નદી અને પુલિયા આસપાસ તપાસ કર્યા બાદ, ગામના સ્મશાન તરફ જતા માર્ગ પર અજય પટેલ નો મૃતદેહ તેની એક્ટિવા સાથે મળી આવ્યો હતો. જે બાદ સરપંચ અને ગ્રામજનોને એકઠા કરી ડુંગરી પોલીસને જાણ કરવામાં આવી હતી. પરિવારના જણાવ્યા અનુસાર અજયનું મોત એક શંકા ઉપજાવે એવી હતી. ઘટનાના દિવસે વરસાદ ન હોવા છતાં મૃતકનું શરીર કાદવ-કીચડવાળું હતું. તેના પગમાં પહેરાવેલી ચપ્પલ પણ ઊંધી હતી. બાઈકની ચાવી બંધ હાલતમાં હતી અને બાઈકની જમણી બાજુનું સ્ટેરિંગ મૃતકના શરીર પર પડેલું હતું. ઘટનાસ્થળે પહોંચેલી ડુંગરી પોલીસે પણ આ શંકાસ્પદ સ્થિતિ જોઈ હતી. તેમ છતાં પોલીસ દ્વારા આજ દિન યોગ્ય તપાસ થઈ ન હતી. મરણ જનાર અજય પટેલની શંકાસ્પદ હાલતમાં લાશ મળી હતી. અજય પટેલની લાશ મળ્યા બાદ પોલીસે યોગ્ય દિશામાં તે પાસ નહીં કરતા આજરોજ ગ્રામજનો અને મરણ જનારના પરિવાર સાથે વલસાડ જિલ્લા પોલીસ વડાને આવેદનપત્ર પાઠવીએ ન્યાયની માંગણી કરી છે.

## રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં માત્ર હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં જ જોવા મળશે

**અમારા પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. ૫ :** આગામી દિવસોમાં હવામાન વિભાગની આગાહી અનુસાર ગઈકાલે સૌરાષ્ટ્ર અને આસપાસના વિસ્તારોમાં દરિયાની સપાટીથી ૫.૮ કિમી ઉપર અપર એર સર્ક્યુલેશન ઓછ થતા ૧૧ ઓગસ્ટ સુધી રાજયના મોટાભાગના વિસ્તારોમાં માત્ર હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં જ જોવા મળશે.

સૌરાષ્ટ્ર અને કચ્છના મોટાભાગના વિસ્તારોમાં વરસાદનું જોર ઘટશે અને માત્ર છૂટાછવાયા હળવા ઝાપટાં પડે તેવી શક્યતા છે. અમદાવાદ, ગાંધીનગર, અને વડોદરા જેવા ઉત્તર તથા મધ્ય ગુજરાતના શહેરોમાં વાદળછાયું વાતાવરણ રહેશે અને હળવો વરસાદ પડી શકે છે, જ્યારે દક્ષિણ ગુજરાતમાં સુરત, નવસારી અને વલસાડના કિનારાના વિસ્તારોમાં મધ્યમ વરસાદી રાઉન્ડ ચાલુ રહી શકે છે.

વરસાદનું પ્રમાણ ઘટતાની સાથે જ ગાંધીનગર અને અમદાવાદ સહિતના શહેરોમાં તાપમાનમાં ઉછાળો નોંધાયો છે અને બફારાનું પ્રમાણ વધ્યું છે. સમુદ્રમાં તેજ પવન ફૂંકાવાની શક્યતા હોવાથી દરિયાકાંઠે માછીમારોને દરિયો ન ખેડવાની સલાહ આપવામાં આવી છે. દરમિયાનમાં આજે કુલ ૫૫ તાલુકાઓમાં એક ઈંચથી પણ ઓછો વરસાદ નોધાયો હતો.

## પંચલાઈના અગ્રણી મનહરલાલનું નિધન



**પારડી, તા.૦૫ :** પારડી તાલુકાના પંચલાઈ ગામના નિવાસી મનહરલાલ પટેલનું ૯૬ વર્ષની જૈફ વયે અવસાન થયું છે. લેઉવા પટેલ પાંચ ગામ સમાજનાં અગ્રણી પંચલાઈના લાકડા, તેમજ ખેત પેદાશોનાં ઉત્પાદનના જાણીતા વેપારી એવા મનહરલાલનું ટૂંકી માંદગી બાદ બુધવારે સવારે અવસાન થયુ હતું. સદ્‌ગત્ મનહરલાલ દાદા એમના સમાજમાં મોભાભર્યું સ્થાન ધરાવતા હતાં. બુધવારે એમના પંચલાઈ સ્થિત નિવાસસ્થાનેથી નિકળેલી સ્મશાનયાત્રામાં વાઘછીપા, નેવરી, રાબડી, ધરમપુર, વલસાડ, પારડી, સુરત સમાજનાં અગ્રણી તેમજ વિશાળ સ્નેહજનો જોડાયા હતાં. સ્વ. મનહરલાલ પટેલનાં અવસાનથી પરિવાર તેમજ સમાજને એમની હંમેશા ખોટ સાલશે.

### અમદાવાદમાં બાસ્કેટબોલનો મહાકુંભ

## એશિયા કપ ૨૦૨૬ની ભારત યજમાની કરશે

**અમારા પ્રતિનિધિ તરફથી,**

**અમદાવાદ, તા.૫** બાસ્કેટબોલ પ્રેમીઓ માટે એક મોટા સમાચાર સામે આવ્યા છે, અમદાવાદ FIBA U18 એશિયા કપ ૨૦૨૬ની યજમાની કરવા જઈ રહ્યું છે. ભારત આ -તિષ્ઠિત ટૂર્નામેન્ટનું આયોજન પૂરા ૨૨ વર્ષના લાંબા અંતરાલ પછી કરી રહ્યું છે, જે દેશ માટે એક ગૌરવની વાત છે. આ ટુર્નામેન્ટમાં એશિયા અને ઓશેનિયાના કુલ ૧૬ દેશોની અંડર-૧૮ ટીમો ભાગ લેશે, જેઓ આગામી FIBA U19 બાસ્કેટબોલ વર્લ્ડ કપ ૨૦૨૭ માટે ક્વોલિફાય થવાનો પ્રયાસ કરશે.

આ મેગા સ્પોર્ટ્સ ઈવેન્ટ અમદાવાદમાં ૧૩થી ૨૩ ઓગસ્ટ દરમિયાન રમાશે, જ્યારે તેનું ભવ્ય ઉદ્ઘાટન ૧૨ ઓગસ્ટે થશે. ટૂર્નામેન્ટમાં ભાગ લેનારી ૧૬ ટીમોને ચાર-ચારના ચાર ગ્રુપમાં વહેંચવામાં આવી છે (ગ્રુપ A, B, C અને D). પ્રત્યેક ગ્રુપમાંથી ટોપ પર રહેનારી એક-એક ટીમ સીધી ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કરશે. આયોજન સમિતિ આ ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે તૈયારીઓમાં લાગી ગઈ છે.

યજમાન ભારતને ગ્રુપ D માં સ્થાન આપવામાં આવ્યું છે, જ્યાં તેણે નોકઆઉટ સ્ટેજમાં પહોંચવા માટે કોરિયા, જાપાન અને કઝાકિસ્તાન જેવી મજબૂત ટીમોનો સામનો કરવો પડશે. પ્રત્યેક ગ્રુપમાં નંબર એક ઉપર રહેનારી ટિમ સીધી ક્વાર્ટર ફાઇનલમાં રમશે, તેથી દરેક મેચ નિર્ણાયક રહેશે. આ ટુર્નામેન્ટમાં ઓસ્ટ્રેલિયા, બહેરીન, ચીન, ચાઈનીઝ તાઈપેઈ, ઈરાન, કઝાકિસ્તાન, લેબનોન, ન્યુઝીલેન્ડ, ફિલિપાઈન્સ, કતાર, શ્રીલંકા, સીરિયા અને થાઈલેન્ડ જેવી ટીમો ભાગ લઈ રહી છે.

## કોમનવેલ્થ ગેમ્સનો ધ્વજ હવે ગ્લાસગોથી ગાંધીનગર આવી પહોંચ્યો

અમારા પ્રતિનિધિ તરફથી,

અમદાવાદ, તા.૫ : વર્ષ ૨૦૩૦માં હવે ગુજરાતને આંગણે કોમનવેલ્થ ગેમ્સ-છ્છ્ (રમતોત્સવ) યોજાશે. હાલમાં જ ગ્લાસગો CWGનું સમાપન થતાં કોમનવેલ્થ ગેમ્સ ફલેગ આગામી ૨૦૩૦માં CWGના યજમાન રાજ્ય તરીકે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને ગ્લાસગોમાં સોંપવામાં આવ્યો હતો ત્યારબાદ હવે તેઓ તેમની સાથેના પ્રતિનિધિ મંડળ સાથે ગ્લાસગોથી ગાંધીનગર આવી પહોંચ્યાં હતા. દરમ્યાનમાં બુધવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલી મંત્રી મંડળ - કેબિનેટની બેઠકમાં નાયબ મુખ્યમંત્રીએ આ કોમનવેલ્થ ગેમ્સ ફલેગ મુખ્યમંત્રીને સંપૂર્ણ ગૌરવ સન્માન સાથે વિધિવત અર્પણ કર્યો હતો. આ અવસરે ગ્લાસગો ખાતે આયોજિત કોમનબેલ્થ ગેમ્સ ૨૦૨૬માં પ્રતિનિધિત્વ કરનારા પેરા ખેલાડી રાકેશ ભટ્ટ અને રોહિત મજગુલ ઉપસ્થિત રહ્યા હતા. પેરા ટેબલ ટેનીસ ખેલાડી સોનલ પટેલ પણ જોડાયા હતા. જયારે નાયબ મુખ્યમંત્રીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રને આ CWG ફલેગ અર્પણ કર્યો, તેને સમગ્ર મંત્રીમંડળે હર્ષોલ્લાસથી વધાવ્યો હતો. મુખ્ય સચિવ એમ.કે. દાસ, અગ્ર સચિવ અશ્વિની કુમાર, એમ. થેન્નારસન તથા સચિવ રાહુલ ગુપ્તા પણ ઉપસ્થિત રહ્યા હતા.

હવે, CWG ફલેગ આગામી ૨૦૩૦ના CWG સુધી ગુજરાતમાં રહેશે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલા ફિટ ઈન્ડિયાના મંત્રને સાકાર કરવા સાથે છ્છ્ની પૂર્વ તૈયારીઓ અને ખેલાડીઓ માટે પ્રેરણાપુંજ બનશે. આ કોમનવેલ્થ ગેમ્સમાં ભારતે ૧૩ ગોલ્ડ, ૧૭ સિલ્વર અને ૯ બ્રોન્ઝ સાથે કુલ ૩૯ મેડલ્સ મેળવીને રાષ્ટ્ર મંડલ રમતોમાં ચોથું સ્થાન મેળવ્યું છે. ભારતને મળેલા મેડલ્સમાં ઈન્ડિયન પેરાએથલિટ્સે પણ ૩ ગોલ્ડ, ૨ સિલ્વર અને ૨ બ્રોન્ઝ મેડલની સિદ્ધિ હાંસલ કરી છે અને કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય પેરાએથલિટ્સના ઉત્કૃષ્ટ પદાર્પણની ઐતિહાસિક સિદ્ધિ મળતા છ્છ્માં ભારતીય પેરાએથ્લેટિક્સ પોડિયમની ૨૦ વર્ષની આતુરતાનો અંત આવ્યો છે. આ કોમનવેલ્થ ગેમ્સનો ધ્વજ આગામી યજમાન દેશને આપવાનો હેતુ માત્ર ઔપચારિકતા નથી પરંતુ ગેમ્સની યજમાની, જવાબદારી, પરંપરા, એકતા અને રમતગમતના ઉચ્ચ આદર્શોના વારસાનું ગૌરવપૂર્ણ હસ્તાંતરણ કરવાનો છે.

## સેલવાસથી સુરત લઈ જવાતા ૧ લાખના દારૂ ભરેલ કાર ઝડપાઈ

**વાપી, તા.૦૫ :** વલસાડ જિલ્લા LCBએ દારૂની હેરાફેરી કરતા બુટલેગરો સામે મોટી કાર્યવાહી કરી છે. સુરત વિભાગના IG પ્રેમવીર સિંહ અને SP યુવરાજસિંહ જાડેજાની સૂચના તથા એલસીબી PI એ.યુ. રોજના માર્ગદર્શન હેઠળ એલસીબી સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન મળેલી ખાનગી બાતમીના આધારે મોજે પરીયા ખુંટેલ રોડ નવનીત કંપની નજીક રોડ ઉપરથી એક મારુતિ સુઝુકી વેગનાર કાર નં.GJ-21-CD-5386ને રોકવામાં આવી. કારની તલાશીમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ બિયરના ૧૭ બોક્સ, ૪૦૮ ટીન કિં.રૂ.૧,૦૨,૦૦૦/- મળી આવ્યા હતાં.

કારમાંથી રજિ. નં.MH-03-ES-0358ની ૨ નકલી નંબર પ્લેટ અને IDFC FIRST BANKનું ફાસ્ટેગ પણ મળ્યું. કુલ્લે રૂ.૪,૦૨,૦૦૦/-નો મુદ્દામાલ કબજે કરી કાર ચાલક ધર્મનાથ ઉર્ફે ધર્મેશ મહારાજ રહે.સકારદા, રાજસમંદ, રાજસ્થાન ઉ.વ.૨૪ને ઝડપી પાડવામાં આવ્યો. આ કેસમાં કાર આપનાર જગદીશ અને ક્લીનર બેસેલ ઓમ નામના બે વોન્ટેડ આરોપીઓ વિરુદ્ધ પારડી પો.સ્ટે.માં પ્રોહી એક્ટ હેઠળ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## ડુંગરામાં દારૂના ગુનામાં વોન્ટેડ ૨ આરોપી ઝડપાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૫ :** વલસાડ જિલ્લા પોલીસ દ્વારા નાસતા-ફરતા વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવાની અસરકારક કામગીરી હાથ ધરવામાં આવી છે. વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા સાહેબ IPSની સૂચના તથા LCB PI એ.યુ.રોજના માર્ગદર્શન મુજબ LCB વલસાડના PSI જે.જી.વસાવા અને સ્ટાફ વોન્ટેડ આરોપીઓને પકડવા અંગે વર્ક આઉટમાં હતા. દરમિયાન LCBને મળેલી ચોક્કસ બાતમીના આધારે ડુંગરા પોલીસ સ્ટેશનમાં પ્રોહીબિશના ગુનામાં છેલ્લા ૧ વર્ષથી નાસતા-ફરતા ૨ આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. પકડાયેલ આરોપીઓમાં જીતેન ઉર્ફે જતીન લખુભાઈ કેશુભાઈ હળપતી, ઉ.વ.૩૨, રહે. ઝરીગામ, કાંઠા ફળીયા, મોટી દમણ, તાબે. દમણ , સુભમ લાલજીભાઈ સભાયા, ઉ.વ.૨૪, રહે. પારડી ઝ.દ.બ સ્કૂલની પાસે, બ્રાહ્મણ ફળીયા, તા.પારડી, જી.વલસાડ, મૂળ રહે. મુકડી ચોકડી, માર્વેલ હોસ્પિટલની પાસે, રાજકોટ શહેર પોલીસે બંને આરોપીઓને કાયદેસરની કાર્યવાહી કરી ડુંગરા પોલીસને વધુ તપાસ માટે સોંપ્યા છે.

# અન્ય સમાચારો

Thursday 06, August 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Thursday 06, August 2026

## સંસદના પ્રાંગણમાં તમાશો : સનાતનનું અપમાન

પેપર લીકના મુદ્દે લોકસભામાં ધાંધલ-ધમાલ અને ખરડો પસાર થયા પછી રાબેતા મુજબ કાર્યવાહી શરૂ થઈ રહી છે, ત્યારે વિરોધ પક્ષના નેતાએ અયોધ્યામાં દેવદ્રવ્યની ચોરીના મુદ્દે દેશ અને દુનિયાનું ધ્યાન આકર્ષવા માટે નવો કીમિયો અજમાવ્યો છે. હકીકતમાં સનાતન ધર્મની મજાક-હાંસી ઉડાવવા માટે એક તમાશાનું આયોજન થયું હતું. રાજેશ રંજન નામના અપક્ષ સંસદસભ્ય - જેઓ પપ્પુ યાદવ તરીકે જાણીતા છે - તે ભગવા વસ્ત્ર ધારણ કરીને સાધુ-સંતની ભૂમિકામાં સંસદના દ્વારે બેઠા હતા અને રાહુલ ગાંધી - પ્રિયંકા તથા મલ્લિકાર્જુન ખડગે સહિત કોંગ્રેસી તથા અન્ય સભ્યો તમાશો જોઈ રહ્યા હતા. રાહુલ ગાંધીએ દાન-પેટીમાં ભેટ ચડાવી અન્ય સભ્યો એમને અનુસર્યા પછી સાધુવેશમાં બેઠેલા પપ્પુ યાદવે (પૂજારી) દાનપેટીની રકમ કાઢીને ખિસ્સાં ભરીને ભાગવા લાગ્યા - ભાગે છે એવું નાટક કર્યું અને લોકોએ એમને પકડયા... તમાશો જે લોકોએ ટીવી ઉપર ધ્યાનથી જોયો હોય તો - શ્રીરામના ફોટાવાળું પુસ્તક હાથમાં હતું તે બાજુમાં પછાડીને ખિસ્સાં ભરતા હતા. પપ્પુ યાદવનું મૂળ નામ ઘણા જાણતા જ હશે - આ તમાશો દાનની રકમ ચોરવા ઉપરાંત સનાતન ધર્મની મજાક ઉડાવવા માટે હતો. સેક્યુલરવાદીઓ અન્ય કોઈ ધર્મનાં વસ્ત્રો પહેરીને આવા ઢોંગ - ધતૂરા કરવાની હિંમત કરે ખરા? આ તમાશાની ટીકા થઈ રહી છે અને લોકસભાના સ્પીકર સંસદસભ્ય પપ્પુ યાદવને બોલાવીને વાત કરનાર છે એવા અહેવાલ છે, પણ બોલાવીને સ્પીકર શું કહેશે ? વિપક્ષો પપ્પુની પીઠ થાબડે છે ત્યારે સ્પીકર તેમનો કાન પકડશે? વિપક્ષી નેતાઓ સંસદની ગરિમા અને પ્રતિષ્ઠાની મજાક ઉડાવી રહ્યા છે, માત્ર સનાતન ધર્મની નહીં! પણ આ બધું હવે ન્યૂ નોર્મલ છે ! જંતરમંતર ખાતે કેટલાક વિદ્યાર્થીઓએ અસભ્ય ચેનચાળા કર્યા અને વડાપ્રધાન મોદીને તથા એમનાં સ્વ. માતુશ્રીને ગાળાગાળી ભાંડવામાં કાંઈ બાકી રાખ્યું નહીં અને મોદીએ સૌને માફ કર્યા કે અવળે રસ્તે ચડેલા છોકરાઓને કોર્ટના ધક્કા ખવડાવવાનો અર્થ નથી. આવી ભલમનસાઈ નબળાઈમાં ખપે છે અને સામાન્ય લોકો તેમના સત્તાભૂખ્યા નેતાઓને ફોલો કરીને અપપ્રચારમાં સામેલ થઇ રહ્યા છે. સભાગૃહની અંદર તમાશો થાય ત્યારે સ્પીકર તે અટકાવી શકે. ઠપકો આપે - પણ બહાર - દરવાજા સામે આવાં નાટક ભજવાય ત્યારે માત્ર સલાહ અપાય! આ તમાશો ચાલે છે ત્યારે બીજી બાજુ - હિંસાનો ભોગ બનેલા પોલીસકર્મીઓના પરિવારો પત્રકાર પરિષદમાં માહિતી આપી રહ્યા હતા કે, ફરજ બજાવતા પોલીસ અધિકારીઓ હિંસાનો ભોગ બન્યા હતા. વિદ્યાર્થીઓના નેતાઓની માગણી સરકારે સ્વીકારી - કાનૂની કાર્યવાહી નહીં થાય! પણ પોલીસ ઉપર થયેલા દમનની ફરિયાદ સુપ્રીમ કોર્ટે સાંભળી છે અને કહ્યું છે કે, વિદ્યાર્થી હોય કે પોલીસ અમારા માટે સૌ સરખા છે. અસામાજિક તત્ત્વોની તપાસ અને સજા થવી જોઈએ...

# નવું ટેક્સ સુધારા બિલ ૨૦૨૬ લોકસભામાં રજૂ

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૫ : ભારતને વૈશ્વિક રોકાણ, મેન્યુફેક્ચરિંગ અને ડેટા હબ બનાવવાના ઉદ્દેશ્યથી કેન્દ્ર સરકારે નવું ટેક્સ સુધારા બિલ એટલે કે ધ ટેક્સેશન એન્ડ અધર લૉઝ સુધારા બિલ, ૨૦૨૬ લાવ્યું છે. લોકસભામાં પસાર થયેલું આ બિલ માત્ર એક કાનૂની સુધારો નથી, પરંતુ દેશમાં વૈદેશિક મૂડી આકર્ષવા, મેક ઈન ઈન્ડિયાને મજબૂત કરવા અને ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસને નવા સ્તરે લઈ જવાનો એક માસ્ટરપ્લાન છે. નાણા મંત્રાલયના દિશા-નિર્દેશો મુજબ, આ બિલ ઈલેક્ટ્રોનિક્સ, ડેટા સેન્ટર, ડાયમંડ ટ્રેડ, ફંડ મેનેજમેન્ટ અને બિઝનેસ ટ્રસ્ટ (REITs/InvITs)માં રોકાણ કરનારા નાના રોકાણકારો માટે ટેક્સના નિયમોને અત્યંત પારદર્શી અને દૂરોગામી બનાવશે. ભારતને મોબાઈલ, લેપટોપ અને સર્વર મેન્યુફેક્ચરિંગનું વૈશ્વિક હબ બનાવવા માટે બે મોટાં પગલાં લેવામાં આવ્યા છે. અત્યાર સુધી ભારતીય ઈલેક્ટ્રોનિક્સ ફેક્ટરીઓ માટે કસ્ટમ બોન્ડેડ વેરહાઉસમાં પાર્ટ્સ રાખનારી વિદેશી કંપનીઓએ ૨% પ્રેઝમ્પ્ટિવ ટેક્સ (Safe Harbour) ચૂકવવો પડતો હતો. જોકે, આ પ્રક્રિયામાં ટેક્સ સંબંધી કાનૂની વિવાદો અને ગૂંચવણો ઊભી થવાનો સતત ડર રહેતો હતો.

નવા બિલમાં આ ૨% ટેક્સને સંપૂર્ણપણે નાબૂદ કરીને આગામી ૧૫ વર્ષ માટે ૧૦૦% ટેક્સ-ફ્રી કરી દેવામાં આવ્યો છે, જેથી ભારત વિયેતનામ જેવા દેશો કરતાં આગળ નીકળી શકશે. આ ઉપરાંત, ભારતીય કંપનીઓને ઈલેક્ટ્રોનિક્સ સામાન બનાવવા માટે મશીનરી આપનારી વિદેશી કંપનીઓની ટેક્સ છૂટની સીમા ૫ વર્ષથી વધારીને ૧૫ વર્ષ (નાણાકીય વર્ષ ૨૦૪૦-૪૧ સુધી) કરી દેવામાં આવી છે. રિયલ એસ્ટેટ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડમાં રોકાણ કરનારા સામાન્ય નાના રોકાણકારોના હિતોનું રક્ષણ કરવામાં આવ્યું છે. અગાઉ જો બિઝનેસ ટ્રસ્ટની ઓપરેટિંગ કંપની (SPV) ન્યૂ ટેક્સ રિજીમ પસંદ કરતી હતી, તો રોકાણકારોને મળતું ડિવિડન્ડ ટેક્સ-ફ્રી રહેતું નહોતું. પરંતુ નવા બિલમાં સુધારો કરીને યુનિટ હોલ્ડર્સ માટે ડિવિડન્ડ પર ટેક્સ છૂટ પુનઃસ્થાપિત કરવામાં આવી છે. મહેસૂલ નુકસાનની ભરપાઈ માટે કંપની (SPV) સ્તરે મામૂલી વધારાનો ચાર્જ લાગશે, જેનાથી નાના રોકાણકારોના ખિસ્સા પર કોઈ અસર પડશે નહીં. ભારતમાં મોટા પાયે AI Data Cities વિકસાવવા અને વૈશ્વિક ક્લાઉડ કંપનીઓને આકર્ષવા માટે બિનજરૂરી નિયમ નાબૂદ કરી દેવામાં આવે છે. હવે વિદેશી ક્લાઉડ કંપનીઓ અને ભારતીય ડેટા સેન્ટરોએ આઈટી મંત્રાલય પાસેથી અલગ-અલગ નોટિફિકેશન કે મંજૂરીઓ લેવાની જરૂર રહેશે નહીં. વધુમાં, ભારતીય કંપનીઓ હવે લીઝ પર લીધેલી જમીન કે બિલ્ડિંગમાં પણ વર્લ્ડ-ક્લાસ ડેટા સેન્ટર ચલાવી શકશે, જેનાથી શરૂઆતમાં જંગી મૂડી રોકાણ કરવાની જરૂર રહેશે નહીં. મુંબઈ અને સુરતના સ્પેશિયલ નોટિફાઈડ ઝોન્સ (SNZ)માં માત્ર કાચા હીરા (રફ ડાયમંડ)નું પ્રદર્શન જ નહીં, પરંતુ ખરીદ-વેચાણને પણ ૧૫ વર્ષ માટે ટેક્સ-ફ્રી કરી દેવામાં આવશે. આ ટેક્સ છૂટનો વ્યાપ વિદેશી માઈનિંગ કંપનીઓની સાથે-સાથે તેમના બ્રોકર્સ, સાઈટ હોલ્ડર્સ, એગ્રીગેટર્સ અને ઓક્શન હાઉસીસ સુધી લંબાવવામાં આવશે જેથી કરીને સમગ્ર વૈશ્વિક હીરા વેપાર ભારતમાં શિફ્ટ થઈ શકે. વૈશ્વિક ઈન્વેસ્ટમેન્ટ ફંડ્સનું સંચાલન કરતા કુશળ ભારતીય ફંડ મેનેજર્સ ભારત પરત ફરે તે માટે તેમને પ્રોત્સાહિત કરવામાં આવશે. વિદેશી ફંડ્સ પર ભારતમાં અનાવશ્યક ટેક્સ લાગવાના ડરને દૂર કરવા માટે શરતોની સંખ્યા ૧૩થી ઘટાડીને માત્ર ૫ કરી દેવામાં આવી છે. કાગળિયાની બિનજરૂરી પ્રક્રિયા ખતમ થવાથી હવે વિદેશી ફંડ મેનેજર્સ ગિફ્ટ સિટી અથવા તો ભારતના કોઈ પણ શહેરથી પોતાનું કામકાજ સરળતાથી ચલાવી શકશે.

## ખોટી મહેમાનગતિથી બચો, યુવાનોની વાત સાંભળો :મોદી



(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૫:વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે સવારે NDAના ૩૭ સાંસદો સાથે નાસ્તા દરમિયાન મુલાકાત કરી હતી. બેઠકનું વાતાવરણ સામાન્ય રાજકીય બેઠક કરતાં થોડું અલગ રહ્યું હતું. સાંસદોના જણાવ્યા અનુસાર, વડાપ્રધાન મોદીએ પરિવાર જેવા વાતાવરણમાં તેમની સાથે ખુલ્લા મનથી વાતચીત કરી અને પોતાના અનુભવો શેર કર્યા હતા, પરંતુ આ મુલાકાતમાં રાજકારણ કે સંસદ અંગે કોઈ પણ ચર્ચા થઈ નહોતી. વડાપ્રધાને સાંસદોને એ પણ સમજાવ્યું કે જાહેર જીવનમાં નાની ભૂલ ઘણી વખત મોટી મુશ્કેલી ઊભી કરી શકે છે. તેમણે સાંસદોને ખોટી બાબતોમાં ફસાવાથી બચવા, કોઈની ખોટી મહેમાનગતિ સ્વીકારવા નહીં અને પોતાના લેટર પેડ અથવા સહી ખોટા હાથમાં જતી અટકાવવાની સલાહ આપી હતી. સંદેશ સ્પષ્ટ હતો- રાજકારણમાં વિશ્વાસ બનાવવો મુશ્કેલ છે, પરંતુ તેને ગુમાવવો ખૂબ સરળ છે.

પીએમ મોદીએ સાંસદોને જનતા સાથે સતત જોડાયેલા રહેવા અને સંવાદ જાળવી રાખવા પર પણ ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે, સાંસદોનું સાચું કામ માત્ર ગૃહમાં હાજર રહેવાનું નથી. તેમણે લોકો વચ્ચે જવું જોઈએ અને તેમની સમસ્યાઓ સમજવી જોઈએ. વિપક્ષના કોઈ નેતા તરફથી ખોટી વાત કહેવામાં આવે તો સીધા ટકરાવને બદલે તેને સમજાવવાનો પ્રયાસ કરવો જોઈએ. વડાપ્રધાને સાંસદોને લોકોનું મન અને દિલ જીતવાની રાજનીતિ પર ધ્યાન આપવાની સલાહ આપી હતી. યુવાનોને લઈને પણ તેમણે ખાસ સંદેશ આપ્યો હતો.

PM મોદીએ કહ્યું કે, યુવા પેઢીની વાત ખુલ્લા મનથી સાંભળવી જોઈએ. તેમની સમસ્યાઓને ધ્યાનથી સમજીશું, ત્યારે જ યોગ્ય ઉકેલ શોધી શકાશે.

નાસ્તા દરમિયાન યોજાયેલી આ મુલાકાતમાં પહેલીવાર ચૂંટાયેલા ભાજપના સાંસદોની સાથે અન્ય પક્ષોમાંથી ભાજપમાં જોડાયેલા સાંસદો પણ હાજર રહ્યા હતા. ભાજપ અધ્યક્ષ નીતિન નવીન પણ બેઠકમાં સામેલ થયા હતા. સાંસદોના જણાવ્યા અનુસાર, વડાપ્રધાને તેમની સાથે સરળ રીતે વાતચીત કરી હતી.

## દેશના અનેક રાજ્યોમાં ધોધમાર વરસાદની આગાહી

**દિલ્હી, ગુજરાત, કેરળ, હરિયાણા, ચંદીગઢ, જમ્મુ અને કાશ્મીર, કેરળ, માહે, હિમાચલ પ્રદેશ, ઓડિશા અને ઉત્તર પ્રદેશના કેટલાક ભાગોમાં મધ્યમથી ભારે વરસાદની શક્યતા**

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૫ : દિલ્હી સહિત દેશભરના રાજ્યોમાં છેલ્લા ૨૪ કલાકથી વરસાદી ગતિવિધિઓ ચાલુ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી કેટલાક દિવસો સુધી ઘણા રાજ્યોમાં ભારે વરસાદ ચાલુ રહેવાની ધારણા છે. હવામાન વિભાગ (IMD) એ ઉત્તર પ્રદેશ, કેરળ, હિમાચલ પ્રદેશ અને પૂર્વોત્તરના કેટલાક ભાગોમાં ભારે વરસાદ, વાવાઝોડા અને વીજળી પડવાની આગાહી કરી છે. અરુણાચલ પ્રદેશ અને મેઘાલયના કેટલાક ભાગોમાં પણ ખૂબ ભારે વરસાદની આગાહી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દિવસ દરમિયાન દિલ્હી, હરિયાણા, ચંદીગઢ, જમ્મુ અને કાશ્મીર, કેરળ, માહે, હિમાચલ પ્રદેશ, ઓડિશા અને ઉત્તર પ્રદેશના કેટલાક ભાગોમાં મધ્યમથી ભારે વરસાદની શક્યતા છે. IMD એ આજે આંદામાન અને નિકોબાર ટાપુઓમાં વાવાઝોડાની સ્થિતિની પણ આગાહી કરી છે. આંધ્ર પ્રદેશ, દરિયાકાંઠાના કર્ણાટક, કેરળ અને માહે, લક્ષદ્વીપ અને ઉત્તરીય આંતરિક કર્ણાટકમાં પણ આવું જ હવામાન રહેવાની ધારણા છે.

હવામાન વિભાગે જણાવ્યું હતું કે ૬ ઓગસ્ટ દરમિયાન પૂર્વી ઉત્તર પ્રદેશ, હરિયાણા-ચંદીગઢ-દિલ્હી, પૂર્વી રાજસ્થાન, ગુજરાતના કેટલાક વિસ્તારોમાં અને પંજાબમાં ભારે વરસાદ પડવાની શક્યતા છે. છત્તીસગઢમાં ૫ થી ૧૦ ઓગસ્ટ સુધી ભારે વરસાદની આગાહી છે. બિહાર અને ઝારખંડમાં ૮ ઓગસ્ટ સુધી વરસાદ ચાલુ રહેશે. ઓડિશામાં અલગ અલગ સ્થળોએ ખૂબ જ ભારે વરસાદની આગાહી છે.

આગામી ૨૪ કલાક માટે કેરળના આઠ જિલ્લાઓમાં વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે.

ચેતવણી મુજબ, પત્તનમથિટ્ટા, કોટ્ટાયમ, ઇડુક્કી, એર્નાકુલમ, કોઝિકોડ, વાયનાડ, કન્નુર અને કાસરગોડ જિલ્લામાં રેડ એલર્ટ જારી કર્યું છે. જેમાં આગામી ૨૪ કલાકમાં ૨૦૪ મીમીથી વધુ વરસાદ પડવાની આગાહી છે.

મલપ્પુરમ, પલક્કડ, ત્રિશૂર અને અલાપ્પુઝા માટે દિવસભર ભારે વરસાદની આગાહી સાથે ઓરેન્જ એલર્ટ જાળવી રાખવામાં આવ્યું છે.

### ઓડિશામાં ૮ લાખ લોકો પ્રભાવિત

## ભારે વરસાદથી આસામમાં ૮૭ તો કેરળમાં ૨૫ના મોત



(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૫ : દેશભરના વિવિધ રાજ્યોમાં વરસાદે તબાહી મચાવી છે. કેરળ અને આસામ સૌથી વધુ પ્રભાવિત થયા છે, જ્યાં સતત મૂશળધાર વરસાદથી સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત થયું છે. કેરળમાં ભારે વરસાદ અને પૂરથી અત્યાર સુધીમાં ૨૫ લોકોના મોત થયા છે, જ્યારે ચાર ગુમ છે. દરમિયાન, આસામમાં મૃત્યુઆંક ૮૭ પર પહોંચી ગયો છે. બંને રાજ્યોમાં હજારો લોકોને રાહત શિબિરોમાં આશ્રય લેવાની ફરજ પડી છે, અને વહીવટીતંત્ર સતત બચાવ કામગીરીમાં રોકાયેલું છે.

૧, ઓગસ્ટથી કેરળમાં સતત ભારે વરસાદને કારણે અનેક જિલ્લાઓમાં પરિસ્થિતિ વધુ ખરાબ થઈ છે. રાજ્ય સરકારના જણાવ્યા અનુસાર, વરસાદ સંબંધિત ઘટનાઓમાં ૨૫ લોકો મૃત્યુ પામ્યા છે, ચાર ગુમ થયા છે અને ૧૦ અન્ય ઘાયલ થયા છે. ભારે વરસાદને કારણે ૫૨ ઘરો સંપૂર્ણપણે નાશ પામ્યા છે, જ્યારે ૫૬૫ને આંશિક નુકસાન થયું છે. રાજ્યભરમાં સ્થાપિત ૪૦૦થી વધુ રાહત શિબિરોમાં ૧૮,૦૦૦થી વધુ લોકો રહે છે.

આસામમાં પૂરની સ્થિતિમાં થોડો સુધારો થયો છે, પરંતુ કટોકટી હજુ સંપૂર્ણપણે ટળી નથી. આસામ રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં શિવસાગર જિલ્લામાં વધુ બે લોકોના મોતથી આ વર્ષે પૂરથી મૃત્યુઆંક ૮૭ થયો છે.

ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ પૂરગ્રસ્ત લોકો માટે રૂ.૧૧૦ કરોડના પ્રારંભિક રાહત પેકેજની જાહેરાત કરી છે. રાજ્ય સરકાર નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે એક સર્વે શરૂ કર્યો છે. અત્યાર સુધીમાં પૂરમાં ૬ લોકો મૃત્યુ પામ્યા છે અને ૩,૫૬૭ ઘરોને નુકસાન થયું છે. સરકારે નિર્દેશ આપ્યો છે કે પાત્ર પરિવારોને ટૂંકસમયમાં વળતર આપવામાં આવે. સંપૂર્ણપણે નુકસાન પામેલા ઘરો માટે રૂ.૧.૨ લાખ સુધીની સહાય પૂરી પાડવામાં આવશે, જ્યારે પાક અને પશુધનના નુકસાનની ભરપાઈ પણ SDRF ધોરણો મુજબ કરવામાં આવશે. રાજ્યના ૨૨ જિલ્લાઓમાં પૂરથી લગભગ ૮.૬૪ લાખ લોકો પ્રભાવિત થયા છે.

### ડીપફેક-AI કન્ટેન્ટ હટાવવા આદેશ

## E20 વિવાદમાં નીતિન ગડકરીને બોમ્બે હાઈકોર્ટમાંથી રાહત



(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૫ : કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરીને E20 ઈંધણ વિવાદ સાથે જોડીને સોશિયલ મીડિયા પર વાયરલ કરાઈ રહેલા ડીપફેક વીડિયો અને AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ)થી બનાવાયેલી તસવીરોના મામલે બોમ્બે હાઈકોર્ટમાંથી મોટી રાહત મળી છે. બોમ્બે હાઈકોર્ટે મંત્રીની અરજી પર સુનાવણી કરતા આવા તમામ વાંધાજનક કન્ટેન્ટને તાત્કાલિક ધોરણે પબ્લિક પ્લેટફોર્મ પરથી હટાવવાનો આદેશ આપ્યો છે. હાઈકોર્ટના જસ્ટિસ આરિફ ડોક્ટરની બેંચે નીતિન ગડકરીના વકીલ સંદીપ લડ્ઢાની દલીલો સાંભળ્યા બાદ આ આંતરિમ આદેશ જારી કર્યો હતો. સુનાવણી દરમિયાન અરજદારના વકીલે કોર્ટ સમક્ષ સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી ઈન્સ્ટાગ્રામ રીલ અને AI જનરેટેડ કન્ટેન્ટ રજૂ કર્યું હતું. આ સામગ્રી જોયા બાદ જસ્ટિસ આરિફ ડોક્ટરે સખત વલણ અપનાવતા કહ્યું હતું કે, અરજીમાં દર્શાવવામાં આવેલું કન્ટેન્ટ અત્યંત આપત્તિજનક અને અશ્લીલ છે. કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, આવા કન્ટેન્ટ માટે કોઈ પણ સાર્વજનિક પ્લેટફોર્મ પર કોઈ જગ્યા હોઈ ન શકે, કારણ કે આ પ્લેટફોર્મ્સ બાળકો અને યુવાનો સહિત તમામ માટે સરળતાથી ઉપલબ્ધ હોય છે. કોર્ટે માન્યું કે ગડકરી વતી વચગાળાની રાહત મેળવવા માટે મજબૂત પુરાવા અને આધાર રજૂ કરવામાં આવ્યા છે. આ કેસની સુનાવણી દરમિયાન સોશિયલ મીડિયા કંપનીઓ મેટા અને ગૂગલ તરફથી પણ કોર્ટમાં પક્ષ રાખવામાં આવ્યો હતો. બંને ટેક કંપનીઓએ અદાલતને ખાતરી આપી હતી કે અરજીમાં યાદીબદ્ધ કરવામાં આવેલી તમામ વાંધાજનક અને ડીપફેક સામગ્રીને તેઓ પ્લેટફોર્મ પરથી તાત્કાલિક હટાવી દેશે. કોર્ટે કંપનીઓના આ નિવેદનને સ્વીકારી લીધું છે અને હવે આ મામલે આગામી સુનાવણી ૪ અઠવાડિયા પછી હાથ ધરવામાં આવશે.

## રાષ્ટ્રગાન અને રાષ્ટ્રગીત માટે ગૃહ મંત્રાલયની નવી ગાઈડલાઈન્સ

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૫ : કેન્દ્રીય ગૃહ મંત્રાલયે તમામ સરકારી અને રાજ્યપાલ કાર્યાલયો માટે નવી માર્ગદર્શિકા જાહેર કરીને સ્પષ્ટ કર્યું છે કે રાષ્ટ્રગાન અને રાષ્ટ્રગીત ગાતી કે વગાડતી વખતે તેના સાચા લખાણ, સાચી લિપિ અને શુદ્ધ ઉચ્ચારણનું ચુસ્તપણે પાલન કરવું અનિવાર્ય છે. આ આદેશમાં કયા પ્રસંગોએ રાષ્ટ્રગાન કે રાષ્ટ્રગીત ફરજિયાતપણે ગાવું કે વગાડવું અને કયા પ્રસંગોએ તે ગાઈ કે વગાડી શકાય તે અંગેની વિગતવાર વિગતો ફરી યાદ અપાવવામાં આવી છે, તેમજ કોઈ પણ પ્રકારની બેદરકારી કે ભૂલ સામે કડક કાર્યવાહીની ચેતવણી આપવામાં આવી છે.

ભારત સરકારે રાષ્ટ્રગીત વંદે માતરમ અને રાષ્ટ્રગાન જન ગણ મનના ગાન/વાદન અંગે વિગતવાર માર્ગદર્શિકા જાહેર કરી છે. આ માર્ગદર્શિકામાં રાષ્ટ્રગીત અને રાષ્ટ્રગાનને કયા પ્રસંગોએ ગાવાં અથવા વગાડવાં, તેના માટેના નિયમો, સમય તેમજ યોગ્ય શબ્દોના ઉચ્ચારણનું કડક પાલનની સૂચના આપવામાં આવી છે.

માર્ગદર્શિકા મુજબ, કયા પ્રસંગે માત્ર રાષ્ટ્રગીત અથવા માત્ર રાષ્ટ્રગાનનું ગાન/વાદન કરવું તેમજ કયા પ્રસંગે બંનેનું ગાન/વાદન કરવું તેની સ્પષ્ટતા કરવામાં આવી છે.

બંનેનું ગાન/વાદન સાથે થતું હોય ત્યારે સૌપ્રથમ રાષ્ટ્રગીત અને ત્યારબાદ રાષ્ટ્રગાન ગાવા અથવા વગાડવાની સૂચના આપવામાં આવી છે.આ ઉપરાંત, રાષ્ટ્રગીત અને રાષ્ટ્રગાનના અધિકૃત શબ્દો તથા યોગ્ય ઉચ્ચારણનું પાલન કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે, જેથી સમગ્ર દેશમાં તેનું ગૌરવ અને એકરૂપતા જળવાઈ રહે. સરકારના તમામ વિભાગો, સંસ્થાઓ અને સંગઠનોને આ માર્ગદર્શિકાનું કડક પાલન સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી છે.

રાષ્ટ્રગીત અને રાષ્ટ્રગાનનું સાચું લખાણ/પાઠ અને સાચું ઉચ્ચારણ ગૃહ મંત્રાલયની વેબસાઈટ https://www.mha.gov.in/en/documents/national-flag-emblem-anthem પર ઉપલબ્ધ છે. આ સાથે રાષ્ટ્રગીત અને રાષ્ટ્રગાનના ગાન/વાદન અંગે તા. ૧૩ જુલાઈ, ૨૦૨૬એ જાહેર કરેલી મૂળ માર્ગદર્શિકા સામેલ છે જેની તમામ સરકારી વિભાગો, સંસ્થાઓ તથા સૌ નાગરીકોએ નોંધ લેવા વિનંતી છે.

## ગુજરાતમાં ચાંદીપુરાના ૧૮૪ શંકાસ્પદ કેસ, ૨૨ બાળકોના મોત



(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ, તા.૫ : રાજ્યમાં ચાંદીપુરા વાયરસના કેસોમાં સતત વધારો નોંધાતાં આરોગ્ય તંત્ર દોડતું થયું છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ચાંદીપુરા વાયરસના કુલ ૧૮૪ શંકાસ્પદ કેસ સામે આવ્યા છે, જેમાંથી લેબોરેટરી ટેસ્ટિંગ દરમિયાન ૩૫ કેસ પોઝિટિવ હોવાની પુષ્ટિ થઈ છે. આ વાયરસના કારણે બાળકોના સ્વાસ્થ્ય પર ગંભીર અસર પડી રહી છે અને અત્યાર સુધીમાં શંકાસ્પદ કેસોમાંથી ૨૨ બાળકોના કરૂણ મૃત્યુ થયા છે.હાલમાં રાજ્યની વિવિધ સિવિલ હોસ્પિટલોમાં ૭ પોઝિટિવ દર્દીઓ સારવાર હેઠળ છે, જ્યારે સ્થિતિમાં સુધારો થતાં ૬ દર્દીઓને રજા આપવામાં આવી છે. દર્દીઓને શ્રેષ્ઠ સારવાર મળી રહે તે માટે ગાંધીનગર, સાબરકાંઠા-હિંમતનગર, પાટણ, રાજકોટ અને ભાવનગરની સિવિલ હોસ્પિટલોમાં સુપર-સ્પેશિયાલિસ્ટ સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. આરોગ્ય વિભાગ દ્વારા સરકારી તેમજ ખાનગી હોસ્પિટલોને ચાંદીપુરા વાયરસના લક્ષણો ધરાવતા દર્દીઓને તાત્કાલિક ઝ્ઝ બેડમાં દાખલ કરવા માટે સ્પષ્ટ અને સખત સૂચનાઓ જારી કરવામાં આવી છે.વાયરસના ફેલાવાને અટકાવવા માટે આરોગ્ય વિભાગ દ્વારા સઘન કામગીરી હાથ ધરવામાં આવી છે. વાયરસનું વહન કરતી સેન્ડફ્લાય (રેતીની માખી) ના ઉપદ્રવને નિયંત્રિત કરવા પશુપાલન વિસ્તારો અને ગ્રામીણ વિસ્તારોમાં જંતુનાશક દવાઓનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. માટી કે કાચા મકાનોની તિરાડો, જ્યાં આ માખીઓ આશ્રય લે છે, તેને પૂરવાની ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે.

ચાંદીપુરા વાયરસ ખાસ કરીને નાના બાળકોને ઝડપથી પોતાની ચપેટમાં લે છે. જો બાળકોમાં તાવ, ઊલટી કે ખેંચ જેવાં કોઈ પણ લક્ષણો જણાતાં જ સમય ગુમાવ્યા વિના તાત્કાલિક નજીકની સરકારી હોસ્પિટલનો સંપર્ક કરવા આરોગ્ય વિભાગ દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવી છે.

સમયસર નિદાન અને સારવાર જ આ વાયરસ સામે રક્ષણ મેળવવાનો શ્રેષ્ઠ ઉપાય છે.

## મેટાને ભૂલ પર અફસોસ :ઝૂકરબર્ગ



(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૫ : મેટાના CEO માર્ક ઝૂકરબર્ગે પ્લેટફોર્મ પર ચાઈલ્ડ સેક્સ્યુઅલ એબ્યૂઝ મટીરિયલ અને ડીપફેક ટેકનોલોજીના દુરુપયોગ બદલ સત્તાવાર માફી માંગી છે. કન્ટેન્ટ મોડરેશન અને ડિજિટલ સુરક્ષામાં થયેલી ગંભીર ચૂક સ્વીકારી, તેમણે ઊંડો અફસોસ વ્યક્ત કર્યો. ઝૂકરબર્ગે યુઝર્સની સુરક્ષા અને ડિજિટલ કન્ટેન્ટની વિશ્વસનીયતા સુધારવા માટે જરૂરી પગલાં લેવાની ખાતરી આપી છે.

મેટાના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) માર્ક ઝૂકરબર્ગે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર થયેલી ગંભીર ચૂક બદલ સત્તાવાર રીતે માફી માગી છે, અને પોતાની ભૂલો પર ઊંડો અફસોસ વ્યક્ત કર્યો છે. મળતી માહિતી મુજબ, મેટા પ્લેટફોર્મ્સ પર ચાઈલ્ડ સેક્સ્યુઅલ એબ્યૂઝ મટીરિયલ (CSAM), ડીપફેક ટેકનોલોજીના દુરુપયોગ અને અલ્ગોરિધમ સંચાલનમાં કેટલીક ગંભીર ખામીઓ અને ભૂલો સામે આવી હતી. આ ગરબડ બાદ ઝૂકરબર્ગે સ્વીકાર્યું છે કે, કન્ટેન્ટ મોડરેશન અને ડિજિટલ સુરક્ષા જાળવવામાં પ્લેટફોર્મથી ક્ષતિઓ થઈ છે. માર્ક ઝૂકરબર્ગે ખાસ કરીને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરથી અમુક વિવાદિત અને વાંધાજનક વીડિયો હટાવવા, તેમજ કન્ટેન્ટ નિયંત્રણમાં થયેલી ગરબડ અંગે અફસોસ વ્યક્ત કર્યો હતો. તેમણે આશ્વાસન આપ્યું છે કે, કંપની પોતાના યુઝર્સની સુરક્ષા અને ડિજિટલ કન્ટેન્ટની વિશ્વસનીયતા સુધારવા માટે જરૂરી પગલાં લઈ રહી છે.

## રાંચીમાં વિદ્યાર્થીઓનું આંદોલન ઉગ્ર બન્યું

**ઝારખંડમાં ૨૫ જુલાઈથી શરૂ થયેલું આંદોલન હવે બે જૂથમાં વહેંચાયું છે, પણ માંગણીઓ અડગ છે**

(સંપૂર્ણ સમાચાર સેવા) રાંચી, તા.૫ :ઝારખંડની રાજધાની રાંચીના જયપાલ સિંહ મુંડા સ્ટેડિયમમાં વિદ્યાર્થીઓનું આંદોલન દિન-પ્રતિદિન વધુ ઉગ્ર બની રહ્યું છે. દિલ્હીના જંતર મંતરની જેમ જ આખું સ્ટેડિયમ આંદોલનકારી વિદ્યાર્થીઓ અને તેમના સમર્થકોથી ભરાઈ ગયું છે. ઝારખંડ લોક સેવા આયોગ (JPSC)ની સંયુક્ત સિવિલ સેવા પ્રારંભિક પરીક્ષામાં થયેલી કથિત ગડબડ અને ધાંધલી સામે ૨૫ જુલાઈથી શરૂ થયેલું આ આંદોલન ૧૦ દિવસ બાદ પણ પૂરા જોશમાં જોવા મળી રહ્યું છે. જોકે આંદોલન કરી રહેલા વિદ્યાર્થીઓ હવે બે જૂથમાં વહેંચાઈ ગયા છે, પરંતુ બંને પોતાની માગો પર અડગ છે. ૧૪મી JPSC PT પરીક્ષામાં મોટા પાયે ગડબડ થઈ હોવાનો આરોપ લગાવતા વિદ્યાર્થીઓએ ગુસ્સામાં કહ્યું છે કે સરકાર કાં જીવવા દે કે પછી મારી જ નાખે.

આંદોલનકારી વિદ્યાર્થીઓ માગ કરી રહ્યા છે કે ઝારખંડમાં સ્પર્ધાત્મક પરીક્ષા યોજતી એજન્સી TDPL દ્વારા લેવાયેલી ૧૪મી JPSC પરીક્ષાને તુરંત રદ કરવામાં આવે અને પારદર્શક રીતે નવી પરીક્ષા યોજવામાં આવે. આ સાથે જ સમગ્ર કૌભાંડની CBI તપાસ કરાવવામાં આવે અને ભવિષ્યમાં નિષ્પક્ષ તેમજ સમયબદ્ધ ભરતી પ્રક્રિયા સુનિશ્ચિત કરવા માટે નિયમિત વાર્ષિક પરીક્ષા કેલેન્ડર બહાર પાડવામાં આવે.

આંદોલનના એક જૂથનું નેતૃત્વ JLKM (ઝારખંડ લોકતાંત્રિક ક્રાંતિ મોરચા)ના દેવેન્દ્ર મહતો કરી રહ્યા છે, જેઓ રાજ્યમાં વિદ્યાર્થી આંદોલનનો મુખ્ય ચહેરો બન્યા છે. અગાઉ સિલ્લી બેઠક પરથી વિધાનસભા ચૂંટણી લડી ચૂકેલા મહતો ભૂખ હડતાળ પર બેઠા છે અને તેમના ઉપવાસનો આજે ત્રીજો દિવસ છે. બીજી તરફ, રામગઢના રહેવાસી અને બોટનીમાં પોસ્ટ ગ્રેજ્યુએટ બ્રહ્માનંદ પણ જયપાલ સિંહના સ્ટેચ્યુ નીચે, વરસાદ વચ્ચે ભૂખ હડતાળ પર બેઠા છે. તેમનો આરોપ છે કે વિદ્યાર્થીઓના હક અને અધિકારો પર અન્યાય છે.

બનાવ અંગેની તપાસ કરી રહેલી CIDની પૂછપરછ દરમિયાન JPSCના કેટલાક કર્મચારીઓ અને પરીક્ષા યોજતી એજન્સી TDPL સાથે સંકળાયેલા લોકો પાસેથી વિદ્યાર્થીઓની OMR શીટ અને એડમિટ કાર્ડ મળી આવ્યા છે. આ કેસમાં કૌભાંડીઓની ધરપકડ કરવામાં આવી છે અને પૂર્વ JPSC અધ્યક્ષ એલ. ખ્યાંગતેનો પાસપોર્ટ જપ્ત કરીને તેમની વિદેશ યાત્રાઓ તથા TDPL સાથેના સંબંધો અંગે પૂછપરછ ચાલુ છે.

આટલા મોટા આંદોલન છતાં જયપાલ સિંહ સ્ટેડિયમમાં સંપૂર્ણ શિસ્ત જળવાઈ રહી છે. પ્રદર્શનકારીઓ તરફથી કોઈ વાંધાજનક નારેબાજી કરવામાં આવતી નથી. સાંજના સમયે સ્થાનિક લોકો મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને નૈતિક સમર્થન અને ફૂડ સપોર્ટ આપવા પહોંચી રહ્યા છે. પ્રદર્શનકારીઓનું સ્પષ્ટ કહેવું છે કે અમને યોજનાઓ કરતાં વધુ રોજગારીની જરૂર છે અને અમારી પ્રાથમિકતા નોકરી છે.

## સતત બીજી વાર રેપો રેટ સ્થિર, રિઝર્વ બેંકે વ્યાજદરમાં ન કર્યો ફેરફાર

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૫ : જો તમે દર મહિને હોમ લોન, કાર લોન કે અન્ય કોઈ EMI ચૂકવો છો, તો આ સમાચાર તમારા માટે ઉપયોગી છે. વૈશ્વિક સ્તરે મધ્ય પૂર્વમાં તણાવ વચ્ચે, રિઝર્વ બેંકે સામાન્ય માણસને મોટી રાહત આપી છે. કેન્દ્રીય બેંકે સતત પાંચમી વખત રેપો રેટ ૫.૨૫ ટકાના જૂના સ્તરે રાખ્યો છે. કેન્દ્રીય બેંકના આ નિર્ણયથી કરોડો ગ્રાહકોને રાહત મળવાની અપેક્ષા છે. નાણાકીય વર્ષ ૨૦૨૭ની ત્રીજી દ્વિમાસિક નાણાકીય નીતિ સમીક્ષા (MPC) પછીના પોતાના સંબોધનમાં રિઝર્વ બેંકના ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે રેપો રેટ ૫.૨૫ ટકા પર જાળવી રાખવામાં આવશે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ મુખ્ય પોલિસી રેટમાં કોઈ ફેરફાર કર્યો નથી, તેથી હોમ લોન અને કાર લોન માટેના EMI યથાવત રહેશે. આનો અર્થ એ થયો કે તમારે પહેલા જેટલા જ EMI ચૂકવવા પડશે. આ MPCમાં, RBIનું ધ્યાન ફુગાવાને નિયંત્રિત કરવા અને આર્થિક વૃદ્ધિ જાળવવા પર હતું. રિઝર્વ બેંકની MPCની જાહેરાત પહેલા, ટ્રેડિંગ સત્રની શરૂઆતમાં સ્થાનિક શેરબજારમાં વધારો જોવા મળ્યો હતો. RBIએ છેલ્લે ઓક્ટોબર ૨૦૨૫માં રેપો રેટમાં ફેરફાર કર્યો હતો. તે સમયે, રિઝર્વ બેંકે રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો હતો. ત્યારબાદ, ડિસેમ્બર, ફેબ્રુઆરી, એપ્રિલ, જૂન અને હવે ઓગસ્ટ MPCમાં રેપો રેટ પાછલા સ્તરે રહ્યો. RBIએ ૨૦૨૫ દરમિયાન ત્રણ વખત રેપો રેટમાં કુલ ૧૨૫ બેસિસ પોઈન્ટ (૧.૨૫%) ઘટાડો કર્યો હતો. જોકે, ફુગાવામાં વધારો થવાની આશંકા અને અપેક્ષિત ધીમી GDP વૃદ્ધિને કારણે, રેપો રેટ યથાવત રહ્યો.

RBI બેંકોને જે દરે લોન આપે છે તેને રેપો રેટ કહેવામાં આવે છે. રેપો રેટમાં વધારો થવાનો અર્થ એ છે કે બેંકોને RBI તરફથી ઊંચા દરે લોન મળશે. આનાથી હોમ લોન, કાર લોન અને પર્સનલ લોન પર વ્યાજદરમાં વધારો થશે, જેની સીધી અસર તમારા EMI પર પડશે.

ઉલ્લેખનીય છે કે, આ પહેલાં જૂન મહિનામાં યોજાયેલી એમપીસીની બેઠકમાં પણ રિઝર્વ બેંકે રેપો રેટ સ્થિર રાખ્યો હતો. તે પહેલાં વર્ષ ૨૦૨૫ દરમિયાન આરબીઆઈએ લોનધારકોને મોટી રાહત આપતાં તબક્કાવાર રીતે રેપો રેટમાં કુલ ૧૨૫ બેઝિસ પોઈન્ટ્સ (૧.૨૫%) નો ઘટાડો કર્યો હતો. આ ઘટાડા બાદ રેપો રેટ ૫.૨૫%ના નીચલા સ્તરે પહોંચ્યો હતો, જેને હાલમાં પણ જાળવી રાખવામાં આવ્યો છે. રેપો રેટ (Repo Rate) એ એવો દર છે જેના પર ભારતીય રિઝર્વ બેંક દેશની અન્ય તમામ વાણિજ્યિક બેંકોને ધિરાણ (લોન) આપે છે.

જ્યારે રેપો રેટ વધે છેઃ બેંકો માટે આરબીઆઈ પાસેથી લોન લેવી મોંઘી બને છે, જેના કારણે બેંકો પણ પોતાના ગ્રાહકો માટે હોમ, ઓટો કે પર્સનલ લોનના વ્યાજદરમાં વધારો કરે છે અને ગ્રાહકોની ઈએમઆઈ વધી જાય છે.

## દક્ષિણ ફિલિપાઈન્સમાં ૬.૩ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો

(જી.એન.એસ) તા. ૫
મનીલા, યુનાઈટેડ સ્ટેટ્સ જીઓલોજિકલ સર્વેએ જણાવ્યું હતું કે, બુધવારે દક્ષિણ ફિલિપાઈન્સમાં ૬.૩ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જીએ્જી અનુસાર, ૧૨:૧૪ વાગ્યે (૦૪૧૪ પ્સ્) નાનકડા ટાપુ સારંગાનીથી ૩૨ કિલોમીટર (લગભગ ૨૦ માઈલ) દક્ષિણપશ્ચિમમાં આવેલા ભૂકંપથી સુનામીની ચેતવણી ટ્રિગર થઈ ન હતી. જાનહાનિ અથવા નુકસાનના કોઈ તાત્કાલિક અહેવાલો નથી.

સારંગાણી ટાપુના બચાવકર્તા હાર્લી સૌરોએ એએફપીને જણાવ્યું કે ભૂકંપ ત્યારે આવ્યો જ્યારે મોટી સંખ્યામાં લોકો સરકારી સબસિડી મેળવવા માટે એકઠા થયા હતા."ધ્રુજારી એકદમ જોરદાર હતી. મેં લોકોને ગભરાટમાં જોયા. તેઓ દોડી રહ્યા હતા અને બૂમો પાડી રહ્યા હતા," તેમણે કહ્યું.

"સ્થાનિક સરકાર નાણાકીય સબસિડી આપી રહી હતી ત્યારે ભૂકંપ આવ્યો, તેથી કોર્ટમાં ઘણા લોકો હતા, પરંતુ દરેક સુરક્ષિત છે," તેમણે ઉમેર્યું.

"અમારા મૂલ્યાંકન અને અનુભવના આધારે, અમને નથી લાગતું કે જાનહાનિ અથવા નુકસાન થશે."પેસિફિક સુનામી ચેતવણી કેન્દ્રે બુધવારના ભૂકંપને ૬૨ કિલોમીટરની ઊંડાઈએ રાખ્યો હતો.

ભૂકંપ ૮ જૂનના શક્તિશાળી ધ્રુજારીને અનુસરે છે જેણે ઈમારતો તોડી પાડી હતી, ભૂસ્ખલન શરૂ કર્યું હતું અને નજીકના મિંડાનાઓ ટાપુ પર ઓછામાં ઓછા ૭૬ લોકો માર્યા ગયા હતા.તે ધરતીકંપ, કોટાબેટો ખાઈના સ્થળાંતર દ્વારા સંચાલિત, સમુદ્રતળને બે મીટર (૬.૬ ફૂટ) જેટલો ઊંચો કર્યો, કોરલને ખુલ્લું પાડ્યું અને દરિયાઈ જીવનને નુકસાન પહોંચાડ્યું.

ફિલિપાઈન્સમાં ભૂકંપ લગભગ રોજિંદા ઘટના છે, જે પેસિફિક "રિંગ ઓફ ફાયર" પર સ્થિત છે, જે જાપાનથી દક્ષિણપૂર્વ એશિયા અને પેસિફિક બેસિનમાં ફેલાયેલી તીવ્ર ભૂકંપીય પ્રવૃત્તિનો એક ચાપ છે.

## અમેરિકા-ઈરાન વચ્ચેના સંઘર્ષમાં ૨૦ મિનિટમાં ૭ વિસ્ફોટોથી દુબઈ હચમચી ગયું

(જી.એન.એસ) તા. ૫
દુબઈ, બુધવારે વહેલી સવારે દુબઈના જેબેલ અલી ઔદ્યોગિક ઝોન અને બંદર પર અનેક વિસ્ફોટો અને ગાઢ ધુમાડાના ગોટેગોટા નોંધાયા હતા, જેમાં અમીરાતના અધિકારીઓએ ૨૦ મિનિટના સમયગાળામાં ઓછામાં ઓછા સાત વિસ્ફોટોની પુષ્ટિ કરી હતી પરંતુ ખાડીમાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે કારણ જાહેર કર્યું ન હતું.

સાક્ષીઓએ આ વિસ્તારમાંથી ભારે ધુમાડો નીકળતો હોવાનું જણાવ્યું હતું, જ્યારે નાસા થર્મલ ઈમેજરી મુજબ બંદર નજીક એક વેરહાઉસમાં આગ લાગી હોવાનું દર્શાવવામાં આવ્યું હતું જેનો ઉપયોગ બળતણ સંગ્રહ અને ટ્રાન્સફર માટે થાય છે, એમ ઈરાનની મેહર ન્યૂઝ એજન્સીએ અહેવાલ આપ્યો હતો.

ઘટનાનું ચોક્કસ કારણ અસ્પષ્ટ છે. કેટલાક ઈરાકી મીડિયા આઉટલેટ્સે દાવો કર્યો હતો કે વિસ્ફોટ યમનથી છોડવામાં આવેલા મિસાઈલ હુમલાનું પરિણામ હતું, જોકે અમીરાતના અધિકારીઓ તરફથી કોઈ સત્તાવાર પુષ્ટિ મળી નથી. સ્થાનિક મીડિયાએ અનેક વિસ્ફોટો સાંભળ્યા હોવાનો અહેવાલ આપ્યો હતો પરંતુ સત્તાવાર સમજૂતી આપી ન હતી.

આરબ મીડિયાએ એ પણ અહેવાલ આપ્યો હતો કે અમીરાતના અધિકારીઓએ ઘટનાનું ફિલ્માંકન કરવા બદલ બે લોકોની અટકાયત કરી હતી.દરમિયાન, યમનની રાજધાની સનામાં વિસ્ફોટો નોંધાયા હતા. વિરોધાભાસી અહેવાલો સૂચવે છે કે વિસ્ફોટો કાં તો હવાઈ હુમલાને કારણે થયા હતા અથવા યમનના પ્રદેશમાંથી મિસાઈલ લોન્ચ સાથે જોડાયેલા હતા.અધિકારીઓએ જાનહાનિ અથવા નુકસાનની માત્રા અંગે કોઈ માહિતી જાહેર કરી નથી.

ઈરાન યુદ્ધ પર નવીનતમઃ હોર્મુઝ ફરીથી ખોલવા માટે વાતચીત ચાલુઈરાન અને ઓમાન હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવા માટે એક કરારની નજીક પહોંચી રહ્યા છે, જે એક મુખ્ય વૈશ્વિક ઉર્જા શિપિંગ માર્ગ છે, જે તણાવ ઓછો કરવામાં અને ચાલુ સંઘર્ષને સમાપ્ત કરવાના પ્રયાસોને આગળ વધારવામાં મદદ કરી શકે છે.એસોસિએટેડ પ્રેસ દ્વારા ટાંકવામાં આવેલા બે પ્રાદેશિક અધિકારીઓના જણાવ્યા અનુસાર, પ્રસ્તાવિત વ્યવસ્થા જહાજોને ઈરાની-નિયંત્રિત માર્ગ દ્વારા પર્સિયન ગલ્ફમાં પ્રવેશવાની અને ઓમાન દ્વારા સંચાલિત માર્ગ દ્વારા બહાર નીકળવાની મંજૂરી આપશે. જો કે, કોઈપણ કરાર યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા ઈરાનના બંદરો પરના પ્રતિબંધો હટાવવા પર આધાર રાખે છે. ટ્રમ્પ વહીવટીતંત્રે અગાઉ કોઈપણ કરારનો વિરોધ કર્યો છે જે ઈરાનને વ્યૂહાત્મક જળમાર્ગ પર નિયંત્રણ આપશે.યુએસ અધિકારીઓએ આશાવાદ વધારતા સંકેત આપ્યો હતો કે ટૂંક સમયમાં કરાર થઈ શકે છે. સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ જણાવ્યું હતું કે ઈરાન અને ઓમાન વચ્ચેની વાતચીતમાં પ્રગતિ થઈ છે પરંતુ હજુ સુધી "અંતિમ" નથી.ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેંટે સીએનબીસીને જણાવ્યું હતું કે સ્ટ્રેટને ફરીથી ખોલવા અને પ્રદેશમાં વધુ સ્થિર પરિસ્થિતિ તરફ આગળ વધવા માટે "આજે અથવા કાલે અમારી પાસે સોદો થવાની શક્યતા છે".હોર્મુઝ સ્ટ્રેટ, જ્યાંથી વિશ્વના તેલ અને કુદરતી ગેસના પુરવઠાનો લગભગ પાંચમા ભાગ સંઘર્ષ પહેલા પસાર થતો હતો, ફેબ્રુઆરીમાં યુદ્ધ શરૂ થયા પછી વાણિજ્યિક શિપિંગ પર ઈરાની હુમલાઓ પછી અસરકારક રીતે બંધ રહ્યો છે.

## સુપ્રીમ કોર્ટને મળશે પ્રથમ મહિલા ચીફ જસ્ટિસ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૫ : ભારતને ટૂંક સમયમાં પોતાના ઈતિહાસમાં પહેલીવાર એક મહિલા મુખ્ય ન્યાયાધીશ (CJI) મળવા જઈ રહ્યા છે. રાજ્યસભામાં સુપ્રીમ કોર્ટ (ન્યાયાધીશોની સંખ્યા) સુધારા વિધેયક, ૨૦૨૬ પર ચર્ચા દરમિયાન કેન્દ્રીય કાનૂન મંત્રી અર્જુન રામ મેઘવાલે આ અંગે મહત્વની માહિતી આપી હતી. લોકસભામાં પહેલાથી જ પસાર થઈ ચૂકેલા આ વિધેયક પર ચર્ચા બાદ રાજ્યસભામાં તેને પરત મોકલવાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી. વિપક્ષ દ્વારા મહિલા ન્યાયાધીશોના પ્રતિનિધિત્વ પર ઉઠાવવામાં આવેલા સવાલોનો જવાબ આપતા કાનૂન મંત્રીએ સ્પષ્ટ કર્યું હતું કે ભારત ટૂંક સમયમાં જ ન્યાયતંત્રના સર્વોચ્ચ પદ પર એક મહિલા ન્યાયાધીશને જોશે. તેમણે ઉમેર્યું હતું કે તાજેતરમાં જ ગુજરાત, આંધ્ર પ્રદેશ, મેઘાલય અને પટના હાઈકોર્ટમાં મહિલા મુખ્ય ન્યાયાધીશો સેવા આપી ચૂક્યા છે, જે દેશમાં નારી શક્તિને પ્રોત્સાહન આપવાના સરકારના વિઝનનો એક ભાગ છે.

સુપ્રીમ કોર્ટમાં કેસોનો ઝડપી નિકાલ લાવવા માટે ન્યાયાધીશોની સંખ્યા ૩૪ થી વધારીને ૩૮ કરવામાં આવી છે. કાનૂન મંત્રીએ જણાવ્યું કે ૨૮ જાન્યુઆરી ૧૯૫૦ ના રોજ જ્યારે સુપ્રીમ કોર્ટની સ્થાપના થઈ ત્યારે માત્ર ૮ ન્યાયાધીશો જ હતા. સમય જતાં કેસોનું ભારણ વધતા આ સંખ્યામાં વધારો કરાયો છે. આ માટે કેન્દ્રીય મંત્રીમંડળે ૫ મે ૨૦૨૬ ના રોજ મંજૂરી આપી હતી અને ત્યારબાદ અધ્યાદેશ લાવીને ૧ જૂન ૨૦૨૬ થી ૫ નવા ન્યાયાધીશોની નિમણૂક કરવામાં આવી હતી. સંસદમાં ચર્ચા દરમિયાન કાનૂન મંત્રી અર્જુન રામ મેઘવાલે જણાવ્યું હતું કે ન્યાયતંત્ર પર સતત વધી રહેલું કામનું ભારણ, ન્યાયિક બાબતોના બદલાતા સ્વરૂપ અને ઉભરતા બંધારણીય તથા કાનૂની મુદ્દાઓને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશોની સંખ્યા વધારવી એ સમયની માંગ અને સમયસરનો સુધારો છે.

અદાલતોમાં કેસો પેન્ડિંગ રહેવાના કારણો અંગે વાત કરતા કાનૂન મંત્રીએ કહ્યું હતું કે તેના ઘણાં કારણો છે, પરંતુ મુખ્ય કારણ તથ્યોની જટિલતા છે. તેમણે ઉદાહરણ આપતા કહ્યું કે શબરીમાલા કેસ અને તેના જેવા અન્ય ઘણા કેસો આવી જ જટિલતા ધરાવે છે જે સુપ્રીમ કોર્ટ સમક્ષ આવે છે. નવા ન્યાયાધીશોની નિમણૂક બાદ સુપ્રીમ કોર્ટે ૪ વિશેષ બેંચોની રચના કરી છે. આ બેંચો માત્ર સૌથી જૂના સિવિલ અને ક્રિમિનલ કેસોની સુનાવણી કરશે અને તેમને દૈનિક રૂટિન કેસોની સુનાવણીમાંથી મુક્ત રાખવામાં આવ્યા છે. તેનો મુખ્ય હેતુ વર્ષોથી અટકેલા કેસોનો સમયસર નિકાલ કરીને સામાન્ય લોકોને ઝડપી ન્યાય આપવાનો છે. આ બિલ અંગે વાત કરતા અર્જુન રામ મેઘવાલે માહિતી આપી હતી કે સુપ્રીમ કોર્ટ (ન્યાયાધીશોની સંખ્યા) સુધારા વિધેયક, ૨૦૨૬ પરની ચર્ચામાં કુલ ૩૩ સાંસદોએ ભાગ લીધો હતો. તમામ સાંસદોએ પોતપોતાના કિંમતી સૂચનો અને વિચારો રજૂ કર્યા તે બદલ મંત્રીએ તમામનો આભાર વ્યક્ત કર્યો હતો. અદાલતોના કામકાજને વધુ આધુનિક અને ડિજિટલ બનાવવા માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. ન્યાયિક માળખાને મજબૂત કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ રૂ. ૭૯૫.૫૩ કરોડના ખર્ચે સુપ્રીમ કોર્ટ ભવનના વિસ્તરણનું કામ બે તબક્કામાં ચાલી રહ્યું છે.

## પાક. આર્મીએ ૨ મહિનામાં ૯૦ નિર્દોષ લોકોની કરી હત્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)
ઈસ્લામાબાદ, તા.૫ : પાકિસ્તાન કબજા હેઠળના જમ્મુ અને કાશ્મીર (PoK) માં પરિસ્થિતિ ભયાનક છે. ત્યાંના લોકો પાકિસ્તાન સૈન્યની ક્રૂરતાનો ભોગ બની રહ્યા છે. ભારત હાલની "PoKની પરિસ્થિતિઓ અંગે ચિંતિત છે. મંગળવારે, ભારતે PoK માં નાગરિકો સામે સતત, બર્બર કાર્યવાહી પર પાકિસ્તાનની આકરી ટીકા કરી છે. ભારતે જણાવ્યું કે, જૂનથી ઓછામાં ઓછા ૯૦ નાગરિકોએ જીવ ગુમાવ્યા છે અને આ પ્રદેશમાં યોજાયેલી સ્થાનિક ચૂંટણીઓને "સંપૂર્ણ નાટક" અને માત્ર એક કપટ ગણાવીને ફગાવી દીધી. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં દર પખવાડિયે યોજાતી પત્રકાર પરિષદને સંબોધતા, વિદેશ મંત્રાલય (MEA) ના પ્રવક્તા રણધીર જયસ્વાલે આંતરરાષ્ટ્રીય સમુદાયને આ પ્રદેશમાં નાગરિકો સામે થઈ રહેલા અત્યાચારો માટે પાકિસ્તાન સરકારને જવાબદાર ઠેરવવા વિનંતી કરી. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું, "આ વર્ષના જૂનથી અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૯૦ નાગરિકોની હત્યા પાકિસ્તાનની આર્મીએ કરી છે. પાકિસ્તાની સરકાર, બંદૂકના નાળચે સ્થાનિક લોકોના અવાજોને દબાવવાનો પ્રયાસ કરી રહી છે. તેણે ગોળીબાર, બ્લેકઆઉટ, ધાકધમકી અને દમનથી જાહેર અસંતોષનો જવાબ આપ્યો છે, અને હવે તે બનાવટી ચૂંટણી કવાયત દ્વારા સરકારની ઈચ્છા લાદવાનો પ્રયાસ કરી રહી છે." પ્રવક્તા જયસ્વાલે પીઓકેમાં તાજેતરની સ્થાનિક ચૂંટણીઓની પણ ટીકા કરી હતી, ભારપૂર્વક જણાવ્યું હતું કે ચૂંટણી પ્રક્રિયા જમીની વાસ્તવિકતાને છુપાવી શકતી નથી. તેમણે કહ્યું, "પીઓકેમાં આ કહેવાતી સ્થાનિક ચૂંટણીઓ એક સંપૂર્ણ મજાક, નાટક છે. વિરોધ કરનારાઓને પાકિસ્તાની સેના દ્વારા ગોળીએ ધરબીને ક્રૂર હત્યા કરવામાં આવી રહી છે." જયસ્વાલે આંતરરાષ્ટ્રીય સમુદાયને ત્યાં થઈ રહેલી ક્રૂર હત્યાઓ માટે ઈસ્લામાબાદને જવાબદાર ઠેરવવા અપીલ કરી. તેમણે કહ્યું, "તેને જવાબદાર ઠેરવવું જોઈએ, અને વિશ્વએ માનવ અધિકારો પર પાકિસ્તાનના ઢોંગી ભાષણોના રવેશમાંથી જોવું જોઈએ." જમ્મુ અને કાશ્મીરમાં કલમ ૩૭૦ રદ કરવાની વાર્ષિક દિવસે પાકિસ્તાની યુનિવર્સિટીઓમાં બંધના આહ્વાનને અંગે, જયસ્વાલે કહ્યું કે આંતરરાષ્ટ્રીય સમુદાયે પીઓકેમાં પાકિસ્તાની સેના દ્વારા માર્યા ગયેલા ૯૦ લોકો માટે ઈસ્લામાબાદને 'જવાબદાર' ઠેરવવુ જોઈએ. પાકિસ્તાન પર નિશાન સાધતા તેમણે કહ્યું, "૫ ઓગસ્ટના મુદ્દાને સંબોધતા પહેલા, પાકિસ્તાન કબજા હેઠળના જમ્મુ અને કાશ્મીરમાં શું થઈ રહ્યું છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. પાકિસ્તાની સેનાની ક્રૂરતાને કારણે ૯૦ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે.

## બાંગ્લાદેશમાં થયેલા અન્યાય પર શેખ હસીનાનું દર્દ છલકાયું

(સંપૂર્ણ સમાચાર સેવા) ન વી દિલ્હી, તા.૫ : ૫ ઑગસ્ટ ૨૦૨૪ના રોજ બાંગ્લાદેશમાં વિદ્યાર્થીઓના હિંસક વિરોધ પ્રદર્શન અને રાજકીય ઉથલપાથલ બાદ તત્કાલીન વડાંપ્રધાન શેખ હસીનાને અચાનક દેશ છોડીને ભારત આવવું પડ્યું હતું. દેશ છોડ્યા બાદથી તેઓ સતત મીડિયા અને કેમેરાથી દૂર રહ્યા હતા. પરંતુ ૨ વર્ષના લાંબા સમય બાદ શેખ હસીના પ્રથમ વખત આંતરરાષ્ટ્રીય મીડિયા સમક્ષ વર્ચ્યુઅલી લાઈવ આવ્યા છે અને પોતાની વાત રજૂ કરી છે. નવી દિલ્હી સ્થિત 'ફોરેન કોરેસ્પોન્ડન્ટ્સ ક્લબ ઑફ સાઉથ એશિયા'(FCC) દ્વારા આયોજિત ખાસ પ્રેસ કોન્ફરન્સમાં તેઓ જોડાયા હતા.

ઑગસ્ટ ૨૦૨૪માં જ્યારે બાંગ્લાદેશની શેરીઓમાં હિંસા ભડકી હતી અને વિરોધ પ્રદર્શનકારીઓએ વડાપ્રધાન આવાસ પર દરોડો પાડ્યો હતો, ત્યારે શેખ હસીનાને ખૂબ જ ઓછા સમયમાં દેશ છોડવાનો નિર્ણય લેવો પડ્યો હતો. ત્યારથી તેઓ ભારતમાં એક સુરક્ષિત અને ગોપનીય સ્થાને રહી રહ્યા છે. આ ૨ વર્ષ દરમિયાન તેમના કેટલાક લેખિત નિવેદનો કે ઑડિયો મેસેજ ચોક્કસ સામે આવ્યા હતા, પરંતુ તેઓ ક્યારેય લાઈવ પ્રેસ કોન્ફરન્સમાં જોવા મળ્યા નહોતા. હવે ૨ વર્ષ બાદ આંતરરાષ્ટ્રીય પત્રકારો સમક્ષ આવીને તેમણે પોતાનું મૌન તોડ્યું છે.



લાઈવ સ્પીચ દરમિયાન પોતાની આપવીતી સંભળાવતા શેખ હસીના અત્યંત ભાવુક થઈ ગયા હતા અને તેમનો અવાજ રુંધાઈ ગયો હતો. તેમણે જણાવ્યું કે, જુલાઈ અને ઑગસ્ટ મહિનાનું સાચું સત્ય એ છે કે વિદ્યાર્થીઓનું એ પ્રદર્શન શાંતિપૂર્ણ નહોતું. એક સુઆયોજિત જૂથ વિદ્યાર્થીઓનો ઉપયોગ કરીને હિંસા ભડકાવવા માગતું હતું. ૧૫ જુલાઈ ૨૦૨૪ પછી આંદોલનનું સ્વરૂપ બદલાઈ ગયું અને દેશમાં ભારે હિંસા ફેલાવવામાં આવી હતી.

શેખ હસીનાએ દેશની વર્તમાન સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરતાં કહ્યું કે બાંગ્લાદેશ આજે વિભાજિત થઈ ગયું છે અને ત્યાં અરાજકતાનો માહોલ છે. દેશમાં બેરોજગારી ચરમસીમા પર છે અને લોકો ભારે પરેશાન છે. આ સમયે દેશને વિભાજનને બદલે એકતાની જરૂર છે. તેમણે ફરી એકવાર બાંગ્લાદેશ પરત ફરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી અને દેશમાં બંધારણીય મૂલ્યો તથા કાયદાનું શાસન પુનઃસ્થાપિત કરવા માંગ કરી હતી.

પ્રેસ કોન્ફરન્સમાં શેખ હસીનાના પુત્ર સાજીબ વાજેદે અત્યંત આકરા પ્રહારો કરતાં કહ્યું કે બાંગ્લાદેશમાં પોલીસ કસ્ટડીમાં આવામી લીગના કાર્યકરોની સતત હત્યાઓ થઈ રહી છે અને વર્તમાન સરકાર આ હિંસાને પ્રોત્સાહન આપી રહી છે. તેમણે આક્ષેપ કર્યો કે દેશમાં આતંકવાદી સંગઠનો ISIS અને અલ-કાયદાના સક્રિય સભ્યોને છોડી મૂકવામાં આવ્યા છે. બાંગ્લાદેશ આજે એક નિષ્ફળ રાષ્ટ્ર બની ગયું છે જ્યાં માનવાધિકાર જેવું કંઈ બચ્યું નથી અને તે ભારતની પૂર્વ સરહદ પર બીજું પાકિસ્તાન બની રહ્યું છે.

---

**એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર વાપી (શહેર)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૮૯/૨૦૨૫

**અરજદાર : કુલસુમ વારિસ શેખ**
**રહે.** ૧૭૫૪, ગીતાનગર, જુની મંજીત પાસે, વાપી
તા.વાપી, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : સબ રજીસ્ટાર અને જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી**
**વાપી મહાનગરપાલિકા, તા. વાપી, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **કુલસુમ વારિસ શેખ** રહે.૧૭૫૪, ગીતાનગર, જુની મંજીત પાસે, વાપી, તા.વાપી, જી.વલસાડઓએ તેમના પુત્ર **આદિલ વારીસ શેખ**નો જન્મ તા.૧૦/૦૧/૧૯૯૪ના રોજ મોજે વાપી તા.વાપી, જી.વલસાડ ખાતે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે સમયે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા પોતાના વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસની અંદર એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર, વાપી (શહેર), તા. વાપીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ મારી ઈ-સાઈન તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નં.એમએજી/જન્મ,મરણ/રજી૮૯/૨૫/વશી૧૫૯૧/૨૫/૨૦૨૬
એક્ઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર વાપી (શ)ની કચેરી
તાલુકા સેવા સદન, નેશનલ હાઈવે, બલિઠા,
તા.વાપી જી.વલસાડ

કોર્ટનો સિક્કો

સહિ/-
(કે.પી. કાતરીયા)
એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
વાપી (શહેર)

---

**જાહેર નોટીસ**

આથી સાર્વજનિક જનતાને જણાવવાનું કે, બેંક ઓફ બરોડાની નૌપાડા, થાણે વેસ્ટ શાખા તેના એક ગ્રાહક દ્વારા વિનંતી કરાયેલ લોન/ક્રેડિટ સુવિધા માટે M/s Prithvi Polymer Industries Pvt Ltd (ફ્લેટ નં. ૫૦૨, ૫ મો માળ, કોટન એક્સચેન્જ બિલ્ડિંગ, કાલબાદેવી રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨) ના નામે રહેલી નીચે મુજબની મિલકતને જામીન/સિક્યુરિટી તરીકે સ્વીકારવાનો ઈરાદો ધરાવે છે.

જો કોઈ વ્યક્તિ આ નીચે મુજબની મિલકત પર કોઈપણ હક / હિસ્સો / ટાઈટલ / વ્યાજ / દાવો ધરાવતી હોય, તો તેઓને તેમના દાવાના સમર્થન માટે જરૂરી પુરાવા સાથે ૧૦ દિવસની અંદર બેંક અથવા નીચે સહી કરનાર એડવોકેટનો સંપર્ક કરવા વિનંતી કરવામાં આવે છે.

જો ૧૦ દિવસની અંદર કોઈ પ્રતિસાદ નહીં મળે, તો એવું માની લેવામાં આવશે કે આ મિલકત કોઈપણ બોજા/દાવા/પ્રતિકૂળ હકથી મુક્ત છે અને બેંક મોર્ગેજ (ગિરવે મૂકવાની) પ્રક્રિયા આગળ વધારશે.

મિલકતની વિગત : (સર્વે નંબર/ક્ષેત્રફળ/સીમાઓ સાથે)

ઈન્ડસ્ટ્રીયલ જમીન અને બિલ્ડિંગ, જેમાં પ્લોટ નં.૦૫ની એન.એ. (NA) જમીન સમાવિષ્ટ છે, જેનું ક્ષેત્રફળ હેક્ટર ૧૯ - ૫૦ એકર (૧૯૫૦ ચો. મીટર) છે, સર્વે નંબર ૨૬૫/૧, ગામ દાદરા, કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ, દમણ રોડ પર સ્થિત, બ્લુ સ્ટાર લિમિટેડની સામે અને યુરો લેમિનેટની નજીકમાં, ગામ દાદરા અને નગર હવેલી, સિલવાસા - ૩૯૬૧૯૩માં M/s Prithvi Polymer Industries Pvt Ltd ના નામે છે.

**કોમ્પ્લેક્સની સીમાઓ :**

| વિગત | વેચાણ દસ્તાવેજ / વેલ્યુએશન રિપોર્ટ મુજબ |
|---|---|
| પૂર્વ | સર્વે નં. ૨૬૫/૧/૪ |
| પશ્ચિમ | સર્વે નં. ૨૬૫/૧/૬ |
| ઉત્તર | MIDC રોડ |
| દક્ષિણ | સર્વે નં. ૨૪૪ (ભાગ) |
| જીઓલોકેશન | અક્ષાંશ (Latitude) : ૨૦.૩૨૪૧૧૫<br>રેખાંશ (Longitude) : ૭૨.૯૭૦૭૩૩ |

**શાખાની વિગતો / સંપર્ક નંબર :**
**નૌપાડા, થાણે વેસ્ટ બ્રાન્ચ, નં. ૫ ગૌરાંગી ચેમ્બર્સ,**
**દમાણી એસ્ટેટની સામે, એલ. બી. એસ. માર્ગ,**
**થાણે વેસ્ટ, મહારાષ્ટ્ર - ૪૦૦૬૦૨**
**મોબાઈલ નં. ૯૯૩૦૧ ૮૭૬૦૧**
**ઈમેલ VJTHAW@BANKOFBARODA.CO.IN**
**તારીખ : ૦૫/૦૮/૨૦૨૬**
**સ્થળ : સિલવાસા**

**વિશાલ કે. શ્રીમાળી**
**(એડવોકેટ)**

---

**PUBLIC NOTICE**

**BEFORE THE ACCIDENT CLAIMS TRIBUNAL PALGHAR**
**AT: PALGHAR**
**Hon'ble Member Shri.A.R.Rahane, M.A.C.T., Palghar**
**Claim Application No. MAC No. 155/2024**
**Exh.No. 11**

**Annie Suny and others 1 ...Applicant**
**V/s.**
**Jayram Transport Corporation ...Opponent**
**To,**
**Opponent**
**Jayram Transport Corporation**
**Dadra and Nagar Haweli, Silvasa.396230**
**(Owner of Container No.DD/01/T9433)**

Whereas the above named applicant has filed Accident Claim application for the compensation of Rs. 1,00,000/- in this Tribunal against you.

You are hereby given notice to appear in this Tribunal in person or by a pleader duly instructed and to file your say on or before 14/08/2026 at 11.00 a.m. failing which the said application will be heard absence and determined Ex-pertly.

Given under my hand and the seal of the Tribunal on this 27 th day of July, 2026.

**Sd/-**
**Jr. Clerk**

Stamp

**By Order,**
**Sd/-**
**Superintendent,**
**M.A.C.T. PALGHAR**

---

**IN THE III[rd] LABOUR COURT AT THANE.**
**BEFORE SMT S. R. BHOR, JUDGE,**
**APPLICATION (ECA) No. 227/1-69/2026**
**Smt. Bharati Naresh Garuda ... Applicant/s**
**V/s.**
**Mr. Asif Jabbar Memon & Ors. ......Opponent/s**
**NOTICE**

WHEREAS, the above named applicant has presented an application in this Court against you for compensation in respect of the injuries received by him/death of by accident said to have arisen out of and in the course of his employment as stated in the accompanying copy of the application. you are hereby summoned to appear in this Court, in person or by a pleader or any other person duly authorised in writing and able to answer all material questions relating to the application of who shall be accompanied by some other person able to answer all such questions on Dt. 25/08/2026 at 11.00 a.m. to answer the claim: and as the day fixed for your appearance is appointed for the final disposal of the application, you must be prepared to produce on that day all the witness upon whose evidence and all the documents upon which you intent to relay in support of your defense. Under rule 27 of the Workmen's Compensation Rules, 1923, you are hereby required to file written statement IN DUPLICATE on or before Dt. 25/08/2026.

Take notice that in default of your appearance on the day before mentioned the application will be heard and determined in your absence.

**No. 2193**
**Office of the Labour Court**
**Office Complex M.I.D.C.Bldg.,**
**2nd & 3rd Floor, Mulund Check Naka,**
**Thane(W)-400 604.**
**Dt. 29/7/26**

Stamp

**By Order,**
**Sd/-**
**I/c. Secretary, Labour Court, Thane.**

**To,**
**1) Mr. Asif Jabbar Memon,**
**At-555 Umbergaon Road, Datar Manzil, Sanjan, Valsad, Gujarat - 395 150.**
**2) ICICI Lombard General Insurance Co. Ltd.,**
**Thane Divisional Office,**
**Office At 1st Floor, Geaorge Mansion,**
**L.B.S. Marg, Uthalsar, Thane,**
**Maharashtra - 400 601.**













# વાપી મહાનગર વિશેષ

સમસ્યા - સમાધાન, વેપાર-ધંધો, સમાજ, સંસ્થા, શિક્ષણ, સિદ્ધિ, સંસ્કૃતિ

● સલવાવ ● બલીઠા ● છરવાડા ● છીરી ●મોરાઈ ●કુંતા ● વટાર ● નામધા ● ચંડોર, ● કરવડ ● ચણોદ



**વરસાદી માહોલ બાદ સૂર્યદેવની સાંજે સંતાકુકડી**

વાપી પંથકમાં છેલ્લા બે સપ્તાહ કરતા વધુ સમયથી ભારેથી અતિભારે વરસાદને લઈ સૂર્યનારાયણ દેવના દર્શન દુર્લભ બની ગયા હતા. જોકે છેલ્લા ૨ દિવસથી વરસાદે પોરો ખાતાં વાદળો વચ્ચે સૂર્યનારાયણ દેવની સંતાકુકડી જોવા મળી રહી છે. જેને લઈ હવે પૂરગ્રસ્ત બનેલા વિસ્તારોમાં પરિસ્થિતિ ધીમે ધીમે થાળે પડી રહી છે.

## વાપી મનપા વિસ્તારમાં પૂરગ્રસ્ત વેપારીઓ માટે આર્થિક સહાય યોજના દિવાસ્વપ્ન જેવી

### લારી-કેબિનથી પાકી દુકાન સુધી ઉચ્ચક સહાય, પરંતુ GSTના નિયમથી દુકાનદારોમાં નારાજગી

(દમણગંગા ટાઈમ્સ પ્રનિનિધિ)

**વાપી, તા. ૦૫ :** જુલાઈ-૨૬માં ભારે વરસાદ અને પૂરને કારણે વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં નુકસાન પામેલા વાણિજ્ય, વેપારી અને સેવાકીય ક્ષેત્રના લોકોને રાહત આપવા રાજ્ય સરકારે ઉચ્ચક રોકડ સહાય યોજના જાહેર કરી છે. જોકે મોટાભાગના દુકાનદારો પાસે જીએસટી નંબર ન હોવાથી આવા હજારો વેપારો આ સહાય યોજનાથી વંચિત રહી જશે. આ યોજનાઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૧૫/૦૭/૨૦૨૬ના ઠરાવ અને કલેક્ટર વલસાડના તા.૦૧/૦૮/૨૦૨૬ના હુકમથી મહાનગરપાલિકા કક્ષાની સહાય સમિતિની રચના પણ કરવામાં આવી છે. વાપી મનપા કમિશનરને આ યોજના અંતર્ગત અરજીઓ કરવાની રહેશે. સહાય ચાર પ્રકારના અસરગ્રસ્તોને મળશે. લારી/રેકડી ધારકને રૂ. ૭,૫૦૦, ૪૦ ચો.ફૂટ સુધીની નાની સ્થાયી કેબિનને રૂ. ૨૫,૦૦૦, ૪૦ ચો.ફૂટથી વધુની મોટી કેબિનને રૂ. ૫૦,૦૦૦ અને પાકી દુકાન ધરાવનારને રૂ. ૧,૦૦,૦૦૦ની ઉચ્ચક સહાય ચૂકવવામાં આવશે. જ્યારે હજારો પાકી દુકાનના કિસ્સામાં છેલ્લા ત્રિમાસિક GST રિટર્ન ભરેલું હોવું ફરજિયાત છે. સહાય માટે નુકસાનીના ફોટો/વિડિયો, મનપાનો નુકસાનીનો દાખલો, રહેઠાણ અને ઓળખના પુરાવા, દુકાનના સ્થળનો પુરાવો અને બેંકની વિગતો સાથે તા.૩૦/૦૯/૨૦૨૬ સુધીમાં વાપી ઘરવેરા વિભાગમાં અરજી કરવા અપીલ કરી છે.જો અસરગ્રસ્તે APMCની સહાય યોજનાનો લાભ લીધો હોય તો આ યોજનાનો લાભ મળશે નહીં. જોકે મનપાની આ યોજનાથી વેપારી વર્ગમાં નારાજગી જોવા મળી રહી છે. પાકી દુકાન માટે GST રિટર્નની શરત રાખવામાં આવતા હજારો નાના દુકાનદારો આ લાભથી વંચિત રહી જશે તેવી દહેશત છે. મોટાભાગના દુકાનદારો મનપાને કાયદેસર કોમર્શિયલ વેરો અને વ્યવસાય વેરો ભરે છે, પરંતુ તેમની આવક એટલી નથી કે તેઓ GST રિટર્ન ભરે. તેઓ પાસે જીએસટી નંબર પણ નથી. બીજી તરફ ગેરકાયદેસર લારી-ગલ્લા ધારકોને ઓછા ડોક્યુમેન્ટ સાથે સહાય મળી જશે તેવી ફરિયાદ પણ ઉઠી છે. વેપારીઓએ આ બાબતે કલેક્ટર અને વાપી મનપા કમિશનરને ફેરવિચારણા કરી GSTની શરતમાં છૂટછાટ આપવાની માંગ કરી રહ્યાં છે.

## વાપી એમજી રોડ પર સફાઈને લઈ ભારે બૂમરાણ



**રોડ ઉપર ઠેર-ઠેર કચરાના ઢગલાં, ચોમાસામાં ગંદકી સાથે દુર્ગંધ ફેલાઈ**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૫ :** વાપી શહેરના રેલ્વે સ્ટેશનને સીધા જોડતા એમજી રોડ પર ગંદકીને લઈને સ્થાનિક વેપારીઓ અને નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ચોમાસાની શરૂઆત સાથે જ રોડની બંને તરફ ઠેર-ઠેર કચરાના ઢગલાં જોવા મળી રહ્યા છે. વરસાદના પાણી સાથે ભળેલો કચરો ગટરમાં જતો હોવાથી ગંદકી સાથે દુર્ગંધ પણ ફેલાઈ રહી છે. વેપારીઓનું કહેવું છે કે દરરોજ હજારો લોકોની અવર-જવરવાળા આ મુખ્ય બજારમાં સફાઈ કર્મચારીઓ નિયમિત આવતા નથી. પરિણામે રોડ પર પડેલો કચરો દિવસો સુધી પડ્યો રહે છે. મહિને લાખો રૂપિયા સફાઈ કોન્ટ્રાક્ટ પાછળ ખર્ચ કરવા છતાં ગ્રાઉન્ડ લેવલે કોઈ ધ્યાન આપવામાં આવતું નથી.

ચોમાસામાં ગંદકીના કારણે મચ્છર અને રોગચાળો ફાટી નીકળવાની પણ બીક સતાવી રહી છે. નાગરિકોએ તંત્રને વહેલી તકે એમજી રોડ પર નિયમિત સફાઈ, કચરા ઉપાડવાની માંગ કરી છે. આ માર્ગ પર વર્ષોથી લોકો રેલવેની દીવાલ પર લઘુ શંકા કરતા હોય સ્થાનિકો ક્ષોભજનક સ્થિતિમાં મુકાય છે. લોકો નાક દબાવી પસાર થવું પડે છે. આ સમસ્યાનો પણ હજુ સુધી કોઈ ઉકેલ આવ્યો નથી.

## ચણોદની વિનસ સ્કૂલ પાછળ ખનકી જોખમી

### ખનકી પરનો રોડ ધોવાતા નાના બાળકો લપસીને ખનકીમાં પડી જાય તેવો ભય

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૫ :** વાપીના ચણોદ વિસ્તારમાં આવેલી પ્રખ્યાત વિનસ સ્કૂલના પાછળના ભાગે આવેલી ખનકી છેલ્લા ભારે વરસાદ બાદ જોખમી બની છે. ખનકીની બાજુમાંથી પસાર થતો મુખ્ય રસ્તો પાણીના ધસમસતા પ્રવાહને કારણે જગ્યાએ-જગ્યાએથી ધોવાઈ ગયો છે. જેના કારણે રોજ સ્કૂલે આવતા-જતા સેંકડો વિદ્યાર્થીઓના જીવ જોખમમાં મુકાયા છે. સ્થાનિક રહીશો અને વાલીઓના જણાવ્યા મુજબ, વરસાદી પાણીના ભરાવા અને ધોવાણથી રોડની સાઈડની માટી ખસી ગઈ છે. પરિણામે રોડ



અત્યંત સાંકડો અને કાચો થઈ ગયો છે. સ્કૂલ છૂટવાના સમયે અહીં વાલીઓના વાહનો, ઓટો અને વિદ્યાર્થીઓની ભીડ રહેતી હોય છે. ધોવાયેલા રસ્તા પરથી પસાર થતી વખતે નાના બાળકો લપસીને ખનકીમાં પડી જાય તેવો ભય સત રહે છે.

વાલીઓએ અનેક વખત મનપા અને શાળા સંચાલકોને રજૂઆત કરી હોવા છતાં હજુ સુધી કોઈ નક્કર પગલા લેવાયા નથી. હાલ ચોમાસુ આગળ વધતા ખનકીમાં પાણીનું સ્તર પણ વધી રહ્યું છે. સ્થાનિકોએ માંગ કરી છે કે વહેલી તકે રોડનું રિપેરિંગ કરવામાં આવે, સાઈડમાં રેલિંગ કે બેરિકેડ લગાવવામાં આવે જેથી કોઈ અનિચ્છનીય બનાવ ન બને. તંત્ર તાત્કાલિક ધોરણે નિરીક્ષણ કરી સલામતીના પગલા લે તેવી વાલીઓ અને સ્થાનિકોએ માંગ કરી છે.

## છીરી જ્ઞાનગંગા સ્કુલ દ્વારા પૂરપિડિતોને અનાજ કીટ વિતરણ કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૫ :** વાપી તાલુકાના છરવાડા, રાત, અંબાચ ગામના પૂરરગ્રસ્ત લોકોના વ્હારે જ્ઞાન ગંગા ઈંગલિશ મિડિયમ હાઈસ્કૂલ દ્વારા જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ સાથેની કિટ વિતરણ કરવામાં આવી હતી.




અતિભારે વરસાદને કારણે સમગ્ર વલસાડ જિલ્લો પુરની ચપેટમાં આવી ગયો છે. કાચા પાકા મકાનમાં રહેતા લોકોથી માંડીને મોટા પાકા ઘરોમાં રહેતા લોકો ભયંકર આપદા મા મુકાઈ ગયા છે. ઘરની અંદરથી કપડાં, માલસામાન,રાશન વગેરે તમામ ચીજવસ્તુઓ પાણી સાથે વહી ગઈ છે. વાપી છીરી જ્ઞાન ગંગા ઇંગલિશ મિડીયમ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને અને શાળા પરિવારમાં શિક્ષકોને કંઈક એવું થયું કે આપણા આજુબાજુના ગામો અને પરિવારોને પુરના પાણીમાં બધુ જ વહી ગયુ છે એટલે આપણે સાથે મળીને કંઈક મદદરૂપ થઈ શકીએ એવા વિચારોની પ્રેરણાથી શાળાના ચેરમેન સંદીપ આર. પટેલ સાથે વાત કરીને અનાજની કિટ વિતરણ કરવાનું વિચારીને પોતાના તરફથી જે યથાશક્તિ થોડું થોડું સામાન ભેગુ કરીને સરસ મજાની થોડા દિવસ પોતાનું ગુજરાન ચલાવી શકે તેવી અનાજની કિટ તૈયાર કરવામાં આવી હતી. જે કિટ શાળાના ટ્રસ્ટી, આચાર્ય તથા તેમના સ્ટાફ દ્વારા રાતા, પાંડોર, અંબાચ, ખેરલાવ, સલવાવ, છરવાડા, અંભેટી મુકામે વરસાદનો ભોગ બનેલા ૨૫૦થી વધુ કુટુંબોને અનાજ, રાશન વગેરેની મદદ પુરી પાડી છે.

આ કાર્યને સફળ બનાવવા શાળાના શૈક્ષણિક સ્ટાફ અને બિન શૈક્ષણિક સ્ટાફ પોતાનો સહયોગ પૂરો પડ્યો હતો.

## સલવાવ ફાર્મસી કોલેજનું ગૌરવ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૫ :** ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી દ્વારા - ૨૦૨૬માં લેવાયેલી બી.ફાર્મસી દ્વિતીય વર્ષ ચોથા સેમેસ્ટરની પરીક્ષાના તા. ૧ ઓગસ્ટે જાહેર થયેલા પરિણામમાં વાપીની શ્રીમતી ભાવનાબેન નાનુભાઈ બાંભરોલીયા સ્વામિનારાયણ ફાર્મસી કોલેજના વિદ્યાર્થીઓએ સમગ્ર ગુજરાતમાં શાનદાર પ્રદર્શન કરી કોલેજનું ગૌરવ વધાર્યું છે.પરિણામ મુજબ, કોલેજની વિદ્યાર્થીની દિવાકર માહી ફુલચંદે ૯.૭૨ CPI સાથે સમગ્ર ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. ઉપરાંત, તેણે ૯.૬૯ SPI સાથે ત્રીજો ક્રમ પણ મેળવ્યો છે.SPI આધારે ટેલર આયુષી મનિષકુમારે 9.62 SPI સાથે પાંચમો ક્રમ અને માચા અંકિતા પુરુષોત્તમે 9.54 SPI સાથે આઠમો ક્રમ મેળવી કોલેજનું ગૌરવ વધાર્યું છે.

CPI આધારે ટીશા દીપક આહિરે 9.69 CPI સાથે બીજો ક્રમ, જ્યારે ખડટકર ચાંદની દિવાકર અને મિસ્ત્રી મહેક હિમાંશુએ 9.52 CPI સાથે સંયુક્ત રીતે આઠમો ક્રમ મેળવ્યો છે.

આ પરિણામમાં કોલેજની કુલ ૬ વિદ્યાર્થીનીઓ GTU ટોપ-૧૦માં સ્થાન પામવામાં સફળ રહી છે. ઉપરાંત, ૪૭ વિદ્યાર્થીઓએ ૮.૦૦થી વધુ SPI મેળવી કોલેજની શૈક્ષણિક શ્રેષ્ઠતાની પરંપરા યથાવત રાખી છે.

વિદ્યાર્થીઓની આ ઐતિહાસિક અને ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ શ્રી સ્વામિનારાયણ સંસ્થાના અધ્યક્ષ, ટ્રસ્ટીઓ તેમજ કોલેજ પરિવાર દ્વારા તમામ સફળ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## નામધા નદી કિનારેનો માર્ગ ધોવાતાં અકસ્માત





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૫ :** નામધા સ્થિત ગુપ્તેશ્વર મહાદેવ મંદિર તરફ જતો ધોધ ફળિયા નો માર્ગ ભારે વરસાદના કારણે ધોવાઈ જતાં આ માર્ગ પરથી પસાર થતી એક રિક્ષા પલટી મારી ખાડામાં ખાબકી હતી. જોકે, રિક્ષામાં સવાર તમામ મુસાફરો અને ચાલકનો ચમત્કારિક બચાવ થયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ, ગત ૨૩ જુલાઈના રોજ વાપી પંથકમાં પડેલા ભારે વરસાદ તેમજ મધુવન ડેમમાંથી દમણગંગા નદીમાં છોડવામાં આવેલા પાણીના પ્રવાહને કારણે દમણગંગા નદી કિનારે આવેલ નામધા ધોધ ફળિયાથી ગુપ્તેશ્વર મહાદેવ મંદિર તરફ જતો માર્ગ અનેક સ્થળે ધોવાઈ ગયો હતો. માર્ગ પર કાદવ અને ખાડા સર્જાતા વાહનચાલકો માટે જોખમી સ્થિતિ ઊભી થઈ હતી. આ દરમિયાન મંદિર તરફ જઈ રહેલી એક રિક્ષા કાદવમાં સંતુલન ગુમાવતા પલટી મારી માર્ગની બાજુમાં ખાડામાં ખાબકી હતી. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા અને રિક્ષામાં ફસાયેલા મુસાફરોને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાનિ કે ગંભીર ઈજા થઈ નહોતી. સ્થાનિક લોકો અને મુસાફરોના જણાવ્યા અનુસાર, માર્ગની ખરાબ સ્થિતિ ઉપરાંત રિક્ષા ચાલકની બેદરકારી પણ અકસ્માતનું એક કારણ હોવાનું માનવામાં આવી રહ્યું છે.

## અંતે વાપીમાં બલીઠા સબવે ઉપયોગી નિવડયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૫ : વાપી સહિત વલસાડ જિલ્લામાં ગત ૨૩ જુલાઈના રોજ પડેલા ધોધમાર વરસાદ બાદ સર્જાયેલી પૂરની સ્થિતિમાં વાપી શહેરના પૂર્વ-પશ્ચિમ વિસ્તારને જોડતો બલીઠા સબવે વાહનચાલકો માટે આશીર્વાદરૂપ સાબિત થયો છે.

ચોમાસાની શરૂઆતમાં જ રેલ્વે લાઈન પર આવેલ જે-ટાઈપનું મોટું ગરનાળું અને નાનું ગરનાળું વરસાદી પાણીથી છલકાઈ જતા દિવસો સુધી બંધ કરી દેવામાં આવ્યા હતા. તેની સાથે પગપાળા અવરજવર માટે જૂના ફાટક પાસે આવેલો પેલેસ્ટ્રિયન સબવે પણ પાણીથી ભરાઈ જતા સ્વિમિંગ પૂલ જેવી સ્થિતિ સર્જાઈ હતી. પરિણામે પૂર્વથી પશ્ચિમ અને પશ્ચિમથી પૂર્વ જવા માટે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

આવી કટોકટીની સ્થિતિમાં બલીઠા ખાતે આવેલું નવું સબવે હજારો વાહનચાલકો માટે એકમાત્ર વિકલ્પ બન્યું હતું. સત પડતા વરસાદ છતાં આ સબવેમાં પાણી ભરાયા ન હોવાથી તેને સત ખુલ્લો રાખવામાં આવ્યો હતો. સબવેમાં લગાવવામાં આવેલી પાણી ખેંચવાની મોટરોને કારણે વરસાદી પાણીનો તાત્કાલિક નિકાલ થઈ જતા ટ્રાફિક વ્યવહાર વિક્ષેપ વિના ચાલુ રહ્યો હતો. જોકે એક દિવસ બલીઠા સબ સ્ટેશનમાં વીજ સપ્લાય ખોરવાઈ જતા મોટરો બંધ રહેતા સબવેમાં પાણી ભરાવાની શક્યતાના પગલે સાવચેતીના ભાગરૂપે તેને કલાકો માટે બંધ કરવો પડ્યો હતો. વીજ પુરવઠો પુનઃસ્થાપિત થતા જ તંત્રએ સફાઈ કરી સબવેને ફરી વાહન વ્યવહાર માટે શરૂ કરી દીધો હતો. ચોમાસા દરમિયાન દર વર્ષે પૂર્વ-પશ્ચિમના સંપર્ક માટે સર્જાતી સમસ્યાના ઉકેલરૂપે બલીઠા સબવે સ્થાનિકો માટે મોટી રાહત બની રહ્યો છે.




## જિલ્લા-સંઘ પ્રદેશનુ 'મીની બગદાણા'

# સલવાવનો બાપા સીતારામ આશ્રમ





**૨૦૦૩માં નાની મઢીથી શરૂઆત, આજે ૪.૫ એકરમાં ફેલાયેલું આસ્થાનું વિશાળ કેન્દ્ર**

**સંસ્થા પરિચય**
**મુકુન્દ સોની**

વલસાડ જિલ્લા અને સંઘ પ્રદેશ દમણ-દાદરા નગર હવેલીના હજારો ભક્તો માટે સલવાવ હાઈવે નજીક આવેલું બાપા સીતારામ આશ્રમ આજે આસ્થાનું સૌથી મોટું કેન્દ્ર બની ગયું છે. લોકો તેને મીની બગદાણોના નામથી પણ ઓળખે છે. વર્ષ ૨૦૦૩માં સૌરાષ્ટ્રના બે યુવક પરબતભાઈ આહીર, રામજીભાઈ ટાંક અને સુભાષભાઈ પટેલને પૂજ્ય બજરંગદાસ બાપાની મઢી સ્થાપવાનો વિચાર આવ્યો. ૫૦-૬૦ ભક્તો સાથે તેઓ બગદાણા જઈને આશીર્વાદ લઈ આવ્યા અને સલવાવ ખાતે નાની મઢી બનાવી પૂજા શરૂ કરી. શરૂઆતમાં ભક્તોને ચોકલેટ અને બુંદી-ગાંઠિયાનો પ્રસાદ આપવામાં આવતો. સમય જતાં દર પૂનમે ૨૫૦-૩૦૦ લોકો માટે ભંડારો શરૂ થયો.ભક્તોની આસ્થા વધતા માયાભાઈ આહીર અને ફરીદા મિરના ડાયરાનું આયોજન થયું. તેમાંથી મળેલા દાન થકી આશ્રમ માટે જમીન ખરીદવામાં આવી. જમીન માલિકોએ પણ બાપા માટે અડધી કિંમતે જમીન આપી. આજે ભક્તોના સહયોગથી આશરે ૪.૫ એકર જમીન આશ્રમ માટે ઉપલબ્ધ છે. દર પૂનમે હવે ૧૦ થી ૧૫ હજાર ભક્તો દર્શન અને મહાપ્રસાદ માટે ઉમટે છે. અહીં તુલસીવિવાહનો કાર્યક્રમ પણ ભવ્ય રીતે ઉજવાય છે. જેમાં માલધારી સમાજ દ્વારા વિશાલ જાન કાઢવામાં આવે છે અને શાસ્ત્રોક્ત વિધિ પૂર્વક ભગવાન શાલીગ્રામ અને તુલસી માતાનો પ્રસંગ ઉજવાય છે, આ પ્રસંગે માલધારી સમાજ ટન બાંધી શેરડીનો પ્રસાદ વહચે છે, આ ઉત્સવમાં પણ ૧૫ થી ૨૦ હજાર ભકતો જોડાય છે.

આ વર્ષે માર્ચ ૨૦૨૬માં મંદિરની ભવ્ય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ૪ દિવસ ઉજવાયો. ૫ માર્ચે નગરયાત્રા, ૬ માર્ચે પ્રાણપ્રતિષ્ઠા અને લોકડાયરો, ૭ માર્ચે સુંદરકાંડ-પાઠ અને ૮ માર્ચે મૂર્તિ સ્થાપના, ઠાકર જ્યોત અને સંતવાણી યોજાઈ. જયપુરથી લાવવામાં આવેલી પૂજ્ય બજરંગદાસ બાપા, રામ-લક્ષ્મણ-જાનકી અને હનુમાનજીની પ્રતિમાઓની સ્થાપના કરવામાં આવી હતી.

**બાપા સીતારામ આશ્રમ ટ્રસ્ટના ૧૧ ટ્રસ્ટી**

નયનભાઈ માધુ, જીતુભાઈ દાવડા, નિલેશભાઈ આહિર, રણછોડભાઈ પટેલ, સ્નેહલભાઈ પટેલ, જગુભાઈ પટેલ, કાળુભાઈ પટેલ, કનુભાઈ પટેલ, વિમલભાઈ ચૌહાણ, માવજીભાઈ પટેલ અને મિલનભાઈ પટેલ. આ સમગ્ર કાર્યમાં ૧૧ ટ્રસ્ટીઓ અને ૫૧૧ સ્ત્રી-પુરુષ સેવકો તેમજ નામી-અનામી દાતાઓનો મોટો સહયોગ રહ્યો. માલધારી સમાજે ૪ દિવસના ભંડારાની જવાબદારી ઉપાડી હતી.

**આશ્રમની સુવિધાઓ**

બાપા સીતારામ આશ્રમમાં મોટો અને નાનો અન્નપૂર્ણા હોલ, આશ્રમ ઓફિસ, ૨ રસોડા, ૨ માળનો સંત નિવાસ, દવાખાનું અને સેવા રૂમ છે. અહીં ૩૬૫ દિવસ સાધુ-સંતો અને ભક્તો માટે મહાપ્રસાદનું આયોજન થાય છે. કોરોના અને પૂર જેવી આપત્તિમાં સ્વયંસેવકો દ્વારા કાઢી-ખીચડી અને કપડાંનું વિતરણ કરવામાં આવે છે. તેમજ સમયાંતરે વૃક્ષારોપણ કરવામાં આવે છે.તાજેતરના વાપીના પૂરમાં પણ ૫-૬ ગામોમાં રોજ ભોજન પહોંચાડવામાં આવ્યું.



જૂની મઢુલી



ભોજનાલય

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**